# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 7 ■ વિક્રમ સંવત ૨૦૮૨

પૌષ વદ - ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 January 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૮ જાન્યુઆરી ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | ૫ | ૬ | ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u






SCAN FOR TODAY'S GOLD RATE
જૂના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565


## ચૂંટણી જીતવા ભાજપ ભારે કરે છે

# કૉંગ્રેસ, ઓવૈસી સાથે મંગળવારે જોડાણ, બુધવારે ફોક

મુંબઈ: મુંબઈ સહિત મહારાષ્ટ્રની નગરપાલિકાની ચૂંટણીને કારણે ભારતીય જનતા પક્ષ (ભાજપ)થી લઈને સાથી અને વિપક્ષમાં જોરદાર ખેંચાખેંચી ચાલી રહી છે, જ્યારે ૧૬મીનાં પરિણામો પછી પણ મહારાષ્ટ્ર વિવિધ પાલિકાનું ચિત્ર પણ અલગ હશે, પરંતુ સત્તા માટે તમામ પક્ષો કોઈ પણ હદે જઈ શકે એ હકીકત છે. કૉંગ્રેસ મુક્ત ભારતનો નારો આપનારી ભારતીય જનતા પાર્ટી અંબરનાથ નગર પરિષદ (મ્યુનિસિપલ કાઉન્સિલ)માં એકનાથ શિંદે (શિવસેના)ને દૂર રાખવા માટે કૉંગ્રેસ સાથે ગઠબંધન કર્યું હતું, પરંતુ એ ફળ્યું નથી અને કૉંગ્રેસને મંજૂર પણ નથી.

મહારાષ્ટ્રમાં ફરી એક વાર આ કહેવત હકીકત બની છે. હંમેશા મુસ્લિમ હિતની હિમાયત કરતી અસદુદ્દીન ઓવૈસીની આગેવાની હેઠળનાં પક્ષ ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદ-ઉલ-મુસ્લિમીન (એઆઈએમઆઈએમ) અને હિન્દુત્વ મુદ્દે રાજકારણ રમતા પક્ષ

(જુઓ પાનું ૨) ▶▶

# કાયદો તોડ્યો તો દેશનિકાલ: ભારતીય વિદ્યાર્થીઓને અમેરિકાની ચેતવણી

વૉશિંગ્ટન: ભારતમાં અમેરિકાના દૂતાવાસે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને કડક ચેતવણી આપી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે જે લોકો અમેરિકન કાયદાઓનું ઉલ્લંઘન કરશે તેમને દેશનિકાલ કરવામાં આવી શકે છે અને તેમના વિઝા રદ કરી શકાય છે. આ સંદર્ભમાં સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર અમેરિકન દૂતાવાસે પોતાના સોશ્યલ મીડિયા હેન્ડલ પરથી એક પોસ્ટ પર કર્યું છે.

'એક્સ' પર કરવામાં આવેલી પોસ્ટમાં લખ્યું હતું કે અમેરિકાના કાયદાઓનું ઉલ્લંઘન કરવાથી તમારા સ્ટુડન્ટ્સ વિઝા માટે ગંભીર પરિણામો આવી શકે છે. જો તમારી ધરપકડ કરવામાં આવે છે અથવા કોઈપણ કાયદાનું ઉલ્લંઘન કરવામાં આવે છે તો તમારા વિઝા રદ થઈ શકે છે, તમારો દેશનિકાલ કરવામાં આવી શકે છે અને તમે ભવિષ્યમાં અમેરિકાના વિઝા માટે અયોગ્ય બની શકો છો. નિયમોનું પાલન કરો અને તમારી મુસાફરીને જોખમમાં ન નાખો. અમેરિકાના વિઝા એક સુવિધા છે,

(જુઓ પાનું ૨) ▶▶


વેહલો તો પહેલો
Summer Holidays 2026
EARLY BIRD DISCOUNT
પ્યોર વેજ અને જૈન ગ્રુપ ટૂર
EUROPE With Kitchen Caravan
BEST OF EUROPE 14 Days | GRAND EUROPE 18 Days with Italy
USA - 21 Days
SFO - Lake Tahoe - Mammoth Lake Las Vegas - LA - Niagara - Washington Newyork - Orlando
WONDERS OF EUROPE - 13 Days
Prague, Salzburg, Zell Am See, Vienna, Budapest
AUSTRALIA - 13 Days
Sydney - Cairns - Gold Coast - Melbourne
DISCOVER SCANDINAVIA - 13 Days
Copenhagen - Bergen - Oslo Stockholm - Helsinki
બુકિંગ કરતા પહેલા કોઈ પણ બીજા ટ્રાવેલ કંપની સાથે અમારા પેકેજ તપાસો.
બંપર ડિસ્કાઉન્ટ મેળવવાની તક ચૂકશો નહીં!
Guideline® making travel an art!
HEAD OFFICE: 4062 2222 / 96192 51138
GHATKOPAR: 97690 94408
KANDIVALI: 98198 23156

બહેરાપણું
ઓછું સંભળાતા વ્યક્તિઓ માટે
કાનની ઓડિયોમેટ્રી તપાસ
કાનનું મશીન ₹ 4999/- થી શરૂ
અમારી સેવાઓ
- શ્રવણ ક્ષમતાની તપાસ.
- શ્રવણ યંત્રની અન્ય વસ્તુઓ ઉપલબ્ધ.
- શ્રવણ યંત્ર માસિક હપ્તા પર ઉપલબ્ધ
- શાખાઓ - ડેક્કન પુણે, ઔંધ, અહલ્યાનગર
- જૂનું મશીન આપીને નવું મશીન રાહત દરે મેળવો.
- રિચાર્જ પર રીચાર્જેબલ કાનનું મશીન.
ખાસ ઓફર ૨૦% થી ૪૦% ડિસ્કાઉન્ટ
૮ જાન્યુઆરી થી ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ સુધી
હીયર લાઈફ હીયરીંગ સોલ્યુશન
દાદર (પ) - વનમાલી હોલ, પહેલી મંઝિલ, છબીલદાસ હાઈસ્કૂલની સામે, રેલ્વે સ્ટેશનની બાજુમાં.
9822855682/9270653732 www.hearlifehearingsolutions.com




## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ‘સર’ની બબાલ, બોગસ મતદારો માટે જવાબદાર કોણ?

**ઉત્તર** પ્રદેશમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર)ની ડ્રાફ્ટ યાદી જાહેર થઈ એ સાથે જ બબાલનાં ઘર મંડાણાં છે કેમ કે ડ્રાફ્ટ યાદીમાં જૂની મતદાર યાદીમાંથી ૨.૮૯ કરોડ નામ કાપી નાંખવામાં આવ્યાં છે. ડ્રાફ્ટ યાદી પહેલા રાજ્યમાં ૧૫.૪૪ કરોડ મતદારો હતા જ્યારે ડ્રાફ્ટ યાદીમાં ૧૨.૫૫ કરોડ મતદારોના નામ છે. વિપક્ષોએ દેકારો શરૂ કરીને આક્ષેપ કર્યો છે કે, સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર)ના બહાને ચોક્કસ વર્ગના મતદારોનાં નામ કાઢી નંખાયાં છે. આ ચોક્કસ વર્ગ એટલે મુસ્લિમો એવું કહેવાની જરૂર નથી.

કૉંગ્રેસે તો આખી પ્રક્રિયાને મોટું કાવતરું ગણાવીને તપાસની માગ પણ કરી નાંખી છે. કૉંગ્રેસનું કહેવું છે કે, યુપીમાં લોકશાહીની હત્યા થઈ રહી છે અને ૧.૧૩ કરોડ મતદારોને અપાયેલાં ફોર્મ પાછાં કેમ નથી આવ્યાં તેની તપાસ કરવી જરૂરી છે. સમાજવાદી પાર્ટીએ પણ તેમાં સૂર પુરાવ્યો છે કેમ કે, આ બહાને મુસ્લિમોને રાજી કરવાનો મોકો મળશે. સપાનો આક્ષેપ છે કે, ચૂંટણી પંચ ભાજપનું પાલતુ બનીને વર્તી રહ્યું છે ને ભાજપને ફાયદો કરાવવા માટે આખો ખેલ કરી રહ્યું છે.

કૉંગ્રેસ સહિતના વિપક્ષો પહેલેથી સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર)ને શંકાસ્પદ ગણાવી રહ્યાં છે તેથી તેમના આક્ષેપોમાં નવું કશું નથી પણ સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર)માં જે રીતે લાખોની સંખ્યામાં મતદારોનાં નામ કમી થઈ રહ્યાં છે તેના કારણે આખો મામલો શંકાસ્પદ તો બની જ ગયો છે. અત્યારે યુપીની ડ્રાફ્ટ યાદી બહાર પડી તેથી યુપી ચર્ચામાં છે પણ જે પણ રાજ્યોમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર)ની પ્રક્રિયા પૂરી થઈ છે ત્યાં બધે લાખોની સંખ્યામાં મતદારો ઘટ્યા છે એ જોતાં ચૂંટણી પંચની ખોરી દાનતની સાથે સાથે અત્યાર લગી શું કરતું હતું એ સવાલ પણ ઉઠે છે.

યુપીમાં જૂની મતદાર યાદીના ૧૮.૭૨ ટકા મતદારોનાં નામ નવી ડ્રાફ્ટ મતદાર યાદીમાં નથી. મતલબ કે, દર ૧૦૦ માંથી ૧૯ મતદારોના નામ ઊડી ગયાં છે. જેમનાં નામ નથી એવા ૨.૮૯ કરોડ મતદારોમાંથી ૪૬.૨૩ લાખ મૃત્યુ પામ્યા છે તેથી તેમના વિશે શંકા ના કરી શકાય પણ ૨૫.૪૭ લાખ ડુપ્લિકેટ અથવા નકલી મતદારો હતા એવું બહાર આવ્યું છે. બીજી તરફ ૨.૧૭ કરોડ મતદારોનું શું થયું એ વિશે તો કોઈ સ્પષ્ટતા જ નથી.

આ મતદારોએ કાં સ્થળાંતર કર્યું છે કાં ગાયબ થઈ ગયા છે એવું ચૂંટણી પંચે કહ્યું છે. આટલી મોટી સંખ્યામાં મતદારોએ સ્થળાંતર કર્યું હોય એ શક્ય નથી લાગતું. માનો કે તેમાંથી અડધા લોકોએ સ્થળાંતર કર્યું હોય તો પણ એક કરોડનો આંકડો થાય. ૧ કરોડ લોકો યુપીથી બીજે જતા રહ્યા એ વાત ગળે ઉતારવી અઘરી છે છતાં એ વાત માની લઈએ તો પણ બાકીના લગભગ સવા કરોડનું શું થયું તેનો તો સ્પષ્ટ જવાબ જ નથી મળતો. આ સવા કરોડ બાંગ્લાદેશી, રોહિંગ્યા કે કોઈ ત્રીજા દેશમાંથી આવેલા લોકો હતા ને સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર)થી ફફડીને ભાગી ગયા?

બંગાળમાં ભાજપના નેતા એવા દાવા કરે જ છે કે, સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર)થી ડરીને બાંગ્લાદેશીઓ ભાગી રહ્યા છે ને ભારત-બાંગ્લાદેશને અલગ કરતી નદીમાં ભૂસકા મારીને પોતાના દેશ જઈ રહ્યા છે. યુપીમાં પણ એવું થયું છે ? ખબર નથી. યુપીમાં ભાજપની સરકાર છે એટલે ભાજપના નેતા ચૂપ છે. યુપીમાં લગભગ ૯ વર્ષથી ભાજપની સરકાર છે અને યોગી આદિત્યનાથ મુખ્યમંત્રી છે. એ છતાં આટલી મોટી સંખ્યામાં બહારનાં લોકો અહીં જામી ગયાં હોય ને મતદાર યાદીમાં આવી ગયાં હોય તો બહુ મોટી નાલેશી કહેવાય એટલે ગેરકાયદે રીતે ભારતના નાગરિક બની ગયેલા લોકો કઈ નદીમાં ભૂસકા મારી રહ્યા છે કે કઈ તરફ ભાગી રહ્યા છે તેનો સ્પષ્ટ જવાબ નથી મળવાનો.

જો કે આ સ્થિતિ દરેક રાજ્યમાં છે. અત્યાર સુધીમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર)ની ડ્રાફ્ટ યાદી જાહેર થઈ એ રાજ્યો પર નજર નાંખશો તો આ વાત સમજાશે. જે ૧૨ રાજ્યોમાં સરનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો છે તેમાં કુલ ૬.૫૯ કરોડ મતદારોના નામ ડ્રાફ્ટ મતદાર યાદીમાં નથી. સર પહેલાં આ રાજ્યોમાં ૫૦.૯૭ કરોડ મતદારો હતા અને ચકાસણી પછી ૪૪.૩૮ કરોડ મતદારો જ રહેતાં લગભગ ૬.૫૯ કરોડ મતદારોના નામ ઊડી ગયાં છે. મતલબ કે, ૧૨ રાજ્યોની જૂની મતદાર યાદીનાં કુલ મતદારોમાંથી ૧૨.૯૩ ટકા મતદારોનાં નામ ડ્રાફ્ટ યાદીમાં નથી. દર ૧૦૦ મતદારોએ લગભગ ૧૩ નામ કપાઈ ગયાં છે.

આ પૈકી અડધા એટલે કે સાત ટકા મતદારો એવા ગણીએ કે જેમનાં નામ પંચે નક્કી કરેલા પુરાવા રજૂ કરવાથી અંતિમ મતદાન યાદીમાં આવી જાય તો પણ છ ટકા મતદારોનાં નામ તો ઉડી જ જાય એવો ખતરો છે. એક રીતે કહીએ તો આ બધા બોગસ મતદારો જ કહેવાય. હવે આટલી મોટી સંખ્યામાં બોગસ મતદારો હોય તો ચૂંટણી પ્રક્રિયા કઈ રીતે નિષ્પક્ષ કહેવાય? ટૂંકમાં સરના કારણે આપણી ચૂંટણી પ્રક્રિયા જ શંકાના દાયરામાં આવી ગઈ છે.

આપણે ત્યાં એક-બે ટકા મતદારો આમ-તેમ થાય તેમાં તો સરકાર બદલાઈ જતી હોય છે ત્યારે આ વધારાના છ ટકા મતદારો આવી ગયા તેના કારણે આવેલા પરિણામો પણ વિશ્વસનિય ના જ ગણાય. ૨૦૦૨ પછી કૉંગ્રેસે ૧૦ વર્ષ રાજ કર્યું ને ભાજપ અટલ બિહારી વાજપેયીનાં ૨ વર્ષ ને નરેન્દ્ર મોદીનાં ૧૧ વર્ષ મળીને ૧૩ વર્ષ સત્તામાં રહ્યો એ જોતાં આ સરકારો ખરેખર જનાદેશથી સત્તામાં આવેલી કે બોગસ મતદારોના કારણે સત્તામાં આવી હતી એ પણ સવાલ છે.

જો કે મોટો સવાલ એ છે કે, આટલી મોટી સંખ્યામાં બોગસ મતદારો આવી ગયા તો ચૂંટણી પંચ શું કરતું હતું? મતદાર યાદીઓ બનાવવાનું કામ ચૂંટણી પંચનું છે પણ પંચે ધ્યાન ના રાખ્યું તેમાં બોગસ મતદારો ઘૂસી ગયા. ચૂંટણી પંચ એ માટે જવાબદાર ગણાય પણ ભારતમાં એવી જવાબદારીની ભાવના જ નથી તેથી ખાલી આક્ષેપબાજી ચાલ્યા કરે છે.

સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર) ના કારણે ભારતની સિસ્ટમની એક બહુ મોટી ખામી તરફ આખી દુનિયાનું ધ્યાન ગયું છે. ભારતમાં મતદાર બનવા માટે નાગરિક હોવું જરૂરી છે પણ ભારતમાં નાગરિકતા માટે સિંગલ ડોક્યુમેન્ટ જ નથી તેની આ બધી મોંકાણ છે. કમનસીબી એ છે કે, કોઈ આ દિશામાં વિચારતું જ નથી. દેશની નાગરિકતા માટે કોઈ એક જ દસ્તાવેજને માન્ય રખાય તો કોઈ મગજમારી જ ના થાય પણ તેની વાત નથી સરકાર કરતી, નથી વિપક્ષો કરતા કે નથી ચૂંટણી પંચ કરતું. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ, ગુરુવાર, તા. ૮-૧-૨૦૨૬

- ભારતીય દિનાંક ૧૮, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ વદ-૬
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ વદ-૬
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૦મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની બપોરે ક. ૧૨-૨૩ સુધી પછી, ઉત્તરા ફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં સાંજે ક. ૧૮-૩૮ સુધી, પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૫, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૯, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૫-૨૭, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૪૫ (તા. ૧૦)
- ઓટઃ સવારે ક. ૦૯-૪૨, રાત્રે ક. ૨૧-૨૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - ષષ્ઠી. ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૩૧-૦૫ (તા. ૯).
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ગુરુ-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, નૌકા બાંધવી, માલ વેંચવો, ખેતીવાડીના કામકાજ, ધાન્ય ઘરે લાવવું, સ્થાવર લેવડદેવડ, પશુ લેવડદેવડ, ઘર-ખેતર-જમીન મકાન, શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા, ખાખરાના વૃક્ષનું પૂજન.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય ત્રિકોણ સર્વાંગી ઉદય, ચંદ્ર-શુક્ર ત્રિકોણ કળાપ્રેમી, ચંદ્ર-મંગળ ત્રિકોણ પ્રવૃત્તિપ્રિય શુક્ર-મંગળ પ્રતિયુતિ ઉડાઉ સ્વભાવ, ચંદ્ર-શુક્ર યુતિ ખોટા નિર્ણયો લે, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ સ્વતંત્ર પ્રકૃત્તિના,ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ અવ્યવહારુ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય ત્રિકોણ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ, ચંદ્ર-મંગળ ત્રિકોણ, શુક્ર-મંગળ પ્રતિયુતિ, ચંદ્ર-શુક્ર યુતિ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ (તા. ૯), ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ (તા. ૯)
- ગ્રહગોચરઃ સૂર્ય ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ-ધનુ (બુધ અસ્ત), વક્રી ગુરુ-મિથુન, શુક્ર-ધનુ (શુક્ર અસ્ત), માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# ‘જિંદગી કા સફર’ સમજી લેવાનો સમયઃ શું અલ્લાહ ઈન્સાન જાત પરથી પોતાનો વિશ્વાસ ગુમાવી રહ્યો છે...?

‘...જે મોમીન; નખશિખ મુસલમાન છે,

- જે આખેરત; મૃત્યુલોકના અમર જીવન અર્થાત્ પરલોક પર ઈમાન; આસ્થા; સચ્ચાઈ રાખે છે, તે કોઈપણ વ્યક્તિને કષ્ટ આપતો હોતો નથી. આવો ઈન્સાન કોઈને પણ ઈજા પહોંચાડતો નથી, કારણ કે તે એક સાચો (નામનો નહીં) મુસલમાન; અલ્લાહનો બંદો હોય છે.

- ઈમાન; સચ્ચાઈનો આ તકાઝો છે કે મોમીન કોઈ પણ ધર્મ-જ્ઞાતિના, સમાજ - જમાતના ગમે તેના હોય કદી કોઈને દુઃખ પહોંચાડતો નથી.

- માણસ માત્રનું સર્જન અલ્લાહ, ઈશ્વર, પ્રભુ, ગૉડે કર્યું છે. જગતકર્તાને કોઈપણ શબ્દથી સંબોધો તે સર્વત્ર છે. જીવમાત્ર, સાથે હમદર્દી દાખવવી એ તેનો નિયમ છે...!’ (ભાવાનુવાદ ‘હદીસ’.)

- મઝહબે ઈસ્લામની હિદાયત; જ્ઞાન, ઉપદેશ એ છે કે, એક મુસલમાનની જિંદગી અમન; શાંતિ; શુકુનની હોવી જોઈએ અને એ ત્યારે શક્ય બને છે કે,

* જીવમાત્રને તેના થકી કોઈ તકલીમ; કષ્ટ પહોંચવો જોઈએ નહીં, પરંતુ અફસોસ સાથે નોંધવું પડે છે કે બીજાને, પછી ગમે તે હોય, કષ્ટ પહોંચાડવામાં જોહુકમી કરવામાં હાથ અથવા ઝબાન (જીભ) ચાલે છે આ એક નિંદિનય - અપરાધને પાત્ર ગુનો છે જેને દીને ઈસ્લામ પસંદ કરતો નથી. તેમજ આ બંને વાતોથી દૂર રહેવા, તેને કાબૂમાં, નિયંત્રણમાં રાખવા ભારપૂર્વક આદેશ માનવ માત્ર આપે છે.

વહાલા શ્રદ્ધાળુ વાચક મિત્રો! તકલીફો અને ઈજા ચાર પ્રકારની હોય છેઃ

૧. અંગ અને શારીરિક,
૨. માલ-મિલકત, ધન-દૌલત,
૩. દિલ-હૃદયને દુઃખ પહોંચે તેવી વર્તણૂકને અંજામ આપવો અને
૪. ઈઝઝત - આબરૂના ધજાગરા કરવા

- વ્હાલા વાચક બિરાદરો!

- ઈસ્લામના આદેશમાંથી એ બોધ મળી રહેવા પામે છે કે મોટે ભાગે ઈજા પહોંચાડવામાં હાથ અને જીભનો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે કોઈનું ખૂન કર્યું, કોઈને મારધાડ કરવામાં આવી જેવી બાબત શરીરની તકલીફ કહેવાય અથવા કોઈને માર્યો તો નહીં, પરંતુ હથિયાર ચાકુ છૂરી બતાવી ધાકધમકી આપી આ હાથ વડે દિલને ઝફાહાની - તકલીફ આપવું કહેવાય.

કોઈનો માલ ચોરી કરવો, છીનવી લેવો, નુકસાન કરવું, ગાળગલોચ કરવી, આક્ષેપ મૂકવો, કૂટેવો મોં પર કહી દેવી કે પીઠ પાછળ ચર્ચા કરવી, આ જીભ વડે બીજાની આબરૂ - ઈજ્જતનું નુકસાન થયું. કોઈને બીજાનો માલ ચોરી કરવાની સલાહ આપી અને તેણે ચોરી લીધો તો આ જીભ વડે માલનું નુકસાન કર્યું કહેવાય છે.

વહાલા વાચક બિરાદરો! માનવ માત્ર સાથે મહોબ્બતથી વહેવાર કરોઃ ‘કોઈ દેખે યા ના દેખે અલ્લાહ દેખ રહા હૈ...!’ - અલ્લાહ, ઈશ્વર, ગોડ, પ્રભુ, ભગવાન... ગમે તે નામ કહો, આપો... તે રોમેરોમમાં વસે છે, તે સર્વત્ર છે. ભિતરના સઘળા ભેદને તે જાણે છે.

સમર્પણ ભાવના, સમજણ, સદાચરણ હોય તો જ સત્યને અનુસરવાની પ્રેરણા મળે છે.

**પ્રેરણાસ્ત્રોતઃ**

- પ્રિય વાચક મિત્રો!

* જિંદગી સમયની બનેલી છે અને તમે જો જિંદગીને ચાહતા હો તો સમયને વડફી નાખશો નહીં.

* * *

**કુદરતે ઈલાહી**

- અલ્લાહે જ્યારે આ ધરતીનું સર્જન કર્યું ત્યારે તે કાંપતી, ધ્રૂજતી અને અસ્થિર હતી, તે ત્યાં સુધી કે અલ્લાહતઆલાએ તેના પર પર્વતો જડી દીધા નહીં!

- સૃષ્ટિના સર્જનહારના આ ચમત્કારને જોઈ એક ફરિશ્તા (દેવદૂત)એ વિનંતી કરી કે, ‘તારી મખ્લૂક (તમામ જીવ, પ્રાણી)માં પર્વતો કરતાંય વધારે શક્તિશાળી કોઈ ચીજ છે ખરી?’

- સૃષ્ટિના મહાન સર્જનહારે જવાબ આપ્યો કે, ‘હા! પર્વતો કરતાંય વધુ તાકાતવર ચીજ લોઢું છે. લોઢું પર્વતો કરતાંય વધુ શક્તિશાળી એટલા માટે છે કે, તે પર્વતોને તોડી શકે છે.’

- ‘અને શું તારી મખ્લુકમાં કોઈ વસ્તુ લોઢા કરતાંય વધારે શક્તિશાળી છે ખરી?’

- ઉત્તર મળ્યો, ‘હા, આગ (અગ્નિ) વધારે શક્તિશાળી છે જે લોઢાને પીગળાવી દે છે.’

- ‘શું આગ કરતાંય વધુ તાકાતવર કોઈ ચીજ છે?’

- ‘હા, પાણી છે, જે આગને ઓલવી નાખે છે.’

- ‘હે અલ્લાહ, તારી મખ્લુકમાં પાણી કરતાંય વધારે શક્તિશાળી કોઈ ચીજ છે ખરી?’ આશ્ચર્યથી ફરિશ્તાએ પૂછ્યું.

‘- હા, પવન છે જે પાણી પર કબજો જમાવી લે છે અને તેને ઉડાડતી ફરે છે.’

- ‘યા અલ્લાહ! હવા કરતાંય તારી મખ્લૂકમાં બીજી કઈ ચીજ છે જે સૌથી વધુ શક્તિશાળી, જોમવંતી છે?’

- અને જવાબ મળ્યો, ‘હા, એક નેક અને ભલો ઈન્સાન, જે જમણા હાથે કરેલ દાન ડાબા હાથ સુધ્ધાંને ખબર પડવા દેતો ન હોય તે મારા તમામે તમામ સર્જનોમાં સર્વશ્રેષ્ઠ સર્જન છે.

**ધર્મજ્ઞાનઃ**

- દુનિયાના કોઈ પણ ધર્મનો અભ્યાસ કરો.

- નેક - ભલાઈ - ઈન્સાનિયત, માનવતાનું કામ કરનારાને વગર થાંભલે ઊભેલા આકાશના થાંભલા - સ્તંભ કહ્યા છે, અને આવા ઈન્સાનિયતને ઉજાગર કરતા કાર્યને લીધે જ દિવસ પછી રાત, રાત પછી દિવસ ઊગે છે. આ એકધારા ચાલી રહેલા નિયમથી સાબિત થાય છે કે હજુ સુધી અલ્લાહે માણસજાત પરથી વિશ્વાસ ગુમાવ્યો નથી. સૃષ્ટિનો સર્જક

* મહાન છે,
* દયાળુ અને દાતા છે.

- જોકે તેની દયા સામે ઈન્સાન બેદરકાર બનતો જઈ રહ્યો છે.

* કયામત, આખરી ફેસલો, ન્યાયનો દિવસ બનતા બનાવો, આફતોથી સ્પષ્ટ થાય છે કે માણસ હયાતીમાં જ નજરોનજર જોઈ લે, અનુભવ કરી લે અને પ્રેરણા લઈ, સચ્ચાઈના માર્ગે પાછો વળી જાય.

- દુનિયા આખીમાં આવી અરાજકતા બાપદાદાના સમયમાં પણ નહોતી બની. કલ્પના સુધ્ધાં નહોતી કે આવું પણ બની શકે છે...!

જિંદગી કા સફર, હય યહ કયસા સફર,
કોઈ સમજા નહીં, કોઈ જાના નહીં...!

* * *

**સાપ્તાહિક સંદેશઃ**

‘...શું તેં નથી જોયું કે અલ્લાહે આકાશો અને પૃથ્વીને જેવા જોઈએ તેવા બનાવ્યા.

* જો તે ચાહે, ઈચ્છે તો તમારો નાશ કરી નાખે અને તમારી જગ્યાએ બીજી કોમ લઈ આવે.

* અને એ કામ અલ્લાહ માટે કાંઈ જ મુશ્કેલ નથી. (પવિત્ર કુરાનની સુરા, પ્રકરણ ઈબ્રાહિમની આયત (વાક્ય, કથન ૧૮થી ૨૦નું સંક્ષિપ્તમાં ભાવાનુવાદ). ■

# ભારતની આર્થિક વિકાસની તેજ દોડઃ ૭.૪ ટકાના જીડીપી વૃદ્ધિદરનો અંદાજ

નવી દિલ્હીઃ બુધવારે જાહેર કરાયેલા સરકારી આંકડા મુજબ, ભારતીય અર્થતંત્ર ૨૦૨૫-૨૬ માં ૭.૪ ટકાના દરે વૃદ્ધિ પામવાની સંભાવના છે, જે પાછલા નાણાકીય વર્ષમાં ૬.૫ ટકા હતું, જે મુખ્યત્વે ઉત્પાદન અને સેવા ક્ષેત્રોના સારા પ્રદર્શનને કારણે છે.

પહેલી ફેબ્રુઆરીએ રજૂ થનારા કેન્દ્રીય બજેટની તૈયારીમાં આગોતરા અંદાજના ડેટાનો ઉપયોગ કરવામાં આવે છે. મીનિસ્ટી ઑફ સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ દ્વારા જાહેર કરાયેલા રાષ્ટ્રીય આવકના પ્રથમ આગોતરા અંદાજ અનુસાર, ઉત્પાદન અને બાંધકામ ૭ ટકાનો વિકાસ દર હાંસલ કરવાનો અંદાજ છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં અંદાજિત વાસ્તવિક જીવીએ (કુલ મૂલ્ય વર્ધિત) વૃદ્ધિ દર ૭.૩ ટકામાં સેવા ક્ષેત્રનો ઉત્સાહી વિકાસ મુખ્ય ચાલકબળ હોવાનું જાણવા મળ્યું છે. જોકે, ૩૧ માર્ચે પૂરા થતા ચાલુ નાણાકીય વર્ષમાં કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો અને ‘વીજળી, ગેસ, પાણી પુરવઠો અને અન્ય ઉપયોગિતા સેવાઓ’ ક્ષેત્રોમાં મધ્યમ વૃદ્ધિ દર જોવા મળવાનો અંદાજ છે.

મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે ૨૦૨૫-૨૬ દરમિયાન નોમિનલ જીડીપી અથવા વર્તમાન ભાવે જીડીપી ૮ ટકાના દરે વધવાનો અંદાજ છે. ■

# ઑપરેશન સિંદૂર રોકવાનું ભારતને કહોઃ પાકિસ્તાને અમેરિકા પર ૬૦ ફોન કર્યા હતા

નવી દિલ્હીઃ પાકિસ્તાની આતંકવાદીઓએ પહલગામમાં કરેલા આતંકી હુમલાનો ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા જડબાતોડ જવાબ આપ્યો હતો. ભારતના ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાને વોશિંગ્ટનમાં સઘન લોબિંગ શરૂ કર્યું હતું. પાકિસ્તાને વર્ષ ૨૦૨૫માં ટ્રમ્પ સરકાર અને મુખ્ય અમેરિકન સંસ્થાઓ સુધી પહોંચવા માટે માત્ર ટૂંકા ગાળામાં પચાસ લાખ અમેરિકન ડોલર એટલે કે લગભગ ૪૫ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા. આ ધડાકો અમેરિકન ફોરેન એજન્ટ્સ રજિસ્ટ્રેશન એક્ટ(એફએઆરએ) હેઠળ થયેલા નવા ખુલાસામાં થયો છે.

આ દસ્તાવેજો આ લોબિંગને ભારતના ઓપરેશન સિંદૂરના લીધે શરૂ થયેલી ‘કટોકટી કૂટનીતિ’ ગણાવે છે. તેમાં જણાવાયું છે કે પાકિસ્તાની રાજદ્વારીઓ અને લોબિસ્ટોએ ઇમેઇલ, ફોન કોલ, ટેક્સ્ટ મેસેજ અને રૂબરૂ બેઠકો દ્વારા અમેરિકન અધિકારીઓનો લગભગ ૬૦ વખત સંપર્ક કર્યો હતો. એફએઆરએ ફાઇલિંગ મુજબ પાકિસ્તાને ઘણી યુએસ લોબિંગ અને લો કંપનીઓને હાયર કરી હતી. જેને દસ્તાવેજોમાં કટોકટી વ્યવસ્થાપન, લશ્કરી અને રાજદ્વારી પહોંચ, આર્થિક પહોંચ અને અમેરિકન સિસ્ટમના ઉચ્ચતમ સ્તરે મીડિયા જોડાણ તરીકે વર્ણવવામાં આવ્યું છે.

સ્કવાયર પેટન બોગ્સ દ્વારા ફાઇલ કરાયેલી માહિતી પરથી જાણવા મળે છે કે પાકિસ્તાની પ્રતિનિધિઓએ ઓપરેશન સિંદૂર સંબંધિત ભારત-પાકિસ્તાન તણાવની ચરમસીમાએ ઘણા અમેરિકન સાંસદનો સંપર્ક કર્યો હતો. આ સંપર્કનો હેતુ સંઘર્ષની સંભાવના વચ્ચે અમેરિકાને હસ્તક્ષેપ કરવાનો આગ્રહ કરવાનો હતો. પાકિસ્તાને સીડેન લો એલએલપી અને જેવલિન એડવાઇઝર્સને પણ હાયર કર્યા હતા.

દસ્તાવેજો દર્શાવે છે કે પાકિસ્તાની રાજદ્વારીઓ અને લોબિસ્ટોએ અમેરિકી કોંગ્રેસના સભ્યો અને તેના ચીફ ઓફ સ્ટાફ, પેન્ટાગોન, વિદેશ વિભાગ અને વાઇટ હાઉસ સિસ્ટમના અધિકારીઓનો સંપર્ક કર્યો હતો અથવા તેમની સાથે મુલાકાત કરી હતી. આ ખુલાસાઓમાં વોલ સ્ટ્રીટ જર્નલ અને ન્યૂ યોર્ક ટાઇમ્સ જેવા મુખ્ય મીડિયા સંગઠનોનો સંપર્ક કરવાનો પણ ઉલ્લેખ છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### કૉંગ્રેસ, ઓવૈસી

ભારતીય જનતા પાર્ટી(ભાજપ)એ ગઠબંધન કર્યું છે.

આ ગઠબંધનમાં ભાજપ અને એઆઈએમઆઈએમ સિવાય એવા વિરોધી પક્ષો સામેલ થયા જેના નેતાઓ એક બીજાની સામે આવતા બાખડી પડતા હોય છે. ‘અકોટ વિકાસ મંચ’ ભાજપ અને એઆઈએમઆઈએમ સિવાય શિવસેના (એકનાથ શિંદે), શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ), એનસીપી (અજિત પવાર), એનસીપી (શરદ પવાર) અને બચ્ચુ કડુની પ્રહાર જનશક્તિ પાર્ટી પણ સામેલ થઇ. કોંગ્રેસ અને ઓવૈસીના પક્ષ સાથે મંગળવારે જોડાણ કર્યું અને બુધવારે એ ફોક કર્યું હતું.

જોકે, આ બાબતે મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસનું નિવેદન સામે આવ્યું છે. દેવેન્દ્ર ફડણવીસે કહ્યું છે કે આવા જોડાણો અસ્વીકાર્ય છે અને તેને રદ કરવામાં આવશે. હું સ્પષ્ટપણે કહી રહ્યો છું કે કોંગ્રેસ કે એઆઈએમઆઈએમ (ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદુલ મુસ્લિમીન) સાથે કોઈપણ ગઠબંધન સ્વીકારવામાં આવશે નહીં. જો કોઈ સ્થાનિક નેતાએ જાતે આવો નિર્ણય લીધો હોય, તો તે શિસ્તની દૃષ્ટિએ ખોટો છે અને કાર્યવાહી કરવામાં આવશે, ફડણવીસે દિવસની શરૂઆતમાં જણાવ્યું હતું.

એકનાથ શિંદેને અલગ રાખીને રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એનસીપી)ને સાથે રાખ્યું હતું, પરંતુ હવે કૉંગ્રેસ પાર્ટીએ સૌથી મોટો ચોંકાવનારો નિર્ણય લીધો છે. પાર્ટીએ ગઠબંધન નહીં કરીને કૉંગ્રેસના ૧૨ નગરસેવકને સસ્પેન્ડ કરી દીધા છે. પાર્ટીએ પણ પોતાનો સ્પષ્ટ મત આપ્યો છે કે ગઠબંધન તો કોઈ પણ કાળે કરવામાં આવશે નહીં.

મહારાષ્ટ્ર પ્રદેશ કૉંગ્રેસ કમિટી (એમપીસીસી)ના ઉપાધ્યક્ષ ગણેશ પાટીલે કહ્યું કે અંબરનાથ કૉંગ્રેસના બ્લોક પ્રમુખ પ્રદીપ પાટીલને એક પત્ર લખવામાં આવ્યો છે. આ પત્રમાં ભાજપને ટેકો આપવા મુદ્દે અંબરનાથ બ્લોકના પ્રમુખ પ્રદીપ પાટીલને સલાહ પણ આપવામાં આવી છે.

વધુમાં જણાવ્યું છે કે અમે કૉંગ્રેસના પ્રતીક પર ચૂંટણી લડ્યા છીએ અને ૧૨ સીટ જીત્યા છે, પરંતુ રાજ્યના નેતૃત્વ યા પાર્ટીની સ્ટેટ ઓફિસને જાણ કર્યા વિના ભાજપ સાથે ગઠબંધન કર્યું છે. આ સારી વાત નથી. આ જ કારણસર પ્રદેશપ્રમુખના નિર્દેશ અનુસાર તમને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે છે. કૉંગ્રેસ પ્રદેશ પ્રમુખ હર્ષવર્ધન સપકાળએ સખત વલણ અપનાવતા કહ્યું છે કે કોઈ પણ રીતે ભાજપ સાથે ગઠબંધન માન્ય રાખવામાં આવશે નહીં અને એવા નેતાઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવશે.

અંબરનાથ એકનાથ શિંદેનો ગઢ માનવામાં આવે છે. અહીં એકનાથ શિંદેના દીકરા શ્રીકાંત શિંદે સાંસદ છે. નગર પરિષદની ચૂંટણીમાં કુલ ૬૦ બેઠકમાંથી ભાજપને પક્ષે ૧૪, શિવસેના ૨૭, કૉંગ્રેસ ૧૩, એનસીપી ચાર અને અપક્ષની કુલ બે બેઠક હતી. બહુમતી માટે ૩૦ બેઠક જરૂરી હતી. ચૂંટણીમાં ભાજપનાં તેજશ્રી કરંજુલે મેયર તરીકે ચૂંટાયા હોવા છતાં પાર્ટીને બહુમતી મળી નહોતી. સત્તા મેળવવા માટે ૩૨ નગરસેવકમાં ભાજપના ૧૬, કૉંગ્રેસના ૧૨ અને ચાર રાષ્ટ્રવાદી (અજિત પવાર જૂથ) ગઠબંધન બનાવ્યું હતું. અને ભાજપ અને કૉંગ્રેસ ગઠબંધનને અંબરનાથ વિકાસ આઘાડીનું નામ આપવામાં આવ્યું હતું. પાર્ટીના જ નેતાઓએ આ ગઠબંધનને વિચિત્ર ગણાવ્યું હતું, જ્યારે એનો વિવાદ પણ જાગ્યો હતો. જોકે, ભાજપને કોંગ્રેસ સાથે ગઠબંધન કરવામાં નિષ્ફળતા મળી છે, પરંતુ શિંદેના ગઢમાં ગાબડું પાડવામાં સફળ રહ્યા નથી એમ રાજકીય નિષ્ણાતોએ જણાવ્યું હતું. ■

### કાયદો તોડ્યો તો

અધિકાર નથી. નોંધનીય છે કે દૂતાવાસે એચ-વન બી અને એચ-ફૉર વર્ક વિઝા અરજદારોને ચેતવણી આપી હતી, જેમાં જણાવ્યું હતું કે અમેરિકન ઇમિગ્રેશન કાયદાઓનું ઉલ્લંઘન કરવાથી ગંભીર ફોજદારી દંડ થઈ શકે છે. કડક વિઝા નિયમો વચ્ચે ગયા વર્ષે અમેરિકામાં નવા આંતરરાષ્ટ્રીય એનરોલમેન્ટમાં ૧૭ ટકાનો ઘટાડો થયો હતો, જેમાં વિદ્યાર્થી વિઝા પર આવનારાઓની સંખ્યામાં ૧૭ ટકાનો ઘટાડો થયો હતો. દરમિયાન એચ-વન બી વિઝા માટે અરજદારો લાંબા સમયથી રાહ જોઈ રહ્યા છે.

અમેરિકાની સરકાર દ્વારા નીતિગત ફેરફારો રજૂ કર્યા પછી ભારતમાં અમેરિકન દૂતાવાસમાંથી ઘણી વિઝા અપોઇન્ટમેન્ટ્સ મહિનાઓ સુધી રદ કરવામાં આવી હતી અથવા મુલતવી રાખવામાં આવી હતી. ગેરકાયદેસર સ્થળાંતર અંગે પણ દૂતાવાસે કહ્યું હતું કે ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સ હિંસક કાર્ટેલ, માનવ તસ્કરો અને ભ્રષ્ટ અધિકારીઓના નિશાના પર હોય છે. ■

# અભિનેતાના બંગલોમાંથી ₹૧.૩૭ કરોડની મતા ચોરનારાની ધરપકડ

મુંબઈઃ અંધેરીમાં અભિનેતા અભિમન્યુ સિંહના બંગલોમાંથી ઘરેણાં અને રોકડ સહિત ૧.૩૭ કરોડ રૂપિયાની મતાની ચોરીનો કેસ ઓશિવરા પોલીસે ઉકેલી કાઢીને રીઢા આરોપીની ધરપકડ કરી હતી. આરોપીની ઓળખ મનોજ મોહન રાઠોડ તરીકે થઇ હોઇ તેની પાસેથી ૧.૨૬ કરોડ રૂપિયાની મતા જપ્ત કરાઇ હતી. આરોપી વિરુદ્ધ વર્સોવા અને ઓશિવરા પોલીસ સ્ટેશનમાં ૧૪થી વધુ ગુના દાખલ છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

અંધેરી પશ્ચિમ સ્થિત લોખંડવાલામાં મેગ્નમ ટાવર ખાતે અભિનેતાના બંગલોમાં ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ની રાતના ચોરી થઇ હતી. અભિમન્યુની ૮૨ વર્ષની માતાએ આ પ્રકરણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

અભિમન્યુની માતા ૨૯ ડિસેમ્બરે પુત્રવધૂ સાથે બહાર ગઇ હતી. સાંજે તેઓ પાછા ફર્યા હતા અને રાતે જમ્યા બાદ સૂઇ ગયા હતા. મોડી રાતે માતા જાગી જતાં તેને બેડરૂમમાં અવાજ સંભળાયો હતો. આથી તે જોવા માટે ત્યાં ગઇ ત્યારે બેડરૂમનો દરવાજો ખુલ્લો હતો. બીજી તરફ બાથરૂમની બારી પણ ખૂલેલી હતી. થોડા સમય બાદ વૃદ્ધા પાછી સૂવા જતી રહી હતી.બીજે દિવસે સવારે તેણે આની જાણ પુત્રવધૂને કરી હતી. આથી પુત્રવધૂએ બેડરૂમમાં જઇ તપાસ કર્યા બાદ ચોરીની ઘટના પ્રકાશમાં આવી હતી, જેને પગલે ઓશિવરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કર્યા બાદ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કર્યા બાદ ગુનામાં સંડોવાયેલા મનોજ રાઠોડને ઝડપી પાડ્યો હતો. ■

# છત્રપતિ શિવાજી મહારાજ અંગેનું પ્રકરણઃ ૨૨ વર્ષે પ્રકાશકે માફી માગી

પુણેઃ ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ (ઓયુપી) ઇન્ડિયાએ બે દાયકા કરતાં વધુ સમય પહેલાં પ્રકાશિત થયેલા પુસ્તકમાં છત્રપતિ શિવાજી મહારાજના ૧૩મા વંશજ  મરાઠા રાજા ઉદયનરાજે ભોંસલે વિશે આપવામાં આવેલા કેટલાંક ‘અપ્રમાણિત નિવેદનો’ બદલ માફી માગી છે. મંગળવારે એક અખબારમાં પ્રકાશિત થયેલી જાહેર નોટિસમાં, ઓયુપી ઇન્ડિયાએ સ્વીકાર્યું કે ૨૦૦૩ માં પ્રકાશિત ‘શિવાજીઃ હિન્દુ કિંગ ઇન ઇસ્લામિક ઇન્ડિયા’ પુસ્તકના પાના ૩૧, ૩૩, ૩૪ અને ૯૩ પર સમાવિષ્ટ કેટલાંક નિવેદનો અપ્રમાણિત હતાં. અમેરિકન લેખક જેમ્સ લેન દ્વારા લખાયેલ આ પુસ્તકમાં, શિવાજી મહારાજ વિશે કથિત રીતે વાંધાજનક ટિપ્પણી કરી હતી. (પીટીઆઈ) ■

# ‘જાતીય ઇરાદો’ છતો ન થતો હોવાનું નોંધી કોર્ટે યુવકને નિર્દોષ છોડ્યો

થાણેઃ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ મહત્ત્વનું તત્ત્વ છે ‘જાતીય ઇરાદો’, જે આ કેસમાં છતો થતો નથી, એવી નોંધ કરી થાણે કોર્ટે સગીરાનો પીછો કરી તેની જાતીય સતામણી કરવાના કેસમાં યુવકને નિર્દોષ જાહેર કર્યો હતો.મજૂરી કરતો આરોપી મયૂરેશ કૈલાસ શેળકે (૨૫) ૨૦૧૯માં થાણેમાં રહેતી ૧૫ વર્ષની સગીરાના ઘરમાં કથિત રીતે ઘૂસ્યો હતો અને પ્રેમ કરતો હોવાનો દાવો કર્યો હતો.જજ રુબી યુ માલવણકરે અવલોકન કર્યું હતું કે પીડિતા સાથે કોઈ શારીરિક સંપર્ક થયો નહોતો અને આરોપી દ્વારા બોલાયેલા શબ્દોમાં તેનો કોઈ રીતે જાતીય ઇરાદો હોવાનું જણાતું નથી.આવી જાતીયતા અથવા જાતીય ઇરદોમાં શું સમાવિષ્ટ છે અને શું નથી તે વાસ્તવિકાતનો પ્રશ્ન છે અને આ કેસમાં આરોપી દ્વારા ઉપયોગમાં લેવાયેલા શબ્દો પરથી આવો કોઈ જાતીય ઇરાદો દેખાતો નથી, એવું કોર્ટે નોંધ્યું હતું.આ મામલે પીડિતા દ્વારા ૨૦૧૯માં ગુનો નોંધાવાયો હતો. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે પહેલી નવેમ્બર, ૨૦૧૯ના રોજ ડોમ્બિવલીના મ્હાત્રે નગરની ચાલમાં રહેતી સગીરા અભ્યાસ કરતી હતી ત્યારે પડોશમાં રહેતો શેળકે તેના ઘરમાં ઘૂસ્યો હતો. ■

# દક્ષિણ મુંબઈમાં ક્લબ માલિકના ઘરમાંથી ૬૦ ડર્બી ટ્રોફી ચોરાઈઃ નોકર વિરુદ્ધ ગુનો

મુંબઈઃ ક્લબ માલિક દ્વારા વિવિધ ડર્બી સ્પર્ધાઓમાં જીતવામાં આવેલી ૧૫.૨૪ લાખ રૂપિયાની સોનું અને ચાંદીથી મઢેલી ૬૦ ટ્રોફી દક્ષિણ મુંબઈના તેમના નિવાસેથી નોકર ચોરી ગયો હતો. આ પ્રકરણે ગામદેવી પોલીસ સ્ટેશનમાં નોકર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

દક્ષિણ મુંબઈના બ્રીચ કેન્ડી વિસ્તારમાં વેસ્ટફિલ્ડ એસ્ટેટ કંપાઉન્ડ ખાતેના ફ્લેટમાં ૨૦૨૩થી નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન ચોરી થઇ હતી.

એડવર્ટાઇઝમેન્ટ ફર્મના ડિરેક્ટર અને રોયલ વેસ્ટર્ન ઇન્ડિયા ટર્ફ ક્લબ લિ. (આરડબ્લ્યુઆઇટીસી) ક્લબ તેમ જ ડાયમંડ બૉન્ડ રેસિંગ સિન્ડિકેટ પ્રાઇવેટ લિ.ના માલિક શિવેન સુરેન્દ્રનાથે (૫૯) તાજેતરમાં આ પ્રકરણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદીએ ૨૦૦૬થી વિવિધ પ્રતિષ્ઠિત ડર્બીઓ જીતી હતી અને ચાંદી તથા સોનાથી મઢેલી ટ્રોફી જીતી હતી. આ તમામ ટ્રોફી તેમના ઘરનોકર અને ઓડિશાના રહેવાસી રાજેન્દ્ર બેનુધન જેના (૪૨) દ્વારા ચોરવામાં આવી હતી.

રાજેન્દ્ર જેના છેલ્લાં પાંચ વર્ષથી સુરેન્દ્રનાથના ઘરમાં કામ કરતો હતો અને છેલ્લા છ મહિનાથી તે ઘરમાં રહેવા લાગ્યો હતો. ૨૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ રાજેન્દ્ર જેનાએ જણાવ્યું હતું કે તાકીદનાં અમુક કામો માટે તેને થોડા દિવસ માટે કોલકાતા જવાનું જરૂરી છે. (પીટીઆઇ)



**મરીન ડ્રાઈવ ધુંધળોઃ** મુંબઈમાં બુધવારે  વાતાવરણમાં એટલું પ્રદૂષણ હતું કે મરીન ડ્રાઈવ ધુંધળો થઈ ગયો હતો. જેને પગલે પિસ્ટ કેનન મશીનથી પાણીનો છંટકાવ કરીને વિઝિબિલિટીનો પ્રયાસ કરાયો હતો. (અમય ખરાડે)

# શિંદે જૂથને હરાવવા ભાજપે કૉંગ્રેસ સાથે જોડાણ કર્યું?: શ્રીકાંત શિંદેએ પ્રતિક્રિયા આપી...

મુંબઈઃ કહેવાય છે કે રાજકારણમાં કોઈ કાયમી દોસ્ત નથી હોતો અને કોઈ કાયમી દુશ્મન નથી હોતો. આવું જ કૈંક આજકાલ મહારાષ્ટ્રની રાજનીતિમાં જોવા મળી રહ્યું છે. કૉંગ્રેસ મુક્ત ભારતનો નારો આપનાર ભારતીય જનતા પાર્ટીએ અંબરનાથ નગર પરિષદમાં કૉંગ્રેસ સાથે સીધું જોડાણ કરતા રાજકીય હલચલ તેજ થઈ ગઈ છે. શિવસેના (શિંદે જૂથ)ના સાંસદ શ્રીકાંત શિંદેએ આ સમગ્ર ઘટના પર પોતાની પ્રતિક્રિયા આપી છે.

**ભાજપના નિર્ણય અંગે પ્રશ્નો ઊભા થયાઃ** શિવસેના (શિંદે જૂથ)ના સાંસદ શ્રીકાંત શિંદેએ કહ્યું કે અંબરનાથમાં ભાજપ અને કૉંગ્રેસે ગઠબંધન કર્યું હોવાથી, ભાજપના નેતાઓએ જ તેનો જવાબ આપવો જોઈએ. તેમણે સ્પષ્ટતા કરી કે આ નિર્ણય શિવસેનાનો નથી અને ન તો શિવસેનાને આ અંગે કોઈ સ્પષ્ટતા આપવાની જરૂર છે.

સાંસદ શિંદેએ વાત વાતમાં સંકેત આપ્યો કે ભાજપે શિવસેના (શિંદે જૂથ) ને સત્તાથી દૂર રાખવા માટે કૉંગ્રેસની મદદ લીધી છે. તેમણે કહ્યું કે આ નિર્ણય ઘણા પ્રશ્નો ઊભા કરે છે, ખાસ કરીને જ્યારે ભાજપ અને શિવસેના વર્ષોથી કેન્દ્ર, રાજ્ય અને મ્યુનિસિપલ કોર્પોરેશન સ્તરે સાથે મળીને કામ કરી રહ્યા છે.

**ભાજપ-શિવસેના ગઠબંધન અતૂટ રહેવું જોઈએઃ** શિવસેનાના સાંસદ શ્રીકાંત શિંદેએ જણાવ્યું હતું કે ભાજપ અને શિવસેના વચ્ચેનું ગઠબંધન માત્ર રાજકીય જ નહીં, પણ વૈચારિક પણ છે. તેમણે કહ્યું કે આ જોડાણ મજબૂત અને અતૂટ રહેવું જોઈએ, અને ઉમેર્યું કે આવા નિર્ણયો કાર્યકર્તાઓમાં મૂંઝવણ ઊભી કરે છે.

તેમણે યાદ અપાવતા કહ્યું કે, અંબરનાથ મ્યુનિસિપલ કાઉન્સિલમાં શિવસેના સત્તામાં હતી ત્યારે ત્યાં ઘણા સારા વિકાસ કાર્યો થયાં હતાં. શિવસેનાએ હંમેશાં જનતા વચ્ચે વિકાસની રાજનીતિ કરી છે અને ભવિષ્યમાં પણ આ જ રસ્તો અપનાવવામાં આવશે. ■

# રોકાણકારો સાથે ₹૨.૩૯ કરોડની છેતરપિંડીઃ આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કંપની મારફત શૅરબજારમાં રોકેલાં નાણાં પર આકર્ષક વળતર મળવાની લાલચે રોકાણકારો સાથે ૨.૩૯ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી કરવા બદલ પોલીસે આરોપીની ધરપકડ કરી હતી.બોઈસર પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ રોશન ચંદનલાલ જૈન (૩૬) તરીકે થઈ હતી. કોર્ટે ત્રણ દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ જૈનની વધુ પૂછપરછ કરી રહી છે. પોલીસના જણાવ્યા મુજબ વિરાર પૂર્વના નારંગી રોડ ખાતે રહેતા અને તારાપુર એમઆઈડીસી ખાતે કામ કરતા દીપક બાબુ વરકની (૪૨)ની ફરિયાદને આધારે બોઈસર પોલીસે આ મામલે સોમવારે ગુનો નોંધ્યો હતો. કંપનીના માધ્યમથી આરોપીઓએ અનેક લોકો પાસેથી નાણાં પડાવ્યાં હોવાનું કહેવાય છે. આરોપીની કંપની મારફત શૅરબજારમાં નાણાં રોકવા રોકાણકારોને લલચાવાયા હતા. રોકાણ કરેલી રકમ પર આકર્ષક વળતરની ખાતરી આરોપીએ આપી હતી. જોકે બાદમાં રોકાણકારોને કોઈ વળતર ચૂકવવામાં આવ્યું નહોતું અને તેમની મૂળ રકમ પણ પાછી અપાઈ નહોતી. રોકાણકારો દ્વારા વારંવાર સંપર્ક સાધવામાં આવતાં તેમને ઉડાઉ જવાબ આપવામાં આવ્યા હતા. બાદમાં આરોપીનો સંપર્ક ન થતાં રોકાણકારોએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ■

# અકોટમાં ભાજપ-એઆઈએમઆઈએમ એક થયા, મહારાષ્ટ્રમાંના આ શહેરમાં બનાવ્યું ગઠબંધન

અકોટઃ રાજકારણમાં કોઈ કાયમ શત્રુ કે મિત્ર નથી હોતા; આ વાત ભારતમાં અનેક વખત સાર્થક થઇ ચુકી છે. એવામાં મહારાષ્ટ્રમાં ફરી એક વાર આ કહેવત હકીકત બની છે. હંમેશા મુસ્લિમ હિતની હિમાયત કરતી અસદુદ્દીન ઓવૈસીની આગેવાની હેઠળનાં પક્ષ ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદ-ઉલ-મુસ્લિમીન (એઆઈએમઆઈએમ) અને હિન્દુત્વ મુદ્દે રાજકારણ રમતા પક્ષ ભારતીય જનતા પાર્ટી(ભાજપ)એ ગઠબંધન કર્યું છે.

નોંધનીય છે કે તાજેતરમાં મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ કાઉન્સિલોની ચૂંટણી યોજાઈ હતી. અકોટમાં મ્યુનિસિપલ ચૂંટણીમાં ભાજપને સૌથી વધુ બેઠકો મળી પણ તે સ્પષ્ટ બહુમતી મેળવી શક્યો નહીં. ૩૫ સભ્યોની કાઉન્સિલમાં ભાજપને ૧૧ બેઠકો મળી, જેના કારણે બહુમતી મેળવવા તેને અન્ય પક્ષોની મદદ લેવાની જરૂર પડી. અકોટમાં મ્યુનિસિપલ ચૂંટણીમાં છ બેઠકો સાથે કોંગ્રેસ બીજા ક્રમનો સૌથી મોટા પક્ષ રહ્યો. ઓવૈસીની એઆઈએમઆઈએમ પાંચ બેઠકો સાથે ત્રીજા ક્રમે રહ્યો.

સામાન્ય રીતે ભાજપ અને એઆઈએમઆઈએમના નેતાઓ એક બીજાની પાર્ટી અને નેતાઓને વખોડવામાં કોઈ કમી નથી રાખતા, એવામાં ગઈ કાલે મંગળવારે જે બન્યું એ અવિશ્વાસનીય હતું. ભાજપે એઆઈએમઆઈએમ સહિત અન્ય પક્ષો સાથે મળીને ‘આકોટ વિકાસ મંચ’ નામના ગઠબંધનની રચના કરી અને અકોટ મ્યુનિસિપલ કાઉન્સિલ પર સત્તા મેળવી.

## ભાજપ નેતા બન્યા મેયર

ભાજપની આગેવાની હેઠળના આ ગઠબંધનની કુલ પચીસ બેઠકો થઇ, બહુમતીના મળતા ભાજપના માયા ધુળે મેયર બન્યા. જયારે કૉંગ્રેસ અને પ્રકાશ આંબેડકરની વંચિત બહુજન આઘાડી વિરોધ પક્ષમાં રહેશે. આ ગઠબંધનને અકોલા જિલ્લા મેજિસ્ટ્રેટ પાસે રજીસ્ટર કરવવામાં આવ્યું.

કૉંગ્રેસ અને તૃણમૂલ કૉંગ્રેસ જેવા પક્ષો આરોપ લગાવતા રહે છે કે એઆઈએમઆઈએમ  મુસ્લિમ મતોનું વિભાજન કરીને વિધાનસભા ચૂંટણીઓમાં ભાજપને મદદ કરી રહી છે. ઘણીવાર એઆઈએમઆઈએમને ભાજપની ’બી’ ટીમ પણ કહેવામાં આવે છે. શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે કહ્યું કે ભાજપ અને એઆઈએમઆઈએમ પર સમગ્ર મહારાષ્ટ્રમાં છુપી રીતે ગઠબંધન બનાવી રહ્યા છે. ભાજપે એઆઈએમઆઈએમ સાથે ગઠબંધનનો બચાવ કર્યો છે. ભાજપે કહ્યું એ આ માત્ર સ્થાનિક ધોરણની જ વ્યવસ્થા છે. ■

આ ગઠબંધનમાં ભાજપ અને એઆઈએમઆઈએમ સિવાય એવા વિરોધી પક્ષો સામેલ થયા જેના નેતાઓ એક બીજાની સામે આવતા બાખડી પડતા હોય છે. ‘આકોટ વિકાસ મંચ’ ભાજપ અને એઆઈએમઆઈએમ સિવાય શિવસેના (એકનાથ શિંદે), શિવસેના (ઉદ્ધાવ ઠાકરે જૂથ), એનસીપી (અજિત પવાર), એનસીપી (શરદ પવાર) અને બચ્ચુ કડુની પ્રહાર જનશક્તિ પાર્ટી પણ સામેલ થઇ.■

# વિલાસરાવ દેશમુખ અંગે ટિપ્પણીઃ ફડણવીસનો વાત વાળવાનો પ્રયાસ

## ભાજપ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વિલાસરાવ દેશમુખનું સન્માન કરે છેઃ ફડણવીસ

છત્રપતિ સંભાજીનગરઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે જણાવ્યું હતું કે, જોકે ભાજપ કૉંગ્રેસ સામે લડે છે, પરંતુ તેઓ પૂર્વ મુખ્ય પ્રધાન સ્વર્ગસ્થ વિલાસરાવ દેશમુખનું સન્માન કરે છે કારણ કે તેમણે રાજ્યના નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

તેમનું આ નિવેદન રાજ્ય ભાજપ પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણના તાજેતરના નિવેદન પર થયેલા વિવાદના પગલે આવ્યું છે જેમાં તેમણે કહ્યું હતું કે વિલાસરાવ દેશમુખની યાદો તેમના વતન લાતુરમાંથી ‘ભૂંસી નાખવામાં આવશે’.

સોમવારે કરવામાં આવેલા તેમના નિવેદન પર કૉંગ્રેસ તરફથી તીખી પ્રતિક્રિયા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનના પુત્ર અને બોલિવૂડ અભિનેતા રિતેશ દેશમુખના ભાવુક પ્રતિસાદ બાદ, ચવ્હાણે મંગળવારે માફી માગી હતી.

૧૫ જાન્યુઆરીએ યોજાનારી મ્યુનિસિપલ ચૂંટણી પહેલા લાતુરમાં ‘વિજય સંકલ્પ સભા’ રેલીને સંબોધતા ફડણવીસે કહ્યું, ‘લાતુરે મહારાષ્ટ્રને ઘણા મોટા નેતાઓ આપ્યા છે, જેમાં શિવરાજ પાટિલ ચાકુરકર, શિવાજીરાવ પાટિલ નિલંગેકરનો સમાવેશ થાય છે. ચાકુરકરે લાતુરના મ્યુનિસિપલ કાઉન્સિલના ચીફ તરીકે સેવા આપી હતી અને લોકસભા સ્પીકર બન્યા હતા, જે એક દુર્લભ ઉદાહરણ છે.’

ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિલાસરાવ દેશમુખ, જેમણે લાતુરને એક અલગ ઓળખ આપી હતી, તે એક એવું નામ છે જે રાજકીય પક્ષોના અવરોધોથી પર રહીને આદરણીય છે. ફડણવીસે ઉમેર્યું હતું કે, મહારાષ્ટ્રના નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા નેતાઓમાં તેમનું નામ મુખ્ય છે.’

દેશમુખ પર ચવ્હાણની ટિપ્પણી પરના વિવાદ અંગે ફડણવીસે કહ્યું, ‘બે દિવસ પહેલા અહીં મૂંઝવણ અને અવ્યવસ્થા હતી. ચવ્હાણ કહેવા માગતા હતા કે રાજકીય રીતે આપણે અહીં એક નવો રેકોર્ડ બનાવવા માગીએ છીએ. પરંતુ તેમણે ખોટા શબ્દોનો ઉપયોગ કર્યો હશે અને તેમણે પાછળથી માફી માગી લીધી. કૉંગ્રેસ પાર્ટી સાથે અમારો વિવાદ છે, પરંતુ અમે વિલાસરાવ દેશમુખનું સન્માન કરીએ છીએ કારણ કે તેઓ મહારાષ્ટ્રના એક મહત્ત્વપૂર્ણ નેતા છે.’

‘‘આપણે આપણા નેતા સ્વર્ગસ્થ ગોપીનાથ મુંડેને પણ યાદ રાખવા જોઈએ, જેઓ અહીં જન્મ્યા ન હતા પરંતુ લાતુરમાં કામ કર્યું હતું. આ ધરતીમાં નેતાઓ પેદા કરવાનો ગુણ છે.’

અમે લાતુરને આધુનિક બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ, એમ કહેતા તેમણે લાતુરથી મુંબઈ સુધીના નવા એક્સપ્રેસ વેની પણ જાહેરાત કરી, જે તેમણે કહ્યું કે, આ પ્રદેશના ઔદ્યોગિક વિકાસમાં મદદ કરશે. ■

# ફડણવીસ કમિશન ખાય છે, ડ્રગ ફેક્ટરી ચલાવનારાને છોડી મૂક્યાઃ સપકાળેનો આક્ષેપ

મુંબઈઃ કર્ણાટક વિધાનસભા ચૂંટણી વખતે ખૂબ ગાજેલા કમિશન રાજની ફોર્મ્યુલા હવે મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં પણ અપનાવાઈ રહી છે. મહારાષ્ટ્ર કૉંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને ‘ટક્કા ભાઉ’ કહ્યા અને આરોપ લગાવ્યો છે કે ભાજપની આગેવાની હેઠળની સરકાર કોન્ટ્રાક્ટરો અને ડ્રગ માફિયાઓ પાસેથી કમિશન લઈને ભ્રષ્ટાચારમાં સંડોવાયેલી છે.  મરાઠીમાં ‘ટક્કા’ શબ્દ, જેનો અર્થ ટકા થાય છે, જે કમિશન અને ભ્રષ્ટાચાર વિશે વાત કરવા માટે વપરાય છે. મંગળવારે નાગપુરમાં બોલતા, સપકાળે કહ્યું કે મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચે તાજેતરમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના વતન નજીક આવેલા સતારા જિલ્લાના એક ગામમાં ડ્રગ ઉત્પાદન એકમનો પર્દાફાશ કર્યો હતો અને ૪૦ લોકોની અટકાયત કરી હતી. પરંતુ રાજકીય દબાણને કારણે તેમને છોડી મૂકવામાં આવ્યા હતા, એમ કૉંગ્રેસના નેતાએ આરોપ લગાવ્યો.

‘‘આટલી મોટી ડ્રગ ફેક્ટરી પકડાઈ છતાં, ફડણવીસે એકનાથ શિંદેને ક્લીનચીટ આપી દીધી છે. શાસક સરકાર પહેલાથી જ કોન્ટ્રાક્ટમાંથી કમિશન મેળવે છે અને હવે તેણે ડ્રગમાંથી  પૈસા કમાવવાનું શરૂ કરી દીધું છે,’ સપકાળનો આરોપ. ‘ફડણવીસ દેવા-ભાઉ’ નથી પણ ‘ટક્કા ભાઉ’ છે,’ તેમણે ઉમેર્યું.

ફડણવીસના સમર્થકો તેમને પ્રેમથી ‘દેવા ભાઉ’ (દેવેન્દ્ર ભાઈ) કહે છે, તેમણે આ ટીકાઓને ફગાવી દીધી. ‘કૉંગ્રેસમાં કોઈ સપકાળને ગંભીરતાથી લેતું નથી. મારી ટીકા કરીને, તેઓ સમાચારમાં રહે છે. હું વિકાસના એજન્ડા પર મત માંગું છું અને લોકો મારી સાથે છે,’ મુખ્યપ્રધાને કહ્યું. (પીટીઆઈ) ■

# મુંબઈ પર વસ્તી વિષયક આક્રમણ પાછળ રોહિંગ્યા પ્રવાહ જવાબદારઃ ભાજપ

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે મતદાનને હવે માત્ર એક અઠવાડિયું બાકી છે, ત્યારે શહેર ભાજપ પ્રમુખ અમિત સાટમે બુધવારે આક્ષેપ કર્યો હતો કે બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરોના ધસારાને કારણે દેશની આર્થિક રાજધાનીમાં ‘‘મૌન વસ્તી વિષયક અને સાંસ્કૃતિક આક્રમણ’’ ચાલી રહ્યું છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે શહેરની વસ્તીવિષયકતાને બદલવાના ‘‘ષડયંત્ર’’ પાછળ રાજકીય સમર્થન, અતિક્રમણ અને વોટ-બેંક રાજકારણ પરિબળો હતા.

શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરે પર નિશાન સાધતા, સાટમે આરોપ લગાવ્યો હતો કે માલવણી, મલાડ, માનખુર્દ, દેવનાર અને કુર્લા જેવા વિસ્તારોમાં રાજકીય પીઠબળ સાથે હજારો ગેરકાયદેસર ઝૂંપડપટ્ટીઓનું નિર્માણ થયું છે.

તેમણે કહ્યું કે, ‘અમે મુંબઈનો રંગ બદલવા દઈશું નહીં, અને મુંબઈનું મામદાનીકરણ થવા દઈશું નહીં. મુંબઈનો વિકાસ ત્યારે જ થઈ શકે છે જો તે સુરક્ષિત હશે.’ તેમણે આરોપ લગાવ્યો હતો કે મુંબઈના અનેક ભાગોમાં જાહેર જમીન પર ગેરકાયદેસર ઝૂંપડપટ્ટી બાંધકામ દ્વારા અતિક્રમણ કરવામાં આવી રહ્યું છે, જ્યાં કથિત બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઇમિગ્રન્ટ્સને સ્થાયી કરવામાં આવ્યા હતા. ■




## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં) (૬૮૨-સી)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ Private Tours Himachal Kashmir Ladakh Uttaranchal Rajasthan Kerala Goa Thailand Singapore Dubai રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટ સ્ટેશન Pickup Drop All Over India ડિઝાયર ઇનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ Tatkal Passport, USA Visa Travel Insurance Arrham Holiday 9769977466 / 9892534488 / 9326373672. (બી-૧૬૯૩૦)

### ૧૪. નોકરી ખાલી છે

■ **આયુર્વેદિક કંપનીમાં બેરોજગાર મહિલા /પુરુષ / ગૃહિણી ઘરે બેઠા ઔષધ પેકિંગ કરીને દર મહિને ભરપૂર પૈસા કમાવો. સંપર્કઃ 9821564392 , 9821569931. (૬૮૫-એ)**

■ ઘાટકોપર પશ્ચિમમાં તાત્કાલિક ખાલી જગ્યા સિનિયર એકાઉન્ટન્ટ -01 જુનિયર એકાઉન્ટન્ટ-01 પત્રવ્યવહાર માટે કમ્પ્યુટર ઓપરેટર-01. સંપર્ક - ચંદન યાદવ 8452033810. (બી-૧૬૯૪૩)

### ૧૭. જગ્યા આપવી છે

**2 BED - GOREGAON (W)**

655' 20th ફ્લોર, નવરંગ ક્રિસ્ટલ, સિદ્ધાર્થ નગર, 1 પાર્કિંગ સાથે વેચાણથી. અનિલભાઈ - 9004900290. (૬૭૪-એ)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૨૩. મનોરંજન

**નાટ્ય ગ્રુપ**

વર્ષના 6 નાટક વ્યક્તિ દીઠ માત્ર 1000/- ભરી બુક કરો. 9619538663 / 9820419608. (બી-૧૬૯૩૬)

### ૩૨. જમીન-મિલકત

**જુનાગઢ જીલ્લો માંગરોળ**

બંધ મકાન પ્લોટ / જમીન જુના ભાડુઆત / કબજા / સાંસણ ગીરમાં ફાર્મ હાઉસ લેવા/ વેચવા સંપર્કઃ ભુપતભાઈઃ 6354281601. (એસડીબી-૩૦૨૧)

### ૩૩. ધંધાદારી

**બાથરૂમ લીકેજ**

તોડફોડ વગર, લીકેજ બંધની ગેરંટી, 33 વર્ષનો અનુભવ. માનવ - 9869011309. (૭૦૮-ઈ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીજી જ્યોતિષ**

અશક્યને શક્ય કરનાર. સચોટ નિવારણ, જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમી મિલન, (લવ પ્રોબ્લેમ, પર્સનલ પ્રોબ્લેમ, સ્પેશિયાલિસ્ટ) 9372024547 (ઘાટકોપર) (નિરાશ થયેલા વ્યક્તિઓ ખાસ મળો). (બી-૧૬૬૩૧)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૭૦૪-ઈ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


છેલ્લા પાનાનું ચાલુ

## સત્તા માટે

અંબરનાથ મ્યુનિસિપલ કાઉન્સિલનું નેતૃત્વ (થાણે જિલ્લામાં) બનાવ્યું.

ભાજપે અકોલા જિલ્લાના અકોટ મ્યુનિસિપલ કાઉન્સિલમાં ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદુલ મુસ્લિમીન (એઆઈએમઆઈએમ) અને અન્ય પક્ષો સાથે પણ આવું જ જોડાણ કર્યું હતું. ''આ ભાજપનાં બેવડાં ધોરણોને પ્રતિબિંબિત કરે છે. તેમની માનસિકતા સત્તા મેળવવા માટે કંઈ પણ કરવાની છે, ''શિવસેના (યુબીટી) એમએલસી આહિરે દાવો કર્યો.

શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે ભૂતપૂર્વ સાથી પક્ષ ભાજપને ''બે માથાવાળું અળસિયું'' ગણાવ્યું. રાઉતે દાવો કર્યો હતો કે ૧૫ જાન્યુઆરીએ યોજાનારી મીરા-ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપે એઆઈએમઆઈએમને ટેકો આપ્યો છે.

આકોટથી અંબરનાથ સુધી, એઆઈએમઆઈએમ અને કૉંગ્રેસને ભાજપનો છૂપો ટેકો અને કેટલાક કિસ્સાઓમાં ખુલ્લું સમર્થન છે, એમ તેમણે વધુમાં દાવો કર્યો હતો. રાજ્યસભાના સભ્યએ ઉમેર્યું હતું કે મહારાષ્ટ્રમાં આ એક નવી પેટર્ન છે.

ભાજપ, અજિત પવારની આગેવાની હેઠળની એનસીપી અને એકનાથ શિંદેની શિવસેના રાજ્યમાં શાસક મહાયુતિમાં ભાગીદાર છે.

## ભૂતપૂર્વ સાંસદ

કારણ કે તેઓ એઆઇએમઆઇએમના કાર્યકરો સાથે પ્રચાર કરી રહ્યા હતા. જલીલ તેમની કારમાં બેસી રહ્યા, જ્યારે ટોળાએ કારને મુક્કા મારવાનું શરૂ કર્યું હતું.વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે અમે પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે યોગ્ય બળનો ઉપયોગ કર્યો છે. ટોળામાં ૩૦-૩૫ લોકો સામેલ હતા. પોલીસે ગુનો નોંધવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. હવે વિસ્તારમાં શાંતિ છે. જલીલે જણાવ્યું હતું કે હરીફ ઉમેદવાર ઘણા ગેરકાયદે વ્યવસાય ધરાવે છે અને બાળકો માટે રાશન પણ અન્ય રાજ્યોમાંથી મોકલે છે. અમે ક્યારેય આવા લોકોને પક્ષમાં સામેલ કર્યા નથી. આપણે શોધવું જોઇએ કે તેમણે છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં કોને ટેકો આપ્યો હતો. (પીટીઆઇ)

## મતદારોને

મહત્ત્વ સમજાય, દરેક મતદારો નીડરતાથી, કોઈ પણ લાલચ વિના મતદાન કરે તે માટે મહાપાલિકા દ્વારા વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

મતદાન માટે લોકોમાં જાગૃતિ વધે તે માટે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ઉપલબ્ધ ડિજિટલ પોસ્ટર્સ, બૅનર્સ, વીડિયો મહાપાલિકા દ્વારા પરવાનગી આપવામાં આવી છે એવાં ડિજિટલ હોર્ડિંગ્સ અને અન્ય સ્થળે પ્રદર્શિત કરાઈ રહ્યા છે. રેલવે, મેટ્રો રેલ, ઍરપોર્ટ તેમ જ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી, મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કૉર્પોરેશન વગેરે સત્તાવાળાઓ દ્વારા પણ ડિજિટલ પ્લૅટફૉર્મ પર આ વીડિયો પ્રદર્શિત કરવામાં આવી રહ્યા છે. એ સિવાય મહાપાલિકાના જનસંપર્ક વિભાગ દ્વારા સોશ્યલ મીડિયા પર રોજ મતદાન સંબંધી મેસેજ પોસ્ટ કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને યુવાનો અને પહેલી વાર મતદાન કરનારાઓ માટે પાલિકા દ્વારા આકર્ષક સેલ્ફી પૉઈન્ટ ઊભા કરવામાં આવ્યા છે તો રેલવે સ્ટેશનો, મૉલ ચોપાટી જેવાં નાગરિકોના ભીડવાળાં પચીસ જેટલાં સ્થળોએ ફ્લૅશ મૉબના માધ્યમથી સંદેશા આપવામાં આવી રહ્યા છે.

મુંબઈનાં ૬૨ સિનેમાઘરોના ૨૦૦ પડદા પર મતદાન માટે જનજાગૃતિના ૩૦ સેકન્ડના વીડિયો દર્શાવવામાં આવી રહ્યા છે. શહેરના નાટ્યગૃહોમાં પણ ઓડિયો રેકોર્ડિંગ દ્વારા જનજાગૃતિ કરવામાં આવી રહી છે. આ સિવાય શેરી નાટકો, મહાપાલિકાના ૧,૩૦૦થી વધુ ડમ્પર પર સ્ટિકર્સ લગાવીને મતદારોને મતદાન માટે પ્રેરિત કરાઈ રહ્યા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

## કૉંગ્રેસ-એઆઈએમઆઈએમ

અકોટમાં એઆઈએમઆઈએમ સાથે ગઠબંધનની જાહેરાત કરી હતી. દેવેન્દ્ર ફડણવીસે કહ્યું ''ભાજપ ક્યારેય કોંગ્રેસ કે એઆઈએમઆઈએમ સાથે ગઠબંધન કરી શકે નહીં. આવા ગઠબંધન અસ્વીકાર્ય છે અને તેને માન્યતા આપવામાં આવશે નહીં. દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું કે આ ગઠબંધનો રદ કરવા સૂચનાઓ આપવામાં આવું છે, મંજૂરી વગર આવાં ગઠબંધનો બનાવવા માટે જવાબદાર આગેવાનો સામે શિસ્તભંગના પગલાં ભરવામાં આવશે.

અંબરનાથમાં સત્તા મેળવવા ભાજપે કોંગ્રેસ અને અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) સાથે ગઠબંધન 'અંબરનાથ વિકાસ આઘાડી' બનાવ્યું. કોંગ્રેસના નેતા સચિન સાવંતે બુધવારે અંબરનાથ મ્યુનિસિપલ કાઉન્સિલની ચૂંટણીમાં કોંગ્રેસ-ભાજપ ગઠબંધનના અહેવાલને ફગાવી દીધા હતા. તેમણે કહ્યું કે શિવસેનાના ભ્રષ્ટાચાર સામે લડવા માટે વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ એક સાથે આવ્યા હતા.

અકોલા જિલ્લાના અકોટ મ્યુનિસિપલ કાઉન્સિલ પર સત્તા મેળવવા ભાજપના નેતાઓએ ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદુલ મુસ્લિમીન (એઆઈએમઆઈએમ), શિવસેના (યુબીટી), શિવસેના (શિંદેજૂથ), એનસીપી (અજિત પવાર), એનસીપી (શરદ પવાર), બચ્ચુ કડુની પ્રહાર જનશક્તિ પાર્ટી સાથે ગઠબંધન કર્યું હતું. શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે ભાજપ પર તકવાદી હોવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે પાર્ટી સત્તા કબજે કરવા માટે કોઈપણ સાથે ગઠબંધન કરવા તૈયાર છે.

## કાંદિવલી-બોરીવલી

સુધી ડાઉન ફાસ્ટ લાઇન પર પોઇન્ટ દાખલ કરવા અને ડિસમેન્ટલિન્ગ માટે મેગાબ્લોક લેવામાં આવશે.

આ સિવાય, ૧૦/૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ ની રાત્રે કાંદિવલી અને મલાડ સ્ટેશન વચ્ચે ડાઉન ફાસ્ટ લાઇન પર પોઇન્ટ ૧૦૧ દાખલ કરવા માટે મેગાબ્લોક લેવામાં આવશે. આ બ્લોક અપ અને ડાઉન ફાસ્ટ લાઇન પર ૦૧:૦૦ થી ૦૬:૩૦ સુધી અને અપ સ્લો લાઇન પર ૦૧:૦૦ થી ૦૪:૦૦ સુધી રહેશે.

ઉપરોક્ત બ્લોક, ૫મી લાઇન સ્થગિત કરવા અને ગતિ નિયંત્રણો લાદવાના કારણે, કેટલીક ઉપનગરીય સેવાઓ રદ રહેશે જ્યારે કેટલીક મેઇલ/એક્સપ્રેસ ટ્રેનોને પણ અસર થશે.

શોર્ટ ટર્મિનેટ થનારી ટ્રેનોઃ

૧૦ જાન્યુઆરી, ૨૦૨૬

ટ્રેન સંખ્યા. ૧૯૪૨૬ નંદુરબાર-બોરીવલી એક્સપ્રેસ વસઈ રોડ પર ટર્મિનેટ થશે.

ટ્રેન સંખ્યા. ૧૯૪૧૮ અમદાવાદ - બોરીવલી એક્સપ્રેસ વસઈ રોડ પર ટર્મિનેટ થશે.

શોર્ટ ઓરીજીનેટ થનારી ટ્રેનોઃ

૧૧ જાન્યુઆરી, ૨૦૨૬

ટ્રેન સંખ્યા. ૧૯૪૧૭ બોરીવલી - અમદાવાદ એક્સપ્રેસ વસઈ રોડથી ઉપડશે.

ટ્રેન સંખ્યા ૧૯૪૨૫ બોરીવલી - નંદુરબાર એક્સપ્રેસ વસઈ રોડથી ઉપડશે.

સમયપત્રકમાં ફેરફાર કરાયેલ ટ્રેનોઃ

૧૦ જાન્યુઆરી, ૨૦૨૬

ટ્રેન સંખ્યા. ૧૨૯૦૨ અમદાવાદ-દાદર એક્સપ્રેસ ૨૦ મિનિટ મોડી ઉપડશે.

ટ્રેન સંખ્યા ૧૯૨૧૮ વેરાવળ - બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ ૪૫ મિનિટ મોડી ઉપડશે, એટલે કે તે વેરાવળથી ૧૨:૩૫ વાગ્યે ઉપડશે.

૧૧ જાન્યુઆરી, ૨૦૨૬

ટ્રેન સંખ્યા. ૨૨૯૫૩ મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ ૩૦ મિનિટ માટે રિશેડ્યુલ કરવામાં આવશે, એટલે કે, તે ૦૬:૧૦ વાગ્યે ઉપડશે.

ટ્રેન સંખ્યા. ૨૨૯૨૧ બાંદ્રા ટર્મિનસ - ગોરખપુર એક્સપ્રેસ ૧ કલાક માટે રિશેડ્યુલ કરવામાં આવશે, એટલે કે આ ટ્રેન ૦૬:૧૦ વાગ્યે ઉપડશે.

# હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

સ્વ. રતનબાઈ માધવજી શામજી ધીયાસોત્તાના પુત્રવધૂ ગં. સ્વ. હેમલતા (મણીબેન) હીરાલાલ ધીયાસોત્તા (ઉં.વ. ૮૯) ગામ કચ્છ મઉ હાલે થાણા મંગળવાર, તા. ૬-૧-૨૬ના શ્રીરામશરણ પામ્યાછે. તે સ્વ. કબીબાઈ લીલાધર કરસનદાસ લક્ષ્મીદાસ ચંદે (બાતા) કચ્છ નલિયાવાલાની પુત્રી. સ્વ. હીરાલાલના પત્ની. સ્વ. દિલીપ, હસુમતી જગદીશ ગટ્ટા, સ્વ. વિઠ્ઠલ, અનસૂયા સુરેન્દ્ર સોમૈયાના માતુશ્રી. સુરેન્દ્ર દયાળજી સોમૈયા જગદીશ દામજી ગટ્ટાના સાસુજી. ચીરાગ, ડોલી, તેજસના નાની. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. વિમલાબેન વાલજી ધારસી મંડલ વિજારા (ઠક્કર) (ઉં.વ. ૯૦) કચ્છ ગામ ઐડા હાલે મુલુંડ તા. ૬-૧-૨૬ના રોજ રામશરણ પામેલ છે. તે સ્વ. નરેન્દ્ર (રાજા), પરેશ, જયેશ, સ્વ. ચેતન, ગં. સ્વ. જયાબેન મંગલદાસ ભગદે, સ્વ. મીનાબેન હર્ષદભાઈ દૈયા, અ. સૌ. દિવ્યાબેન હસમુખભાઈ શેઠીયાના માતુશ્રી. ગં. સ્વ. ગીતાબેન, અ. સૌ. ઉષાબેન, અ. સૌ. વંદનાબેનના સાસુજી. સ્વ. મુલજી (બચુભાઈ) રણછોડદાસ રૂપારેલ, કચ્છ ગામ કોઠારાવાલાની પુત્રી. સ્વ. રમાબેન કાંતિલાલ સોમૈયા, ગં. સ્વ. લવિંગાબેન ત્રીકમદાસ બળીયાના બહેન. હેમલ, નયન, યશ, રશ્મી નિસાદ કોઠારીના દાદીમા. પ્રાર્થનાસભા તા. ૮-૧-૨૬, ગુરુવારના ૫.૩૦ થી ૭. ઠે. કચ્છી લોહાણા મહાજન વાડી, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠિયા વણિક**

બગસરા નિવાસી હાલ મુંબઈ સ્વ. મગનલાલ ભગવાનદાસ વખારીયાના પુત્ર કીરીટભાઈ મગનલાલ વખારીયા (ઉં.વ. ૬૩) તા. ૬-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે શ્રીમતી કલ્પનાબેન વખારીયાના પતિ. શ્રીમતી શ્વેતા હર્ષિલ શાહ, ચિ. ધ્વનીના પિતા. મહેન્દ્રભાઈ, હર્ષદભાઈ, વિજયભાઈ, શ્રીમતી ઉષાબેન રમેશકુમાર શેઠ, શ્રીમતી ગીતાબેન ગીરીશકુમાર શેઠના ભાઈ. સ્વ. લક્ષ્મીચંદભાઈ પારેખના જમાઈ. હેમંતભાઈ લક્ષ્મીચંદ પારેખ, ભરતભાઈ લક્ષ્મીચંદ પારેખના બનેવી. પ્રાર્થનાસભા તા. ૮-૧-૨૬ના ૪-૬. સ્થળઃ એસ. એન. ડી. ટી. કોલેજ હોલ, રફી અહમદ કીડવાઈ રોડ, કિંગ્સ સર્કલ, મુંબઈ-૧૯.

**કપોળ**

મહુવા વતની હાલ ભાયંદર ભારતીબેન હર્ષદરાય શેઠ (મંજુબેન) (ઉં.વ. ૮૫) તા. ૭-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. હર્ષદરાય ગુલાબરાય શેઠના ધર્મપત્ની. સથરા નિવાસી સ્વ. દોલતરાય છગનલાલ મથુરિયા (મહેતા)ના દીકરી. નીતિન, દિપલ કાર્તિક ગાંધીના માતુશ્રી. સ્વ. હર્ષા નીતિન શેઠ, સ્વ. કાર્તિક રસિકલાલ ગાંધીના સાસુ. લજ્જા હર્ષિલ સંઘવી, ભાવિનના દાદી. હીરના નાની. પ્રાર્થનાસભા તા. ૯-૧-૨૬, શુક્રવારે ૫ થી ૭. સ્થળઃ બોરીવલી કપોળ વાડી, કામીનીયા કમ્પાઉન્ડ, એમ. જી. ક્રોસ રોડ, ગોપાલજી હેમરાજ હાઈસ્કૂલની સામે, બોરીવલી ઈસ્ટ.

**કચ્છી ભાટિયા**

સૌ. નલીની ખટાઉ ધરમશી (ઉં.વ. ૮૮) તે મણીબાઈ ધરમશી મોરારજીના પુત્રવધૂ. ચંદાબેન ચત્રભુજ ભીમાણીના પુત્રી. ભાનુ લુસીદા, અતુલ, નીલેશના માતા તા. ૫-૧-૨૬, સોમવારના મુંબઈ મધ્યે શ્રીના ચરણ પામ્યા છે. લૌકિક વહેવાર બંધ છે.

**કચ્છી લોહાણા**

પરમાનંદ વસનજી રાજદેનાં ધર્મપત્ની અ.સૌ. સુશીલાબેન પરમાનંદ રાજદે (ઉં.વ. ૮૫) તા. ૬-૧-૨૬, મંગળવારના રામશરણ પામ્યા છે. મૂળ ગામ ઉબેઠા, હાલ મુલુંડ (ઈસ્ટ), તે ધીરેનનાં માતોશ્રી. ભારતી ધીરેન રાજદેના સાસુ. ગં.સ્વ. નલીનીબેનનાં જેઠાણી. સ્વ. દિલીપભાઈ, સ્વ. ડાહીબેન તથા ગં.સ્વ. સુશીલાબેનનાં ભાભી. સ્વ. ગોદાવરીબેન કેશવજી ઠક્કરનાં સુપુત્રી. સ્વ. મનોરમાબેન, સ્વ. પ્રભાબેન, સ્વ. નિર્મલાબેન તથા અરુણકુમારનાં બેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

અ.સૌ. દિનાબેન (દક્ષાબેન) (ઉં.વ. ૭૬) હાલ પાર્લા, તે શ્રી વિનોદભાઈ હરીલાલ ઠક્કરના પત્ની, કલ્પેશ, શૈલેષ, લવકુમાર (આશિષ)ના માતુશ્રી. જીજ્ઞા, મનિષાના સાસુ. નમન અને રાહુલના દાદી. નરેન્દ્રભાઈ, પ્રમોદભાઈ, લતાબેન જોબનપુત્રાના ભાભી. તે ગૌ.વા. મુક્તાબેન મુલજી તન્નાના દીકરી. તા. ૬-૧-૨૬, મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૮-૧-૨૬ના ગુરુવારે ૫થી૭. સંન્યાસ આશ્રમ વિશ્વેશ્વર ભવન, ૧લે માળે, વિલેપારલે, વેસ્ટ-મુંબઈ.

**હાલાઈ લોહાણા**

સ્વ. કમળાબેન રતીલાલ ગણાત્રા (ઉં.વ.૮૦) ગામ-જેતપુર (નવાગઢ) હાલ-વિરાર-વેસ્ટ માતુશ્રી કમળાબેન રતીલાલ ગણાત્રા તા. ૭-૧-૨૬ના અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ અને પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**પરજીયા સોની**

મૂળ ગામ ઉના હાલ શારજાહ (યુએઈ) સ્વ. મગનલાલ ત્રિભોવનદાસ જગડા (ઉં. વ. ૮૩) ૨-૧-૨૬, શુક્રવારે શારજાહ મુકામે શ્રીજીચરણ પામ્યા છે. તેઓ સ્વ. ત્રિભોવનદાસ નારણદાસ જગડા તથા સ્વ. કમલાબેન જગડાના પુત્ર. સ્વ. રસીલાબેન જગડાના પતિ. સ્વ. નાથાલાલ ત્રિભોવનદાસ, અમૃતલાલ ત્રિભોવનદાસ, સ્વ. બિપીનચંદ્ર ત્રિભોવનદાસના ભાઈ. તે સ્વ. હેમકુંવરબેન કાનજીભાઈ સાગરના જમાઈ (સુત્રા પાળાવાળા). તે મહેન્દ્ર, જયેશભાઈ, ગિરીશભાઈના પિતાશ્રી. અ. સૌ. કોમલબેન. અ. સૌ. હીનાબેન જયેશભાઈ જગડા, અ. સૌ. સોનલેબેન ગિરીશભાઈ જગડાના સસરા,. જેકિન, દીપ અને સત્યમના દાદાની પ્રાર્થના સભા ૮-૧-૨૬, ગુરુવારના સવારે ૧૧ થી ૧૨. સ્થળઃ સોની વાડી, શિમ્પોલી ક્રોસ રોડ, બોરીવલી (વે).

**લોહાણા**

મૂળગામ અમરેલી હાલ નાશિક વિનોદભાઈ પ્રાણલાલ પાંધી (ઉં. વ. ૭૫) તે દિવ્યાબેનના પતિ. ધીરજલાલ પોપટલાલ રાયચા ભિવંડીવાળાના જમાઈ. કેતનભાઈ તથા કાજલબેનના પિતાશ્રી. શૈલેષભાઈ બનૈયે તથા પુત્રવધૂ રીનબેનના સસરા. તે વિહાના દાદા બુધવાર, ૭-૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા ૯-૧-૨૬ના શુક્રવારે ૪.૩૦ થી ૫.૩૦ નિવાસસ્થાને તિરુપતિ કોપરેટીવ સોસાયટી એમએસઈબી ઓફિસની બાજુમાં, નાશિક રોડ.

**કપોળ**

ભડીયાદ નિવાસી હાલ બોરીવલી, ગં.સ્વ. કોકીલાબેન પરમાનંદ જાદવજી લકકડનાં પુત્રવધૂ તથા સ્વ. પરેશનાં ધર્મપત્ની બિન્દુ (ઉં.વ. ૫૯) તે જયનાં માતુશ્રી. જયેશ - નુતન અને શૈલેષ - રાજુલનાં ભાભી. પિયરપક્ષે સુરેન્દ્રનગર નિવાસી હાલ બોરીવલી, ગં.સ્વ. પ્રફુલાબેન વૃજલાલ ગદ્દાણીની દિકરી. તા. ૬-૧-૨૬ને મંગળવારનાં શ્રીજીચરણ પામેલ છે, પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી મોઢ વણિક**

રાણપુર નિવાસી હાલ કાંદિવલી, લાભુબેન તથા સ્વ. પ્રવિણચંદ્ર જીવરાજ પરીખના પુત્ર જગદીશભાઈ (ઉં.વ. ૬૨) તે જયશ્રીબેનના પતિ. મોનીકા તથા દિશાના પિતા. પ્રશાંતકુમાર, ધ્રુવકુમારના સસરા. સ્વ. જયંતભાઈ, હર્ષાબેન વિપુલકુમાર પરીખ, ભરતના નાનાભાઈ. ચોટીલાવાળા સ્વ. નટવરલાલ મૂળચંદદાસ પારેખના જમાઈ. શનિવાર, ૩/૧/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. બંનેપક્ષની પ્રાર્થનાસભા ૮/૧/૨૬ના ૪.૩૦થી ૬.૩૦. લોહાણા મહાજનવાડી, શંકર મંદિર પાસે, એસ વિ રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

ગામ કલાવડ સીમાણી હાલ કાંદિવલી, બિપીનભાઈ (ઉં.વ. ૬૧) તે સ્વ. ઉમિયાબેન દામોદરદાસ ઠાકરશી તન્નાના પુત્ર. સ્વ. સરલાબેન નવીનચંદ્ર રૂપારેલિયાના ભાઈ. જ્યોતિ તથા નિશા જીગ્નેશકુમાર શાહના મામા. સ્વ. જાધવજી તથા સ્વ. નંદલાલ ઠાકરશી તન્નાના ભત્રીજા. ૬/૧/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. રૂમ નં ૧૧, એન વિ ગણાત્રા ચાલ, સુભાષ લેન, કાંદિવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

મુળ ગામ કેશોદ હાલ વિરાર, સ્વ. માલતીબેન હસમુખલાલ ઠક્કર(ધનેશા)ના સુપુત્ર હિતેશ (ધનેશા) (ઉં.વ. ૪૮) તા. ૫/૧/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે હેતલબેનના પતિ. અમીષભાઈ, વૈશાલી દિલીપકુમાર ગોટેચા, પ્રમોદ, મેહુલ, વિકી, હેમાંગના મોટાભાઈ. ચાર્વીબેનના જેઠ. અનિલા મનસુખલાલના જમાઈ. સ્વ. મુક્તાબેન દામોદરદાસ ઠક્કર(ધનેશા)ના પૌત્ર. પ્રાર્થનાસભા તા. ૮/૧/૨૬ ગુરુવારના ૪.૦૦ થી ૫.૩૦. તેરાપંથી ભવન, કર્મભૂમિ, શ્રેયા હોટેલ ગલી વિરાર વેસ્ટ. લૌકીક પ્રથા બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

ભાયાવદર નિવાસી હાલ બોરીવલી, સ્વ. મોહનલાલ રાઘવજી સાંગાણીના પુત્ર જયંતીભાઈ (ઉં.વ. ૮૭) ૫/૧/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે પદમાબેનના પતિ. રશ્મિ તથા કેતનના સસરા. શૈલેષ, જીજ્ઞા, મીતાના પિતા. સ્વ. રજનીભાઇ, સ્વ. સુરેશભાઈ, સ્વ. દિનેશભાઇ, ભરતભાઈ, ચંદ્રેશ, રંજન ભુપેન્દ્રભાઈ બાબરીયા, રશ્મિ ભરત ઘોળકિયા, કુંદન દિલીપ ગગલાણીના ભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટિયા**

લતાબેન (ઉં.વ. ૮૧) સ્વ. જયંત સંપટના પત્ની. સ્વ. ગુણવંતીબેન તથા મૂળરાજ સંપટના પુત્રવધૂ. સ્વ. હંસાબેન તથા સ્વ. મથુરાદાસ કાપડિયાના પુત્રી. વિનય/ સિરીશા, રવિ/જુઈના માતા. સ્વ. પંકજભાઈ, સ્વ. નલિનભાઈ, સ્વ. માલિની રામના બેન. તા. ૩જી જાન્યુઆરી ૨૦૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શુક્રવાર ૯ જાન્યુઆરી ૨૦૨૬, ૫ થી ૭, હોલ ઓફ હાર્મની, નહેરુ સેંટર, એન્ની બેસન્ટ રોડ, વરલી.

**ઘોઘારી લોહાણા**

આટકોટવાળા હાલ મુંબઈ, સ્વ. મહેન્દ્રભાઈ હરજીવનદાસ ઠક્કર(વસંત)ના ધર્મપત્ની ગં.સ્વ. મેનાબેન ઠક્કર (ઉં.વ. ૮૩) રવિવાર, તા. ૪-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મનોજ, કૌશિક, ગં.સ્વ. ભાવિકા શિરીષ, ગં.સ્વ. પ્રીતિ રાજેશના માતોશ્રી. ગં.સ્વ. છાયા અને ભારતીના સાસુ. સાગર, બ્રિંદા, ખુશ્બુ, ભાવિકાના દાદી. આશિષ, નિકિતા, નિધિના નાની. પિયરપક્ષે ધરાઈ વાવડીના જીવરાજ ત્રિભુવનદાસ વસાણીની દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૮-૧-૨૬ના ગુરૂવાર ૫ થી ૭. સ્થળઃ શ્રી હલાઈ લોહાણા મહાજન વાડી, ૬/૧૦ ઠકુરદ્વાર રોડ, ભૂલેશ્વરની પાસે, ચર્ની રોડ, મું.૨. સર્વે લોકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

જાફરાબાદવાળા હાલ બોરીવલી, ભાનુબેન હરકીશનદાસ પ્રભુદાસ દોશી (ઉં.વ. ૯૫) તે જાફરાબાદવાળા ડો. મહેશભાઇ વેલજી પારેખના બેન. ચંદ્રીકા ભરતભાઇ મેહતા, મીના અશ્વીનભાઇ ફડીયા, નીતા જશવંતરાય સંઘવી તથા સંધ્યાના માતુશ્રી. સ્વ. અનંતરાય પ્રભુદાસ દોશી તથા તારાબેન રામજી ગોરડીયાના ભાભી. તા. ૭-૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**ચોરવાડ ગિરનારા બ્રાહ્મણ**

વિજય માધવલાલ ઠાકર (ઉં.વ. ૫૫) તા. ૪/૧/૨૬ના મુંબઈ શ્રીજીચરણ પામેલ છે. ગં.સ્વ. મુક્તાબેન અને માધવલાલ જીવનલાલ ઠાકરના પુત્ર. આરતી ઠાકરના પતિ. સ્વ. જિતેશ અને જયના પિતા. સ્વ. મનુભાઈ, સ્વ. ભગવતીભાઈ, મહેન્દ્રભાઈ, ચંદ્રિકાબેન ભવ્યકાંતભાઈ, ઉર્મિલાબેન દિપકભાઈ, પ્રિયવંદના જયેશભાઈ, વનિતાબેન સુનિલભાઈના નાનાભાઈ. સરયુબેન, લિનાબેન તથા હર્ષાબેનના દિયર. જયશ્રીબેન અને કિશોરભાઈ રતિલાલ પુરોહિતના જમાઈ. તેમનું ટેલિફોનિક બેસણું ગુરૂવાર, તા. ૮/૧/૨૬ના તેમના નિવાસસ્થાને ૫ થી ૭. વેણુ સ્મૃતિ, ફ્લેટ નં. ૪, ગૌ ગ્રાસ વાડી, ડોંબિવલી પૂર્વ, જિલ્લો થાણે.

**સુરત દશા લાડ વૈષ્ણવ વણિક**

હાલ કાંદિવલી, રશ્મિકાંત મહેતા (ઉં.વ. ૮૦) તે સ્વ. ઇન્દુમતી અને સ્વ. નટવરલાલ મહેતાના પુત્ર. સ્વ. મુગટલાલ મગનલાલ દેસાઈના જમાઈ. નલીનીબેનના પતિ. ચિરાગ, વિરાજ, શૈલાના પિતા. નિશીતા, મુકેશકુમાર ફડીયા, રવિકુમાર શાહના સસરા. ભૂપેન્દ્ર, સ્વ. સુરેન્દ્ર, સ્વ. ધીરેન, દીલીપના ભાઈ. ગં.સ્વ. બંસરી કિરીટ બુટાલા, ચારુ કૃષ્ણકાંત ગાંધીના ભાઈ. બુધવાર, ૭/૧/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શુક્રવાર, ૯/૧/૨૬ના ૫થી ૭. લોહાણા મહાજન વાડી, ૧ માળે, એસ. વી. રોડ, કાંદિવલી પશ્ચિમ.

# જૈન મરણ

**દશા સ્થાનકવાસી જૈન**

મૂળ વડિયા દેવળીના અને હાલ મુંબઈ વરલી, સ્વ. ચંપાબેન શાંતિલાલ પંચમીયા (કોઠારી)ના પુત્રવધૂ અને સ્વ. વિનોદભાઈ કોઠારીના ધર્મપત્ની ગં.સ્વ. આરતીબેન કોઠારી (ઉં.વ. ૮૦), જેઓ ચિ. અભિજિત કોઠારી તથા સ્વ. અપર્ણા શાહના માતુશ્રી. સૌ. શ્વેતા તથા સ્વ. ઉર્મિલભાઈના સાસુ. નટવરભાઈ કોઠારી, સ્વ. જિતેન્દ્રભાઈ કોઠારી, સ્વ. પુષ્પાબેન દોશી, ગં.સ્વ. ગુણવંતી ઉદાણી, સૌ. મધુબેન પારેખ, સૌ. ઈલાબેન શાહના ભાભી. તથા સૌ. હંસા કોઠારી અને ગં.સ્વ.નીલા કોઠારીના જેઠાણી. તા. ૫-૧-૨૬ના સ્વર્ગવાસ પામેલ છે. (પ્રાર્થનાસભા-લૌકિક વ્યવહાર બંધ છે.)

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

ભાદ્રા જાડિયા નિવાસી હાલ નાલાસોપારા, વિનોદરાય પરમાણંદ પ્રેમચંદ રામાણી (ઉં.વ. ૬૮) ૫/૧/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે રેખાબેનના પતિ. રાજેશ તથા દીક્ષિતાના પિતા. મિલનકુમાર વંદનાના સસરા. ખુશાલભાઈ, પ્રવીણભાઈ, બળવંતરાય, જયાબેન, માલતીબેન, નિમુબેન, કમુબેન તથા હીરાબેનના ભાઈ. સાસરાપક્ષે સ્વ. ન્યાલચંદ મોહનલાલ ભીમાણીના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

નાવડા નિવાસી હાલ વસઈ, ગં.સ્વ. કમળાબેન અમૃતલાલ મિયાણીના સુપુત્ર સ્વ. પ્રકાશભાઈ (ઉં.વ. ૬૪) તા. ૫-૧-૨૬ના અરિહંતરણ પામેલ છે. તે હર્ષાબેનના પતિ. અંકિતા મિતુલ બગડીયા, બિનીતા વંદન મહેતા, દિવ્ય, દર્શનના પિતાશ્રી. સ્વ. જીતેન્દ્રભાઈ, બરવાળા સંપ્રદાયના ધર્મેન્દ્રમુની મ.સા. રમેશભાઈ, નયનાબેન ઉમેશભાઈ શાહના ભાઈ. ગઢાળી નિવાસી હાલ કલ્યાણ ગં.સ્વ. મંગળાબેન નરોત્તમભાઇ ગાંદ્રાણીના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૮-૧-૨૬ના ગુરુવારના ૩ થી ૫. સ્થળઃ સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, ગુજરાતી સ્કૂલની પાછળ, માણેકપુર, વસઈ વેસ્ટ.

**દશાશ્રીમાળી સ્થા. જૈન**

ગઢડા સ્વામીના નિવાસી હાલ બોરીવલી ઇસ્ટ, સ્વ. બટુકભાઈ મગનલાલ શાહના ધર્મપત્ની ગં.સ્વ. વસુમતિ બટુકભાઈ શાહ (ઉં.વ. ૮૯) તે રાજેશભાઈ, ધનેશભાઈ તથા અલ્પાબેનના માતુશ્રી. શીતલબેન, રીટાબેન તથા કમલેશકુમારના સાસુ. પિયરપક્ષે ચામોરશી નિવાસી વ્રજકુવરબેન ધનજીભાઈ ગાંધીના દિકરી. છબીલભાઈ ગાંધી, સ્વ. નિર્મળાબેન, સ્વ. મૃદુલાબેનના બેન. કરણ, ભવ્ય, દિવ્ય, સંકેત, ટીશા, ઈશ્વરીના બા. તા. ૩-૧-૨૬ને શનિવારે અરિહંતશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૯-૧-૨૬ને શુક્રવારે ૩ થી ૫. સ્થળઃ સર્વોદય હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, ડાયમંડ ટૉકીઝની સામે, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દાઠા નિવાસી હાલ વિલેપાર્લે, સ્વ. લીલાવંતીબેન તથા સ્વ. હીરાલાલ વીરચંદ ગાંધીના પુત્ર ભોગીલાલ ગાંધી (ઉં.વ. ૭૫) ૪/૧/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મીનાબેનના પતિ. ગૌરાંગ-કેતકી તથા હિરલ ચિંતનકુમાર દોશીના પિતા. સ્વ. પ્રતાપરાય, હસમુખરાય, શશીકાંત, કિરીટ, મંજુલાબેન, ભાનુબેન, ભાવનાબેન, સુધાબેન, વીણાબેન, શીલારત્નશ્રી (નયનાબેન)ના ભાઈ. સાસરાપક્ષે સ્વ. ઉર્મિલાબેન ઇન્દુકુમાર શાહના જમાઈ. પ્રાર્થનાસભા ૯/૧/૨૬ના ૩ થી ૫. સરદાર પટેલ બાગ, દાસકાકા પાટીદાર હોલ, આર્ય ભવનની બાજુમાં, અગ્રવાલ માર્કેટ, પાર્લા ઈસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા જૈન**

બોટાદ નિવાસી હાલ વિલેપાર્લે, સ્વ. મોહનલાલ જીવાભાઈ ખંધારના પુત્ર મહાસુખભાઈ (ઉં.વ. ૮૯) ૬/૧/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે મંજુલાબેનના પતિ. સ્વ. નંદલાલ, સ્વ. અમીચંદભાઈ, સૂર્યોકાંત, સ્વ. કાંતાબેન ચીમનલાલ, સ્વ. શાંતાબેન ચીમનલાલના ભાઈ. ગોંદિયા નિવાસી સ્વ. જીવરાજભાઈ ઉજમશી શેઠના જમાઈ. સ્વ. અમુભાઈ, સ્વ. ભગુભાઈ, સ્વ. જયંતીભાઈ, ભરતભાઈ, રવિભાઈ, કનુભાઈ, સ્વ. હંસાબેન ભુપેન્દ્રભાઈ સંઘરાજ, નિમુબેન પારેખ, સ્મિતાબેન મહેશભાઈ કપાસીના બનેવી. પ્રાર્થનાસભા ૮/૧/૨૬ના ૫ થી ૭. અમૃતબાગ, બજાજ રોડ શિવ આદર્શ ડેરી પાસે, પાર્લે વેસ્ટ.

**દેરાવાસી કચ્છી ગુર્જર જૈન**

ગામ કચ્છ(ભુજ) હાલ હૈદ્રાબાદ, માતુશ્રી કંચનબેન પુનમચંદ શાહ (ઉં.વ. ૮૮) મંગળવાર, તા. ૬-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.પુનમચંદ મણિલાલ શાહના ધર્મપત્ની. રાજેશ, રીતેશ, સમીરના માતુશ્રી. ભાવના, રીતુ, સુનીતાના સાસુ. જુહી, નમિતા, કશિષ, સાન્વી, પરિધિના દાદી. સ્વ. ભાણજી પોપટભાઈ, સ્વ. ગુલાબબેનના પુત્રી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૮/૧/૨૬ના ૪ થી ૪.૩૦. કચ્છીભવન હૈદ્રાબાદમાં.

**સુરતવીશા ઓસવાલ શ્વે. મુ. પૂ. જ્ઞાતિ જૈન**

નિકુંજભાઈ અમીચંદ ઝવેરી (ઉં.વ. ૭૩) તા. ૭-૧-૨૬ બુધવારનાં અરીહંતશરણ પામ્યાં છે. તે સ્વ. અમીચંદ ખીમચંદ ઝવેરી તથા સ્વ. સુભદ્રાબેન અમીચંદ ઝવેરીનાં સુપુત્ર. નીતાબેનનાં પતિ. યોગેશભાઈ, ચેતનાબેનનાં ભાઈ. વિશાલ, મોહિતનાં પિતા. સેજલ, શ્રેયાનાં સસરા. સ્વ. જીવનચંદ સોભાગચંદ ઝવેરી તથા સ્વ. ચંદ્રીકાબેન જીવનચંદ ઝવેરીનાં જમાઈ. પ્રાર્થનાસભા તા. ૯-૧-૨૬ શુક્રવારનાં સાંજનાં ૫ થી ૭. સ્થળઃ ભારતીય વિદ્યા ભવન, ગીરગામ ચોપાટી.

**ઝાલાવાડ શ્વે.મૂ.પૂ. જૈન**

વઢવાણ શહેર નિવાસી હાલ કાંદિવલી, સ્વ. મંગળાબેન ડામરદાસ શાહના પુત્રવધૂ અ.સૌ. શારદાબેન (ઉં.વ. ૮૫) તા. ૭-૧-૨૬ને બુધવાર અરિહંતશરણ પામેલ છે. તે મહાસુખભાઇના ધર્મપત્ની. પારુલ ચેતનભાઈ, સંદીપ-સોનલ, શિલ્પા બીજલભાઈ, સેજલ કૌશલભાઈના માતુશ્રી. યેશા વિરલભાઈ, આયુષી, આશ્વી, દેવમ, સાક્ષી, ઊર્જા, દૈવિક, મુનિરાજ શ્રી જિનાજ્ઞાશેખર મ.સા.ના સંસારી દાદી. તારાબેન વિનુભાઈ શાહ, કંચનબેન રસિકલાલ ચિકાણી, કમળાબેન ધીમંતકુમાર વોરાના ભાભી. પિયરપક્ષે સુરેન્દ્રનગર નિવાસી કકુભાઈ તારાચંદ શાહની દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ગુર્જર જૈન**

ગામ કચ્છ દેશલપર-કંઠી હાલે ઘાટકોપર, શ્રીમતી ચંદનબેન રવિલાલ મહેતા (ઉં.વ. ૯૫) મંગળવાર, તા. ૬-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. રવિલાલ વેલજી મહેતાના ધર્મપત્ની. સ્વ. ચંચલબેન લાલચંદ પરષોત્તમ સંઘવી (ગોધરા)ના સુપુત્રી. મહેન્દ્રભાઈ, મુકેશભાઈ, સ્વ. દિપકભાઈ, જ્યોત્સાબેનના માતુશ્રી. ગીતાબેન, સ્વ. બીનાબેન, પ્રતિમાબેન, મહેન્દ્રકુમારના સાસુ. નવિનચંદ્ર, સ્વ. માનવંતીબેનના મોટાબેન. નિવાસસ્થાનઃ ૧૧૦૧, આરાધ્યા સાફલ્ય, પ્લોટ નં. ૮૧, ગારોડિયા સ્કૂલની સામે, ગારોડિયા નગર, ઘાટકોપર ઈસ્ટ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ મનફરાના સ્વ. ભાનુબેન રતીલાલ (પ.પૂ. મુક્તાનંદ વિજયજી મ.સા) સાવલાના સુપુત્ર સ્વ. મહેન્દ્ર (ઉં.વ. ૬૮) રવિવાર, તા. ૪-૧-૨૬ના અવસાન પામેલ છે. અમૃતીબેનના પતિ. પૂજા, તીર્થના પિતાશ્રી. દેવેન, ધ્વનીના સસરા. મનફરાના સ્વ. વેજીબેન ગાંગજી લધા દેઢિયાના જમાઈ. પ્રાર્થના સભા ગુરુવાર, તા. ૮-૧-૨૬ના સમય ૩.૦૦ થી ૪.૩૦ સ્થળઃ યોગી સભાગૃહ, પહેલે માળે, દાદર-ઈસ્ટ, નિવાસ સ્થાનઃ ૩૦૨, શાસ્ત્રી હોલ, ગ્રાન્ટરોડ-વેસ્ટ, મુંબઈ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ ભચાઉના ખેતઈબેન લખમશી ભારમલ છેડા (ઉં.વ. ૮૬) મુંબઈ મધે તા. ૬-૧-૨૬ના અવસાન પામેલ છે. કામલબેન ભારમલના પુત્રવધૂ. ડાઈબેન જીવણ છાડવાના દિકરી. ધનસુખ, અરવિંદ, દિવાળી, વિમળા, મંજુલા, હેમલતાના માતુશ્રી. આશા, મંજુ, રમણીક, દિનેશ, મનસુખ, ભરતના સાસુ. રોહન, પ્રતિક, નેહા, અર્પિતાના દાદી. નિકિતા, અંકિતા, સ્વરૂપના દા.સાસુ. પ્રાર્થના સભા તા. ૮-૧-૨૬ ગુરુવાર સમય બપોરે ૪ થી ૫.૩૦ કલાકે. સ્થળઃ શ્રી કરશન લધુભાઈ નિસર હોલ દાદર-વેસ્ટ નિવાસ સ્થાનઃ ૩૦૭ વોર્ડના કોટ, ગોવાલીયા ટેંક, ગ્રાન્ટરોડ-વેસ્ટ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ ભરૂડિયાના સ્વ. ખેતઈબેન ભુરા રામા સતરાના સુપુત્ર વેલજી (ઉં.વ. ૯૧) રવિવાર, તા. ૪-૧-૨૬ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. કામલબેનના પતિ. સ્વ. માઈબેન પરબત ગોવર છેડાના જમાઈ. કાંતી, નવીન, રંજન, પ્રેમજી, કિર્તીના પિતાશ્રી. જવેર તરલા, નયના, ગુણવંતી, નવીન રતનશી ગાલાના સસરા. પ્રમોદ, નિલેશ, સ્વપનીલ, દિપેશ, દિપેન, હર્ષા, ચંદા, શ્વેતા, નેહલ, ઈશિકાના દાદા. પ્રાર્થના સભા ગુરુવાર, તા. ૮-૧-૨૬ સમય ૩.૦૦ થી ૪.૩૦ સ્થળઃ યોગીસભાગૃહ, દાદર-ઈસ્ટ, ઠેકાણું. એ-૩૦૨, રાજદિપ એપાર્ટમેન્ટ, એલ.બી.એસ. માર્ગ કુર્લા-વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોડાયના લક્ષ્મીચંદ કાનજી સાવલા (ઉં.વ. ૮૨) ૫-૧-૨૬ના અવસાન પામેલ છે. કસ્તુરબેન કાનજી આશધીરના પુત્ર. રશ્મી (રૂક્ષ્મણી)ના પતિ. મયુર, સોનલ, સેજલના પિતા. બિદડાના તેજબાઇ માવજી ફુરીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. લક્ષ્મીચંદ સાવલા, એ/૩૦૭, તુળજાઇ, કાર્ટર રોડ નં. ૪, બોરીવલી (ઇસ્ટ).

મોખાના હિતેશ વેલજી સૈયા (ઉં.વ. ૫૫) ૪-૧-૨૬ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન વેલજીના પુત્ર. રીટાના પતિ. અવની, હેલીના પિતા. રાજેશ, ભારતી, વર્ષા, તરૂણાના ભાઇ. મણીબાઇ શાંતીલાલના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા. સં.સં. કરસન લઘુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦. નિ. રીટા સૈયા, ૧૨, માતૃ છાયા, આર.આર. ઠાકુર માર્ગ, જોગેશ્વરી (પૂ.).

કોડાયના હાલે અગાશ (ગુજરાત) રજનીકાંત હરીલાલ સાવલા (ઉં.વ. ૬૫) તા. ૩-૧-૨૬ના અવસાન પામેલ છે. ઉમરબાઇ હરીલાલ દેવજીના પુત્ર. રંજનના પતિ. રોહીતના પિતા. અમૃત, વિમળા, હેમલતા, ધીરજ, ધનસુખના ભાઇ. બાડા વેજબાઇ અરજણ વીરાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. રોહીત સાવલા, વિઠ્ઠલ કાનજી હાઉસ, ૪થી ગલી, ધોબી તળાવ, મરીન લાઇન્સ (ઇ.) મું. ૨.

મેરાઉના નિર્મળાબેન દેઢીયા (ઉં.વ. ૭૬) તા. ૬-૧ના અવસાન પામેલ છે. સ્વ. પ્રાણલાલના ધર્મપત્ની. જેઠીબાઇ વીરજીના પુત્રવધૂ. નયન, ચેતન, જીજ્ઞા, બિદડા ચેતના ઉદયના માતા. મગનલાલ કલ્યાણજી પાનબાઇ નાનબાઇ ઝવેરબેન દમયંતીબેનના બેન. પુનડી મણીબેન કુંવરજીના પુત્રી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. નયન દેઢીયા, ૩૦૨, રામકૃપા બિલ્ડીંગ, બાભઇ નાકા, ટી.પી.એસ. રોડ, બોરીવલી (વે.).

મોટી ખાખરના મણીબેન ઉમરશી સંગોઇ (ઉં.વ. ૮૮) તા. ૬/૧ના અવસાન પામ્યા છે. ઉમરશી ખેતશીના ધર્મપત્ની. ભાણબાઈ ખેતશી મોનજીના પુત્રવધૂ. બિપીન, હેમલતા, જ્યોતી, કુસુમ, વર્ષા, નીતાના માતુશ્રી. નવીનાર નેણબાઈ દેવરાજ મુરજીના પુત્રી. વલ્લભજી, દામજી, દિનેશના બેન. ત્વચાદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. બિપીન સંગોઇ : અ-૫૦૪, મહાવીર રેસીડેન્સી, એલ.બી.એસ., મુલુંડ-વે.

# પારસી મરણ

હોશંગ અસ્પંદીયાર ઈરાની તે મરહુમ પરવીનના ધની. તે મરહુમો માનેકબઈ અસ્પંદીયાર ઈરાનીના દીકરા. તે દીલનવાઝ ને ખુશરોના પપ્પા. તે યાસમીનના સસરા. તે મરહુમો બરજોર ને પીલુના ભાઈ. તે અક્યાનના બપવાજી. (ઉં.વ. ૮૫). રહેવાનું ઠેકાણુંઃ ૪/બી, કરાકા બિલ્ડીંગ, મર્ઝબાન કોલોની, ગીલદર લેન, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮. ઉઠમણાંની ક્રિયા તા. ૮-૧-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે પેતરસ સગદી પર છેજી.

મની દારબશા ભરુચા તે મરહુમો દીના દારબશા ભરૂચાના દીકરી. તે નોશીરના બહેન. તે બીનાઈફર ને મોનાઝના ફુઈ. તે નરગીશ નોશીર ભરૂચાના નરણ. (ઉં.વ. ૮૨) ઠે. બ્લોક નં. ૯, ખરેઘાત કોલોની, મુંબઈ-૪૦૦ ૦૦૮. ઉઠમણાની ક્રિયાઃ તા. ૦૮.૦૧.૨૬ના દીને બપોરે ૩.૪૫ વાગે વાચ્છા ગાંધી અગ્યારીમાં છે.

મેહરુ કેરશાસપ કોલાહ તે કેરશાસપના ધન્યાની. તે મરહુમો ફ્રેની મેહરવાનજી વાચછાના દીકરી. તે અસપી, ફરોખ, પરસીસના માતાજી. તે જેસમીન, ગુલેસતાન ને કાઈરસના સાસુજી. તે મરહુમો ફરામરોઝ, ધનજી, કુમીના બહેન. તે નાઝનીન, કેરમાનશા, જમશીદ, અદીલના બપઈજી. (ઉં.વ. ૮૯) ઠે. એ/૩૩ આનંદનગર, ફોરજેત સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૩૬. ઉઠમણાની ક્રિયાઃ તા. ૦૮-૧-૨૬ને દીને બપોરે ૦૩.૪૦ વાગે ઉપરની ભાભા નં. ૧માં ડુંગરવાડી પર છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે તે જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પુરુષ



## મેલ મેટર્સ

અંકિત દેસાઈ

feedback@bombaysamachar.com

## ફાધરહૂડ બ્લૂઝઃ પિતા બન્યા પછીનું એ વણકહ્યું મનોમંથન

સામાન્ય રીતે ઘરમાં બાળક આવવાનું હોય ત્યારે બધી જ ચર્ચા, કાળજી અને સંવેદના ,વગેરે માતાની આસપાસ કેન્દ્રિત હોય છે.

'પોસ્ટપાર્ટમ ડિપ્રેશન' (Postpartum Depression) વિશે આપણે ઘણું સાંભળ્યું છે, જે માતા અનુભવે છે , પરંતુ આ બધાની વચ્ચે એક વ્યક્તિ એવી પણ હોય છે જે બહારથી મક્કમ દેખાય છે પણ અંદરથી એક અજાણ્યા મનોવૈજ્ઞાનિક વંટોળમાંથી પસાર થતી હોય છે અને એ છે 'પિતા'.

પુરુષોમાં જોવા મળતી આ માનસિક સ્થિતિને મનોવિજ્ઞાનની ભાષામાં 'ફાધરહુડ બ્લૂઝ' અથવા 'પેટરનલ પોસ્ટપાર્ટમ ડિપ્રેશન' કહેવામાં આવે છે.

બાળકના જન્મ પછી પિતાના જીવનમાં આવતાં પરિવર્તનો માત્ર આર્થિક કે સામાજિક નથી હોતા, તે ઊંડા માનસિક અને જૈવિક પણ હોય છે. પુરુષ પહેલીવાર પિતા બને છે ત્યારે તેના પર અચાનક 'પ્રોવાઈડર' (પૂરું પાડનાર) અને 'પ્રોટેક્ટર' (રક્ષક) બનવાનું એક અદ્રશ્ય દબાણ આવી જાય છે. સમાજમાં એવી માન્યતા ઘર કરી ગઈ છે કે પિતાએ હંમેશાં પહાડ જેવા અડગ રહેવું જોઈએ. આ જ અપેક્ષા તેને પોતાની અનેકવિધ મૂંઝવણ વ્યક્ત કરતા રોકે છે.

ફાધરહુડ બ્લૂઝનાં મુખ્ય કારણોમાં સૌથી મોટું કારણ છે 'જીવનશૈલીમાં એકાએક ફેરફાર'....

બાળક આવ્યા પછી ઊંઘની અછત, પત્ની સાથેના સંબંધોમાં આવતો બદલાવ અને અંગત સમયનો અભાવ પુરુષને માનસિક રીતે થકવી દે છે. પત્નીનું સંપૂર્ણ ધ્યાન હવે બાળક પર હોય છે, જેના કારણે ઘણા પુરુષ અજાણતા જ પોતાને 'ઉપેક્ષિત' અનુભવે છે. તેમને લાગે છે કે તેમની ભૂમિકા હવે માત્ર હોસ્પિટલના બિલ ભરવા કે ઘરની વસ્તુઓ લાવવા પૂરતી જ મર્યાદિત રહી ગઈ છે. આ 'સેકન્ડરી' હોવાનો અહેસાસ તેમને માનસિક એકલતા તરફ ધકેલે છે.

બીજું મહત્ત્વનું પાસું આર્થિક જવાબદારીનો બોજ છે. બાળકનું ભવિષ્ય, શિક્ષણ અને વધતા જતા ખર્ચાઓ વિશે વિચારીને નવો બનેલો પિતા સતત ચિંતામાં રહે છેઃ શું હું મારા પરિવારને શ્રેષ્ઠ સુખ-સુવિધાઓ આપી શકીશ? શું હું એક સારો આદર્શ પિતા બની શકીશ?

આ 'પરફોર્મન્સ એન્ઝાઈટી' તેને સતત તણાવમાં રાખે છે. નવાઈની વાત એ છે કે, સંશોધનો મુજબ પિતા બનતી વખતે પુરુષોના શરીરમાં પણ હોર્મોનલ ફેરફારો થાય છે. ટેસ્ટોસ્ટેરોનનું સ્તર ઘટવું અને કોર્ટિસોલ (સ્ટ્રેસ હોર્મોન) વધવાને કારણે એ ચીડિયાપણું કે ઉદાસી અનુભવે છે.

જોકે સૌથી મોટી કરુણતા એ છે કે પુરુષ આ લાગણીઓ કોઈને કહી શકતો નથી. જો તે કહે કે તેને ડર લાગે છે અથવા તે થાકી ગયો છે તો સમાજ તેને 'નબળો' ગણાવે છે. પરિણામે, તે આ બ્લૂઝને છુપાવવા માટે કાં તો કામમાં વધુ પરોવાઈ જાય છે અથવા તો અંતર્મુખી બની જાય છે. ઘણીવાર આ સ્થિતિ ગુસ્સા કે ચીડિયાપણા સ્વરૂપે બહાર આવે છે, જે પરિવારમાં કલેશનું કારણ બને છે.

ફાધરહુડ બ્લૂઝમાંથી બહાર આવવા માટે સૌથી પહેલું પગલું છે 'સ્વીકાર'. પુરુષે એ સમજવાની જરૂર છે કે પિતા બન્યા પછી ડર લાગવો કે ગભરામણ થવી એ સાવ સ્વાભાવિક છે. પત્ની અને પરિવારના સભ્યોએ પણ સમજવું જોઈએ કે પિતાને પણ સંવેદનાત્મક ટેકાની જરૂર હોય છે. પિતાએ બાળકની માવજતમાં સક્રિય રીતે જોડાવવું જોઈએ. જ્યારે પિતા બાળકને નવડાવે, ડાયપર બદલે કે રમાડે ત્યારે તેના શરીરમાં 'ઓક્સિટોસિન' (લવ હોર્મોન) મુક્ત થાય છે, જે તણાવ ઘટાડવામાં મદદ કરે છે.

ઈનશોર્ટ, ફાધરહુડ બ્લૂઝ એ કોઈ બીમારી નથી, પણ જીવનના એક નવા અધ્યાયમાં પ્રવેશતા પહેલાંનો આંતરિક સંઘર્ષ છે. આપણે એક એવા સમાજનું નિર્માણ કરવું પડશે જ્યાં પિતા માત્ર 'ATM મશીન' કે 'શિસ્તના આગ્રહી' તરીકે જ નહીં, પણ એક સંવેદનશીલ મનુષ્ય તરીકે પણ સ્વીકારાય. પિતાનું મૌન તેની મજબૂતી નથી, પણ ક્યારેક તેની અંદર ચાલતી મથામણની નિશાની હોય છે. જો આપણે માતાના પોસ્ટપાર્ટમ ડિપ્રેશન વિશે વાત કરી શકતા હોઈએ તો પિતાના આ 'વણ કહ્યા બ્લૂઝ' વિશે પણ ખુલીને વાત કરવાનો સમય આવી ગયો છે. પિતા પણ માણસ છે, અને તેને પણ કહેવાનો હક છે કે, 'હા, પિતા બનવું અઘરું છે, અને મને પણ --સાથની જરૂર છે.' ■



## ડિયર હની... તારો બન્ની

### પત્નીને પત્ર

કૌશિક મહેતા

feedback@bombaysamachar.com

## સ્ત્રી પર શાયરી બેશુમાર ને પુરુષ પર કેમ નહિ?

*ડિયર હની,*

'વોઈસ ઓફ મુકેશ મુખ્તાર શાહ' ના કાર્યક્રમમાં આપણે બંને સાથે હતાં. એણે બહુ મજાની વાત કરી હતી કે, બધી શાયરી સ્ત્રીઓ પર જ લખાયેલી છે. એમની આંખ, એમના હોઠ, ચહેરો અને શરીર પર લખાયું છે, પણ પુરુષ વિષે કોઈ નથી લખતું.

મુખ્તારે આ વાત હળવાશમાં કરી, પણ સાવ સાચી છે. શાયરો અને કવિઓ સ્ત્રીની સુંદરતા વિશે જ લખતા આવ્યા છે. કોઈ કવયિત્રીએ પુરુષ વિશે, એની સુંદરતા વિશે બહુ ઓછું લખ્યું છે.

એનું કારણ એ છે કે, સમાજમાં એક માન્યતા છે કે સ્ત્રી એટલે કોમળતા, સુંદરતા અને લાગણી એટલે તેના પર શાયરીઓ વધુ લખાઈ, પણ પુરુષ એ સંઘર્ષ, મક્કમતા અને છૂપા પ્રેમનું પ્રતીક છે, જેના પર પણ ખૂબ સુંદર કવિતાઓ લખી શકાય છે. અલબત, એવું લખાયું છે ઓછું.

પુરુષો પર ઓછું કેમ લખાય છે એનાં કારણો ગણાવી શકાય એમ છે. પુરુષો મોટાભાગે પોતાની લાગણીઓ વ્યક્ત કરતા નથી એટલે કવિઓનું ધ્યાન તેમની સુંદરતા કરતાં તેમનાં કામ પર વધુ જાય છે. અને સૌથી સબળ કારણ એ છે કે, વર્ષોથી સ્ત્રીને 'પ્રેરણા' તરીકે, જ્યારે પુરુષને 'રક્ષક' તરીકે જોવામાં આવે છે. રક્ષકના સંઘર્ષને લોકો ઘણીવાર ફરજ સમજી લે છે, કવિતા નહીં.

બીજી તરફ, સ્ત્રીની શારીરિક રચના બધાને આકર્ષિત કરે છે અને એ કવિઓ માટે કવિતાનો કે ગીતનો વિષય બની જાય છે.

એમને પ્રેરણા મળી જાય છે, પણ સ્ત્રીના જીવનમાં જ પુરુષની મહત્ત્વની ભૂમિકા છે. સ્ત્રી પણ પુરુષને જોઈ આકર્ષિત તો થાય છે. છતાં એના વિષે ભાગ્યે જ લખાય છે અને લખાય છે તો એના સંદર્ભ અલગ છે.

અંગ્રેજીમાં આવા વિષય પર ઘણું લખાયું છે. એમાં ય રુડયાર્ડ કિપલિંગની 'ઇફ' કવિતા બહુ જાણીતી છે, જેમાં પુરુષની વ્યાખ્યા કરવામાં આવી છે, જેમ કે, એમાં લખાયું છે કે, 'આખી દુનિયા તમારી પર શંકા કરે, ત્યારે પણ તમે તમારી જાત પર અડગ વિશ્વાસ રાખી શકો અને સાથે સાથે તેમની શંકાને સમજવાની ઉદારતા પણ રાખો, તો તમે સાચા પુરુષ છો....' આ કવિતામાં એમ પણ લખાયું છે કે, જો તમે સફળતામાં છકી ન જાઓ અને નિષ્ફળતામાં ભાંગી ન પડો, પણ બંનેને એક સમાન રીતે સ્વીકારો તો એ તમારી અસલી સુંદરતા છે.

બહુ જાણીતા સર્જક માયા એન્જેલોના પુરુષ પરના વિચારો જાણીતા છે. એ લખે છે, પુરુષની ઓળખ તેની ભુજાઓની તાકાતમાં નથી, પણ તેના ચરિત્રની મજબૂતીમાં છે. પુરુષ જ્યારે પોતાની ભૂલો સ્વીકારે અને નમ્ર બને, ત્યારે જ તે સૌથી વધુ શક્તિશાળી લાગે છે. સ્ત્રી પુરુષનાં સાહચર્ય વિષે તો એમણે અદભુત વાત કરી છે કે, પુરુષની હાજરી સુરક્ષાનો અહેસાસ આપવી જોઈએ અને તેના શબ્દો ડહાપણ આપનારા હોવા જોઈએ. અને એમણે જાહેરમાં એમ લખેલું કે, હું એ પુરુષનો આદર કરું છું જે પોતાનું સન્માન કરે છે, પણ હું એ પુરુષને પૂજું છું જે માનવતાનું સન્માન કરે છે.

ગુજરાતીમાં પણ આવું લખાયું છે. કેટલીક કવયિત્રીઓએ મજાનું લખ્યું છે. નીલમ દોશીએ લખ્યું છે કે, તને પથ્થર કહું તો મારું અસ્તિત્વ રડશે, તારા મૌનને સમજતા મને આખું આયખું નડશે. એષા દાદાવાલા તો લખે છે કે, 'પુરુષ એટલે સ્ત્રીના કપાળ પરનું એ આશ્વાસન, જે માત્ર સ્પર્શથી કહી દે છે કે 'હું છું ને!'

એની સુંદરતા એની જીતેલી બાજીઓમાં નથી, પણ હારેલી ક્ષણોમાં એના સ્મિતને સાચવી રાખવાની રીતમાં છે!'

સ્ત્રીઓની એક ફરિયાદ હંમેશાં હોય છે કે, એમના કામની કદર થતી નથી. આ વાત સાવ ખોટી પણ નથી. સ્ત્રી ઘરમાં અને ઓફિસમાં કામ કરે છે. બંને જગ્યાએ જવાબદારી દિલથી નિભાવે છે પણ એમને કોઈ થેંક યુ' પણ કહેતું નથી. આવી ફરિયાદ તો પુરુષ પણ કરી શકે છે? પત્ની કે માતાની વાહ વાહ તો થાય છે પણ પતિ કે પોતાની કેટલી વાહવાહી થાય છે? હા એ વાત પણ સાચી કે, સૌથી વધુ જોક પણ સ્ત્રીઓ પર થાય છે. એ બાબતે સ્ત્રી કે પત્ની સોફ્ટ ટારગેટ બને છે.

ગમે તે કહો, સ્ત્રીના સૌન્દર્યની વાત વધુ થાય છે અને પુરુષના સામર્થ્યની વાત વધુ થાય છે. સ્ત્રી અને પુરુષ માટે આ બે ખાના પડી ગયા છે. એનાથી વાત બહુ આગળ વધતી નથી. આ સમાજે સ્વીકારેલી વાત છે. પરમ્પરા બની ગઈ છે. અને પરમ્પરા બહુ જલદી બદલાતી કે તૂટતી નથી હોતી. હળવાશમાં એમ કહેવામાં આવે છે કે, 'સ્ત્રી કલ ભી ભારી થી, આજ ભી ભારી હૈ. પુરુષ કલ ભી આભારી થા , આજ ભી આભારી હી હૈ....!'

**તારો બન્ની**

# માતા-પિતા બોજ છે?

## સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com

નીલા સંઘવી

ત્રણ-ચાર બાળકોને માતા-પિતા આસાનીથી ઉછેરે છે. એક જ રૂમનું ઘર હોય તોય માતા-પિતા બાળકોને પ્રેમથી ઉછેરે છે, પણ એ જ માતા-પિતા વૃદ્ધ થાય, બાળકો યુવાન થાય ત્યારે એ જ ચાર બાળકો વચ્ચે માતા-પિતા સચવાતા નથી. ઘણીવાર તો મા-બાપ બેમાંથી એક જ હયાત હોય છે તો ય સચવાતા નથી. હા, એ વાત સાચી છે કે આજે ત્રણ-ચાર સંતાન નથી હોતા, બેજ હોય છે અને ક્યારેક તો એક જ.

સ્મિતાબહેન અને શિરીષભાઈને એક દીકરો અને એક દીકરી. મધ્યમવર્ગીય પરિવારમાં બેય બાળકના યોગ્ય ઉછેર થયા. માતા-પિતા તરફથી ભરપૂર પ્રેમ-વહાલ મળ્યા. બંને સારું ભણ્યા-ગણ્યા અને યોગ્ય ઉંમરે પરણી પણ ગયા. બંને સંતાન પોતાની રીતે સુખી હતા. દીકરો વરી પરણીને કેનેડા સ્થાયી થયો. દીકરી અમદાવાદ જ હતી. સ્મિતાબહેન- શિરીષભાઈને હાશ થઈ. બંને સંતાનોને પોતાની મર્યાદિત આવક અને ઓછા સાધનો છતાં સરસ રીતે ઠેકાણે પાડ્યા. દીકરી અમદાવાદમાં બાજુમાં જ હતી એટલે બંનેને આશ્વાસન હતું કે દીકરો દૂર છે , પણ દીકરી બાજુમાં જ એટલે સાજેમાંદે ચિંતા નથી. સ્મિતાબહેન-શિરીષભાઈ હજુ તો ફીટ એન્ડ ફાઈન જ હતાં .. બ્લડપ્રેશર, સાયનસ જેવી બીમારીઓ હતી પણ નિયમિત દવા લેવાથી વાંધો આવતો ન હતો. બંને રિટાયર્ડ લાઈફ શાંતિ અને સંતોષથી જીવતા હતા. દીકરો તો દૂર હતો પણ દીકરીનેય તકલીફ ન આપતા. આજની ફાસ્ટ લાઈફમાં જીવતું જનરેશન સમય આપી શકે તેમ નથી. આ સંતાનો પોતાની જિંદગીમાં જ એટલા બધાં ઉલઝેલા છે કે માતા-પિતાના પ્રશ્નો ઉકેલવાનો તેમની પાસે સમય જ નથી. તેથી શિરીષભાઈ-સ્મિતાબહેન પોતાની તકલીફની વાત દીકરા-દીકરી બેમાંથી એકેયને કરતા નહીં પોતાની મુસીબત સાથે પોતે જ લડી લેતા. સિત્તેરના થવા આવ્યા છતાં આજ સુધી તેમને પોતાના સંતાનોની મદદ લેવાની જરૂર પડી ન હતી.

કેનેડાથી પુત્ર ત્રણ અઠવાડિયાનું વેકેશન લઈને આવ્યો હતો. પુત્ર સાથે પુત્રવધૂ અને પૌત્ર પણ હતા. પુત્રનો પરિવાર આવ્યો હતો. સ્વાભાવિક છે કે દીકરી-જમાઈ પણ પોતાના ભાઈ-ભાભી-ભત્રીજાને મળવા આવે જ. રવિવારની રજાને દિવસે દીકરી-જમાઈ-દોહિત્રી સ્મિતાબહેનને ઘેર આવ્યા. સ્મિતાબહેને દીકરીના



પ્રતીકાત્મક તસવીર

પરિવારને જમવા માટે આમંત્રણ આપ્યું હતું. સાથે જમે અને પછી નિરાંતે બેસીને આખોય પરિવાર આનંદ કરી શકે તેવી સ્મિતાબહેનની ગણતરી હતી. દીકરો બોલ્યો, ''મમ્મી, આવી પુરણપોળી અને ઊંધિયું ખાવા માટે તરસી ગયો હતો. ત્યાં અમારા નસીબમાં આવું બધું ખાવાનું નથી હોતું અને મમ્મી તમારા હાથમાં તો જાદુ છે. તમારી જેવી રસોઈ કોઈ ન બનાવી શકે.''

જમીને સૌ દીવાનખાનામાં બેઠાં. કોઈ સોફા પર આડું પડ્યું, તો કોઈ પગ લંબાવીને બેઠું. બાળકો મોબાઈલમાં વ્યસ્ત થઈ ગયા. એટલે સ્મિતાબહેને ટપાર્યા, ''છોકરાંઓ મોબાઈલ મૂકો. આખો દિવસ શું મોબાઈલ મચડ્યા કરો છો? બધાં ભેગાં થયાં છે તો વાતો કરો, ગીતો ગાવ, ડાન્સ કરો આ શું? મોબાઈલ જ ચોવીસે કલાક.'' કહીને સ્મિતાબહેને બંને બાળકો પાસેથી મોબાઈલ લઈ લીધાં.

સ્મિતાબહેનનો દીકરો બોલ્યો, ''મમ્મી, વાત કરવાનું કહીને સારું યાદ કરાવ્યું. મારે બહેન સાથે વાત કરવી જ હતી. કેનેડા બેઠાબેઠા મને મમ્મી-પપ્પા તમારા બંનેની બહુ ચિંતા રહ્યા કરે છે. દીકરાની વાત સાંભળીને સ્મિતાબહેન-શિરીષભાઈ બંને બહુ ખુશ થયા. દીકરાને પોતાની ચિંતા છે, દીકરો પોતાને માટે વિચારે છે જાણીને તેઓ બંને ખુશ થયા. દીકરો પોતાની બહેન તરફ ફરીને બોલ્યો,

''જો બહેન, હું કેનેડા છું. મમ્મી-પપ્પા બીમાર પડે તો હું કાંઈ ઘડી ઘડી આવી ન શકું. તેથી આગળ જતા તેમની વ્યવસ્થા કંઈ રીતે કરવી તે આપણે વિચારી લેવું પડશે.''

''હા, ભાઈ તારી વાત સાચી છે. તું દૂર છે એટલે આવી ન શકે. અને હું પાસે છું પણ મારે મારા પરિવારની જવાબદારી છે તેથી મારા માટે પણ તેમની સંભાળ રાખવી મુશ્કેલ છે.''

''તો શું કરીશું? જો અમારે ત્યાં તો ઉંમર થાય એટલે બધાં જ લગભગ સિનિયર સિટિઝન હોમમાં જતા રહે. આપણે પણ મોમ-ડેડ માટે કોઈ સરસ વૃદ્ધાશ્રમ શોધી કાઢીએ. તેઓ ત્યાં આરામથી રહી શકે. પૈસાની ચિંતા નથી પૈસા તો હું મોકલી આપીશ.''

''તારી વાત સાચી છે ભાઈ. આપણે યોગ્ય વૃદ્ધાશ્રમ શોધી કાઢીશું.''

પોતાના પુત્ર-પુત્રીની વાત સાંભળીને સ્મિતાબહેન-શિરીષભાઈને શોક લાગ્યો. અમે બંને હજુ ફીટ એન્ડ ફાઈન છીએ. આજ સુધી ક્યારેય બેમાંથી એકેય પાસે સેવા કરાવી નથી. તો અમે તમને ક્યાં નડીએ છીએ? અને તમે બંને ભાઈ-બહેન નક્કી કરી લ્યો છો, અમને તો પૂછો કે અમારી શું ઈચ્છા છે?

બંનેને બહુ દુઃખ થયું. એવું ન હતું કે તેમને સંતાનોની સેવા લેવી છે તેઓ પોતે પણ અટકી જશે ત્યારે વૃદ્ધાશ્રમ જશે એવું જ વિચારતા હતા , પણ તેમના મનમાં હતું કે સંતાનો તેમને વૃદ્ધાશ્રમ નહીં જવા દે કારણ કે આજ સુધી તેમનું કાંઈ કરવું પડ્યું ન હતું તેથી છેલ્લા સમયમાં કદાચ કરવું પડશે તો કરશે. તેમને બહુ જ ખરાબ લાગ્યું કે બેમાંથી એકેય એમ ન બોલ્યું કે 'એવી કોઈ આપદા આવશે ત્યારે જોઈશું .. મોમ-ડેડને આપણા ઘેર લઈ જશું !'

કેટલા વહાલથી પાળેલા સંતાનોને માતા-પિતા બોજ લાગવા માંડે ત્યારે દુઃખ તો થાય જ ને? ■

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# બાંગ્લાદેશની રાજકીય ઊથલપાથલનો હું મહત્ત્વનો હિસ્સો છું...!

(ભાગ: ૧)

નામ: શેખ હસીના વાઝેદ
સમય: ૨૦૨૫
સ્થળ: અજ્ઞાત સ્થળ, દિલ્હી, ભારત
ઉંમર: ૭૮ વર્ષ

આજે, ૩૧ જાન્યુઆરીએ ખાલિદા ઝિયાનું નિધન થયું. બાંગ્લાદેશની રાજકીય પરિસ્થિતિ ખાલિદા ઝિયાનાં નિધનને કારણે બદલાશે એવું દુનિયાના ઘણા દેશો માને છે, પરંતુ બાંગ્લાદેશની આંતરિક પરિસ્થિતિ હું જાણું છું... ખાલિદા ઝિયાની પાર્ટી-બાંગ્લાદેશ નેશનલ પાર્ટીમાં છેલ્લા થોડા સમયથી એમનું પણ વર્ચસ્વ રહ્યું નહોતું. એમણે જ ઊભેલી કરેલી પાર્ટી જમાત-એ-ઈસ્લામીએ બાંગ્લાદેશ નેશનલ પાર્ટીને પછાડીને પોતાનું વર્ચસ્વ સ્થાપી દીધું છે.

મારું નામ શેખ હસીના છે. બાંગ્લાદેશની પ્રધાનમંત્રીના પદ પર હોવા છતાં મારે બાંગ્લાદેશ છોડીને ભાગવું પડ્યું કારણ કે, મારા ઉપર હત્યા કે ફાંસીનો ખતરો તોળાઈ રહ્યો હતો. મને પહેલાં તો સત્તા છોડવા માટે મજબૂર કરવામાં આવી. મેં સત્તા છોડવાની ના પાડી-કારણ કે, હું સત્તા છોડું કે તરત મારા ઉપર ગંભીર અપરાધિક મુકદ્દમા શરૂ કરવાની ધમકી તોળાઈ રહી હતી. એ ન થાત તો મારી હત્યા કરવામાં આવત. જો મુકદ્દમા ચાલ્યા હોત તો ખાલિદા ઝિયા અને એની પાર્ટી બીએનપી મને મૃત્યુદંડ આપવા તૈયાર હતી. હું રાતોરાત બાંગ્લાદેશ છોડીને ભાગી...



શેખ હસીના વાઝેદ

હું છેલ્લા કેટલાય સમયથી ભારતમાં રાજનૈતિક શરણ લઈને જીવી રહી છું. મારા દેશથી દેશનિકાલ હોવાની સજા મને એક રાષ્ટ્રવાદી નેતા હોવાને કારણે મળી છે. ૭૮ વર્ષની ઉંમરે દુનિયાની કોઈપણ વ્યક્તિ પોતાને ઘેર પાછી ફરવાનું પસંદ કરે જ્યારે હું ભારતમાં એક અજ્ઞાત સ્થળે વાસ કરી રહી છું. અસુરક્ષિત છું, કારણ કે બાંગ્લાદેશ અને ભારતની ટ્રીટી છે. અત્યારે ભારત પ્રત્યર્પણ કરવાની હા પણ નથી કહી રહ્યું અને ના પણ નથી કહી રહ્યું. ભારતના નેતાઓ આ જવાબને ટાળી રહ્યા છે, પરંતુ ખાલિદા ઝિયાનાં નિધન પછી બાંગ્લાદેશની રાજનીતિક સ્થિતિ બદલાશે. જમાત-એ-ઈસ્લામીનું વર્ચસ્વ જે રીતે વધી રહ્યું છે એ જોતા બાંગ્લાદેશમાં વસતા હિન્દુઓની સ્થિતિ પર જોખમ નિશ્ચિત છે. આ બગડતા રાજનીતિક સમીકરણોમાં હું કંઈ નથી કરી શકતી એ વાતે અસહાય અનુભવું છું મારી જાતને. ભારત મારો દેશ નથી-અહીં મારું ઘર નથી. મારા સ્વજનો નથી. મારું મન રહી રહીને ઘેર પાછા ફરવા ઝંખે છે. અહીં પણ મને કોઈ ગોળી નહીં મારી દે, એ વાતની કોઈ ખાતરી નથી મારી પાસે. અત્યારે મને રાજનૈતિક આશ્રય આપીને સુરક્ષિત સ્થાને રાખવામાં આવી છે, પરંતુ મને રાજકીય પ્રવૃત્તિ કરવાની છુટ નથી. પાર્ટી મિટિંગ કે મારા રાજનૈતિક સાથીઓને મળવાની પરમિશન લીધા પછી જ એમને મળી શકું. સાર્વજનિક રીતે કોઈ ઈન્ટરવ્યૂ આપવાની કે પ્રેસને મળવાની મને છૂટ નથી, એટલે એક રીતે જોવા જઈએ તો હું નજરકેદની સ્થિતિમાં પારકા દેશમાં જીવી રહી છું. ખાલિદા ઝિયા જીવનભર મારા વિરોધી રહ્યાં કારણ કે, ૧૯૯૪ની ચૂંટણીમાં બીએનપીના ગોટાળા અને ચાલાકીથી જીતવાની એમની સ્ટ્રેટેજી મેં ઉઘાડી પાડી. એ પછી સંસદનો બહિષ્કાર કર્યો. ૧૯૯૬માં અમે માગ કરી કે, આગામી ચૂંટણીઓ તટસ્થ રખેવાળ સરકાર હેઠળ યોજાય, પરંતુ એ વખતે ખાલિદા ઝિયા શાસક હતાં અને બીએનપી શાસક પક્ષ-એમણે આ માગણીઓ પર કાર્યવાહી કરવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો. અમે 'આવામી લીગ' પાર્ટીના સભ્યોએ સાથે મળીને અભૂતપૂર્વ ઝુંબેશ શરૂ કરી. એક અઠવાડિયા સુધી હડતાળ પાડવામાં આવી. બીએનપીની સરકારે અમારા પર આક્ષેપ કર્યો કે, અમે અર્થતંત્રને મોટું નુકસાન પહોંચાડ્યું. ૧૯૯૫માં આવામી લીગ અને અન્ય પક્ષના સંસદ સભ્યોએ સામૂહિક રીતે રાજીનામું આપ્યું. ફેબ્રુઆરી, ૧૯૯૬ની સામાન્ય ચૂંટણી યોજાઈ ત્યારે બીએનપી સિવાય તમામ પક્ષોએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો, જેનાં પરિણામે બીએનપીએ બધી બેઠકો જીતી લીધી... આ ડેમોક્રસીની (લોકશાહીની) મજાક હતી.

હું મુજીબુર રહેમાનની દીકરી છું. મુજીબુર રહેમાન જેને બાંગ્લાદેશના રાષ્ટ્રપિતા તરીકે ઓળખવામાં આવે છે એ મારા બાયોલોજિકલ પિતા છે. બાંગ્લાદેશની રાજકીય ઉથલપાથલનો હું મહત્ત્વનો હિસ્સો છું.

આજે બાંગ્લાદેશમાં જે રીતે હિન્દુઓની કતલ કરવામાં આવે છે એ ખૂની માનસિકતાનો પાયો આજથી ૨૦ વર્ષ પહેલાં નખાયો હતો. મારા પિતા શેખ મુજીબુર રહેમાનની હત્યા કરવામાં આવી. એમની સાથે સાથે મારા ભાઈ, ભાભીઓ, મારી મા અને મારી બહેનોને પણ મારી નાખવામાં આવી. રાષ્ટ્રપતિ ભવનમાં ઘૂસી આવેલા સૈન્યના કેટલાક વિદ્રોહી અધિકારીઓએ રાષ્ટ્રપતિ ભવન, રેડિયો સ્ટેશન અને વિધાનસભાનો કબજો લઈ લીધો. લેફ્ટ. કર્નલ સૈયદ ફારૂક રહેમાન આ ષડયંત્રનું મુખ્ય બ્રેઈન હતા. લેફ્ટ. કર્નલ અબ્દુર રશીદ મારા પિતાના ઘરે ઘૂસી ગયા, એમણે મારા પિતાને ગોળી મારી એમ કહેવાય છે. મેજર બાઝલૂન હુડાએ મારા પરિવારના સભ્યોને મારી નાખ્યા. મેજર મોહિયુદ્દીન અહેમદે પણ મારા પિતાને ગોળી મારી હતી. એ સિવાય બીજા ઘણા લોકો હતા જેમાંના વીસેક જણાં અમારા ઘરે ૩૨ ધાનમંડીના હુમલામાં સક્રિય હતા. નવાઈની વાત એ છે કે, ૧૯૭૫થી ૧૯૯૬ સુધી આ કમકમાટીભરી હત્યાનો કેસ પણ ચાલ્યો નહીં. એમાંના કેટલાય લોકો ભાગી ગયા. હું એ વખતે જર્મની હતી અને મારી બહેન રેહાના પણ મારી સાથે હતી. અમને જાણ થઈ કે, મારા આખા પરિવારને મારી નાખવામાં આવ્યો છે અને અમારે થોડા દિવસ સુધી બાંગ્લાદેશ પાછા ફરવાનો વિચાર પણ કરવાનો નથી. હું આ સમાચાર સાંભળીને બેહોશ થઈ ગઈ હતી. કેટલાય દિવસ સુધી હું બોલી શકી નહીં... પ્રેસ અને મીડિયા આ ભયાનક પરિસ્થિતિને વખોડી રહ્યા હતા, પરંતુ એ વખતે ખોંદકર મુશ્તાક અહેમદને રાષ્ટ્રપતિ ઘોષિત કરવામાં આવ્યા. સંવિધાન નિલંબનની પ્રક્રિયા શરૂ થઈ અને હત્યારાઓને સુરક્ષા આપવામાં આવી.

સ્વાભાવિક રીતે, એ વખતે મેં પહેલીવાર ભારત પાસે સંરક્ષણ માગ્યું. મારા પિતા મુજીબુર રહેમાનને ઈન્દિરા ગાંધી સાથે ખૂબ સારા સંબંધો હતા. ઈન્દિરા ગાંધીના રશિયા સાથે સારા સંબંધો હતા. સોવિયત યુનિયનની તરફદારી અને સામ્યવાદી માનસિકતા તરફના ઝુકાવને કારણે જ કદાચ મારા પિતાના વિરોધીઓ વધતા ગયા. મુસલમાન હોવા છતાં મારા પિતા ધર્મ નિરપેક્ષતામાં માનતા. એમણે બાંગ્લાદેશમાં હિન્દુઓને પણ એમનો ધર્મ પાળવાની સ્વતંત્રતા આપી હતી જે ઘણા લોકોને ગમ્યું નહોતું. હું પણ ધર્મ નિરપેક્ષતાનો વારસો લઈને બાંગ્લાદેશની રાજનીતિમાં પ્રવેશી. પાકિસ્તાન પરત્વે મને આજે પણ અવિશ્વાસ છે. પાકિસ્તાન અને અમેરિકાના સંબંધોને કારણે યુએનમાં પાકિસ્તાન પોતાનું ધાર્યું કરે છે એ આખું વિશ્વ જાણે છે, પરંતુ કોઈ કશું બોલી શકતું નથી. મારા પિતાએ બાંગ્લાદેશની સ્વતંત્રતા માટે અવાજ ઉઠાવ્યો, જેની કિંમત ચૂકવી... ૧૯૭૧માં પાકિસ્તાની સેનાએ 'ઓપરેશન સર્ચલાઈટ' હેઠળ ઢાકા અને અન્ય શહેરોમાં જે હિંસા આચરી એના સાક્ષી છીએ અમે સૌ. ઈન્દિરા ગાંધીએ ઈમરજન્સીમાં જે કર્યું એનાથી ઘણો વધારે અત્યાચાર પાકિસ્તાને આજના બાંગ્લાદેશ અથવા પૂર્વી પાકિસ્તાન પર કર્યો!

૧૯૪૭માં જ્યારે પાકિસ્તાન અને ભારત છુટા પડ્યા ત્યારે મારો જન્મ થયો... ગોપાલગંજના તુંગીપારા ગામમાં હું જન્મી ત્યારે મારે બે બહેનો અને ત્રણ ભાઈઓ હતા. મારા પિતા બિલકુલ ઈચ્છતા નહોતા કે, અમે દેશમાં રહીએ કારણ કે, જે પ્રકારનું વાતાવરણ પાકિસ્તાન પીપલ્સ પાર્ટીએ બંગાળીઓ માટે ઊભું કર્યું હતું એ પછી પાકિસ્તાનમાં બંગાળી મુસ્લિમો માટે કોઈ ભવિષ્ય નહોતું. મારી મા બેગમ ફઝિલા તુન્નેસા એક જબરજસ્ત સ્ત્રી હતી. મેં એને કદી હારેલી કે થાકેલી જોઈ નથી. આટલાં સંતાનો પછી એ સતત ઘરનું કામ કરતી રહેતી. સૌની કાળજી રાખતી અને મારા પિતા જે રાજકારણમાં રચ્યા-પચ્યા રહેતા એમને પણ એમના કામકાજમાં મદદ કરતી. મારા પિતા ૧૯૫૪માં સરકારી મંત્રી બન્યા ત્યારે અમે ઢાકા, મિન્ટો રોડ પર રહેવાં ગયાં. ત્યારે મારા પિતા રાજકીય પ્રવૃત્તિઓ સિવાય આલ્ફા ઈન્શ્યોરન્સ કંપનીમાં પણ કામ કરતા હતા. રાજકારણમાંથી એક પણ પૈસો ઘરમાં નહીં લાવવાનો એવો એમનો સિધ્ધાંત હતો. ૧૯૬૦માં અમે ધાનમંડીમાં મારા પિતાએ બાંધેલા બંગલામાં રહેવાં ગયાં, પરંતુ રાષ્ટ્રપતિ થયા પછી પણ એમણે કોઈ દિવસ સરકારી મકાનમાં રહેવાનું પસંદ કર્યું નહીં...

આવા ઉછેર અને માનસિકતા સાથે હું જ્યારે મોટી થઈ ત્યારે મને વિદેશ ભણવા માટે મોકલી દેવામાં આવી. મારી બહેન રેહાના પણ મારી સાથે આવી. અમે બંને બહેનો કે મારા પિતા કોઈ જાણતા નહોતા કે અમને વિદેશ મોકલવાનું મારા પિતાનું આ પગલું અમારો જીવ બચાવશે! જ્યારે મારા પિતા અને ભાઈઓ, ભાભીઓ અને માની કતલ થઈ ત્યારે અમે એ ઘરમાં નહોતાં-માટે બચી ગયાં. (ક્રમશઃ)■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# ચાલો, ફિલ્મ ફિલ્મ રમીએ...




'સાંભળો છો?'

'હા...'

'તો સાંભળો...'

'કેટલી વાર સાંભળો છોનું રટણ કરે છે. પૂર્વભૂમિકા બાંધીને બોલવાની હોય તો કંઈ પાયાનું બોલ. આમ સાંભળો છો બોલીને માથું ના દુખાવ.'

'ના, આ તો મને એક વિચાર આવ્યો તો એમ થયું કે તમને કહી જ દઉં.'

'હા, તે કહી દે. જલદી કર.'

'હા, હું ભૂલી જાઉં તે પહેલાં કહી જ દઉં... પણ તમે સાંભળીને ગુસ્સો ના કરતા.'

'જલદી કર. મારી પાસે સમય નથી.'

'તે છે ને... આપણે પણ એક ફિલ્મ બનાવીએ અને તે પણ આપણા જીવન ઉપર...'

આ સાંભળતા સાથે જ રમેશભાઈ હીંચકા ઉપરથી ગબડતાં ગબડતાં બચ્યા. હીંચકાને પગ વડે એવો અટકાવ્યો કે અડધા તો ગબડી જ પડ્યા.

'રમીલા, તું શું બોલે છે એ તને ખબર છે?' રમેશભાઈ ગુસ્સામાં બોલ્યા.

'મને ખબર જ હતી કે મારી વાત સાંભળીને તમે ગુસ્સો કરશો , પણ તમારા પગારમાં આપણે ક્યારેય કરોડપતિ નહીં બનીએ. એના માટે ફિલ્મ બનાવવી જ રહી. કેવો લાગ્યો મારો સુપર-ડુપર આઇડિયા ? છ મહિનામાં કરોડપતિ! અને તે પણ વગર કોઈ રોકાણ કે મગજ દોડાવ્યા વિના અને વરસમાં સેલિબ્રિટી પણ બની જશું. લોકો આપણી પાછળ ગાંડાની જેમ દોડશે અને આપણી ઓટો. ઓટોગ્રાફ .. સિગ્નેચર પણ માગશે. આપણા ઇન્ટરવ્યૂ છપાશે અને પેપરોમાં ફોટા સાથે ચમકશું તે જુદા. કમાણીનો અડધો ભાગ મારો રહેશે. કારણ કે આઇડિયા મેં આપ્યો છે. તમને આ આઇડિયા નહીં જોઈતો હોય તો હું બાજુના મોહનભાઈને વેંચાતો આપી દઈશ. એ તો તરત જ લઈ લેશે, કારણ કે હું એમને રામનો રોલ કરવા આપીશ. 'કૃષ્ણનો બીજો અવતાર રામ' એવું ફિલ્મનું ટાઇટલ વાંચીને જ લોકોની લાઇન લાગી જશે. એમ પણ મોહનભાઈ ખરેખરના મનમોહક લાગે જ છે. પણ આ તો તમારી દયા ખાઈને હું તમને પહેલો ચાન્સ આપું છું. સમજ્યા?'

'એટલે રમીલા, તેં ફિલ્મનું ટાઇટલ અને હીરો પણ નક્કી કરી રાખ્યો છે. વાહ... ભાઈ... વાહ! આટલો અદભુત વિચાર તને - તમને કઈ રીતે આવ્યો?'

'માત્ર વિચાર નથી, મારા મનમાં ફિલ્મનું કાસ્ટિંગ પણ નક્કી છે. મોહનભાઈ રામ બનશે અને હું સીતા બનીશ. (કારણ કે તમે તો હિંમત કરવાના જ નથી. ખાલી હીંચકે બેસીને તમાશો જ જોવાના છો.)

'આટલું બધું વિચાર્યું, તો રાવણ વિશે પણ વિચાર્યું જ હશે ને?'

(તમે એમાં બરાબર ફિટ બેસો એવા છો. પણ જીવનમાં અને મારી ફિલ્મમાં એક જ રાવણ બે જગ્યાએ... ના બાબા ના!)

'હા, વિચાર્યું તો છે. પણ તમારી પાસે એવી કોઈ વ્યક્તિ છે કે જે રાવણ જેવો લાગે પણ અને રાવણ જેવો કનડે પણ.'

અને એ સાથે જ રમેશભાઈએ હીંચકા ઉપરથી ઊભા થઈને, 'હા... હા... હા... હા...' નું મોટા અવાજે અટ્ટહાસ્ય કર્યું અને પૂછ્યું, 'હું તારી ફિલ્મમાં રાવણની ભૂમિકા ભજવું તો કેવું લાગે? દેખાવે તો ફિટ છું જ અને ગુસ્સામાં પણ રાવણ જેવું અટ્ટહાસ્ય તો હું આરામથી કરી શકીશ. (એ બહાને ઘરમાંનો બધો ગુસ્સો ફિલ્મમાં પણ કાઢી શકાશે. બિલકુલ અદ્દલ રાવણ! હા... હા... હા... હા...) કેમ રમીલા, શું વિચારે છે? રાવણ તરીકે કેવો લાગીશ હું?'

(ઘરમાં તો ઘરમાં ને ફિલ્મમાં પણ... ના બાબા ના, એમ પણ રાવણ શોધતાં કંઈ વાર નહીં લાગે. એક રાવણ શોધવા જતાં બીજા હજારો રાવણ મળી રહેશે.)

'રમીલા, મારા રાવણ બનવા અંગે કંઈક તો બોલ.'

'એમાં એવું છે કે તમે રાવણ બનશો તો પછી આ હીંચકો કોણ સાચવશે? તમે તો હીંચકે ઝૂલતાં જ સારા. બીજું, તમને સુરતી ખાવાનું જ જોઈએ અને શૂટિંગમાં તો ભૂખ્યા પણ રહેવું પડે. તમે રાવણની ભૂમિકા કરો તો અમારી સાથે ને સાથે... વારે વારે લોચો, ખમણ, ભજિયાં, ઊંધિયું માગો અને નહીં મળે તો આખી લંકા હલાવી નાખો. એના કરતાં તમે પૈસાનું રોકાણ કરી પ્રોડ્યુસર બની જાવ. હમણાં જ તમે રિટાયર્ડ થયા. એ જે મોટી રકમ આવી છે તે રોકી ભવિષ્યના અબજોપતિ બનવાનાં સપનાં જોતાં જોતાં હીંચકે ઝૂલો. અને હા, તમારી સાથે પેલા રિટાયર્ડ થયેલા તમારા પાંચ મિત્રો અને ત્રણ કઝિન ભાઈઓને પણ રોકાણ કરવા સમજાવો. પછી જોજો, બધાને રાતોરાત સોના ઔર ચાંદી જ ચાંદી!

-અને હાં, બીજું તમારાં ફેમિલીમાં કેટલાક લોકો ઓટલે બેસીને વર્ષોથી ગપ્પાં મારે છે. એમને ફિલ્મનાં પ્રમોશન, પ્રચાર, પ્રસાર અને પ્રોમો બતાવવાના કામમાં લગાવી દો. એ તો લંકા ઉપર લડાઈ વખતે વાંદરા બનાવવા પણ કામમાં આવશે. આપણે બહારથી કોઈ સાઇડ ઍક્ટર લાવવા નહીં પડે. ફિલ્મ ચાલશે તો પૈસા આપશું. માટે પ્રચાર એવો કરો કે ફિલ્મ ચાલે નહીં, પણ દોડે. તેમને વાંદરા બનવાની તાલીમ પણ તમારે જ આપી દેવાની.' (તમે એમના વડા બંદર...!)

'એટલે રમીલા, મારે અને મારા રિટાયર્ડ મિત્રો અને ભાઈઓએ પૈસા રોકવાના અને જીવનભરની મૂડી દાવ પર લગાવવાની. પ્રચાર, પ્રસાર પણ અમારે જ કરવાનો અને વાંદરાનો રોલ પણ અમારા ઘરનાએ જ કરવાનો. કૂદકા મારતાં વાગે તો પણ સહન કરી લેવાનું અને ફિલ્મ દેવાળું ફૂંકે તો અમારે હાથમાં કટોરો લઈને ભીખ માગવાની ભૂમિકા પણ હસતાં હસતાં ભજવવાની. એમ જ તારું કહેવું છે ને? અને તારે સીતા બનવાનું અને ખાલી ઝાડ નીચે બેસીને 'રામ... રામ...'ની માળા જ જપવાની. ખરું ને? કે પછી તારે કંઈક બીજું કરવાનું છે?'

'હાસ્તો, મારે અંતે લંકા જલાવવા વાંદરાઓને પૂંછડે આગ બરાબર લગાડી કે નહીં તે જોવાનું અને ફિલ્મ સુપરહિટ જાય તો બધાને સિગ્નેચર આપવાની અને અબજો રૂપિયા ગણવા માટે મોહનભાઈ ઉર્ફે કે રામને આપવાના. કારણ કે આખરે રામની કૃપાથી જ તો ધનવાન થશું ને આપણે?'

'અને માન કે ફિલ્મ ફ્લોપ ગઈ તો શું કરવાનું?'

'તમારે ફરી હીંચકે બેસી જવાનું. તમારે અને વાંદરાઓએ - પ્રોડ્યુસરોએ ક્યાં નોકરી માટે ખાલી જગ્યાએ ભરતી થવાની છે એમાં અરજી કરવાની. એમ પણ જીવનમાં ચડતી અને પડતીનું ચક્ર તો ચાલતું જ રહેવાનું છે. બી પોઝિટિવ. 'લાલો' ચાલ્યું, તેમ 'રામો' પણ ચાલશે જ. રામો... રામો... રામો...'

'રમીલા, એના કરતાં ફિલ્મનું ચક્કર છોડ ને રામ... રામ... રામ... ની માળા ફેરવ તો રામ પ્રસન્ન થશે.'

'તે તમે મને શું કાચી સમજો છો? હું રામ... રામ... રામ... ની સાથે શિવ... શિવ... શિવ... ના જાપ પણ કરું છું. તમે તો મને હમણાં ચેતવો છો, પણ મેં તો નક્કી કરી જ દીધું છે કે રામની સાથે શિવ ઉપર પણ લગે હાથ બીજી એક ફિલ્મ બનાવીને તૈયાર જ રાખવી. જ્યારે 'રામ' ફિલ્મ રિલીઝ થાય, ત્યારે 'રામ' ફિલ્મની એક ટિકિટ સાથે 'શિવજી'ની એક ટિકિટ ફ્રી (એક પર એક ફ્રી) ની મારી સ્કીમને કારણે રામભક્તો અને શિવ ભક્તોને બેવડો લાભ મળશે અને રાતોરાત હાઉસફુલના પાટિયાં લાગી જશે. જુઓ, જુઓ, બધા દોડતાં થિયેટર તરફ આવી રહ્યા છે. જલદી... જલદી પોલીસ બોલાવો. ધક્કામુક્કી... સીતામાતાનાં ચરણોમાં વંદન. માતા... સીતા માતા, સિગ્નેચર પ્લીઝ... પ્લીઝ...'

'રમીલા, ઊઠ. સપનાં જોવાનું બંધ કર. સવાર થઈ ગઈ.'

'વહેલી સવારનું સપનું તો સાચું જ પડશે. ખરું ને?'! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# સજાથી મળે સર્વોતમ શીખ...



**શનિવારની** સવાર અનુશ્રીને હંમેશાં ખાલી-ખાલી લાગતી. સ્કૂલમાં પણ માહોલ રજા જેવો જ છવાયેલો રહેતો. નાના છોકરાઓને છુટ્ટી રહેતી, મોટાઓને પરીક્ષા. વચગાળાના વિદ્યાર્થીઓ ઈત્તર પ્રવૃતિઓ કરતાં. અનુશ્રીને એટલે જ શનિવાર અકળાવતો. આમ તો અનુશ્રી મીઠડી હતી. ડાન્સની શોખીન, પરફેક્શનિસ્ટ, આત્મવિશ્વાસથી છલોછલ,પણ એની એકજ નબળાઈ. એ જ્યાં રેઢિયાળપણું જુએ ત્યાં બાખડી પડે. ઝઘડે નહીં, પણ એની જીભડી કાતરની જેમ ચાલે. એમાં એક દિવસ ટીચરનો ઈગો કાતરી ગઈ. સજામાં એને મળ્યું ડિટેન્શન. કોઈએ એને સફાઈનો મોકો ના આપ્યો. કારણ જે હોઈ તે પણ એની ઈમેજનો સોથ વળી ગયો એ ખ્યાલે ડિટેન્શન રૂમમાં બેસેલી અનુશ્રી ગુસ્સાથી તમતમી ઉઠેલી. સામે અન્ય ચાર ચહેરા પણ બેસેલા જોયાં. એક હતો આરવ, સ્કૂલનો હેડ બોય.

'આ હીરોને શું લેવા ડિટેન્શન મળ્યું હશે?' અનુશ્રી મનોમન વિચારી રહી. એની ડાબી તરફ ચોપડીમાં ઊંધું ઘાલીને કાવ્યા બેસેલી. એ જોઈને તો અનુશ્રીને રીતસર આઘાત લાગ્યો. આ ભણેશરીને તે વળી શાની સજા? જમણી તરફ નજર નાખી ત્યાં તો અમન ડોકાયો. ઓહો! સ્કૂલનો સ્પોટ્ર્સ કેપ્ટન, નેશનલ હોકી પ્લેયર, છોકરીઓનો હાર્ટ થ્રોબ. આ અહીં ક્યાંથી? નક્કી આ સ્કૂલ સિતારાઓને મારા કન્ફન્ટેશન માટે અહીં બોલાવ્યા લાગે છે. ટીચર્સ પણ કંઈ ઓછા નથી. આજે મારી નાલેશી કરીને પોતાના અપમાનનો બદલો લેશે.

એટલે હવે કોઈ ના બોલે તો આપણે તો પહેલ કરવી જ નથી. એ વિચારે અનુશ્રી હોઠ ભીડી,અદબ વાળી ચૂપચાપ બેસી રહી.

થોડી મિનિટો પસાર થઈ ત્યાં ધડ્! દઈને દરવાજો ખુલ્યો. એકસાથે બે વ્યક્તિ અંદર આવી.. કો-ઓર્ડિનેટર સર રાહુલને લગભગ બોચી પકડી ખુરશી સુધી દોરી લાવ્યાં. બધાં સામે જોઈ માત્ર એટલું જ કહ્યું, 'તમે જાતને કઈ રીતે જુઓ છો. આનો જવાબ નિબંધ સ્વરૂપે લખો. અને પાછળ ધમ્મ દેતાં દરવાજો બંધ થયો. થોડું વધારે જોર કર્યું હોત તો એ જૂના ઑડિટોરિયમનો દરવાજો બારસાખનો સાથ છોડી દેતાં વાર ના કરત. હા, ડિટેન્શન રૂમ કે જ્યાં સ્ટુડન્ટ્સને સજાના ભાગરૂપે બેસાડવામાં આવતાં એ એજ ઑડિટોરિયમ હતો, જ્યાં અનુશ્રીએ અનેકોવાર ડાન્સ પર્ફોર્મન્સ આપેલું. એ વાહવાહી ને તાળીઓનો ગડગડાટ એના કાનમાં અત્યારે પણ ગાજી ઉઠ્યા. પોતે સ્ટેજ પર હીરોઈનની અદાથી પ્રવેશ કરતી એ દ્રશ્ય આંખ સામે તરવરી ઉઠ્યું.અને આજે પોતે ગુનેગાર માફક અહીં બેઠી છે એ વિચારે આંખમાં આંસુ તગતગી ગયાં.

પહેલો એકાદ કલાક કોઈ કશું જ ના બોલ્યું. ઘણો સમય એમ જ પસાર થયો ત્યાં સહુના આશ્ચર્ય વચ્ચે અચાનક કાવ્યાએ પુસ્તકમાંથી મોં ઊંચું કરી હોઠ ફફડાવ્યા : 'આ એ જ ઓડિટોરિયમ છે જ્યાં મેં મારી કવિતાઓ વાંચી, પુસ્તકોનું પઠન કર્યું. લોકોએ મને વખાણી, મારા શબ્દોની સરાહના કરી અને આજે મને અહીં જ સજા આપવામાં આવી છે. કારણ ફક્ત એટલું જ કે ટીચર મને કંઈપણ પૂછે હું ક્યારેય જવાબ આપતી નહીં..' આટલું બોલતાં તો કાવ્યા ગળગળી થઈ ગઈ. ઓહો..

અનુશ્રીને પહેલીવાર અહેસાસ થયો કે, આને તો મારી જેમ સજા મળી છે. આ કંઈ મને સજા આપવા નથી આવી. મનોમન રાજી થતી પોતે કંઈ બોલવાનું વિચારે એ પહેલા અમન બોલી ઉઠ્યો, 'હા, યાર આ સ્ટેજ ઉપર મેં કેટલાં બધાં ઇનામો લીધાં છે. કેટલી બધી વખત ટ્રોફીઓ જીતી છે. અને એકવાર પેલા જાડીયા હેરીને મેં ધોકાવી શું નાખ્યો, આ લોકો બધું ભૂલી ગયાં. મને પણ એમ થાય છે કે, આ સ્ટેજે મને કેટલું બધું આપ્યું છે.'

આરવ પણ વચ્ચે બોલ્યો : 'આજે હું સ્કૂલના હેડબોય તરીકે અહીં બેઠો છું. મારા માટે તો એ જ મોટી શરમજનક વાત છે. રોજ પેલો રાઘવ મને મન પડે એવી ગાળો આપતો, પણ આજે હું બોલ્યો તો મારો હેડબોયનો બેઝ લઈ લીધોને અહીં ધકેલી દીધો...'

રાહુલ માથું ખંજવાળતા બોલ્યો : 'મને તો સજા હંમેશાં મળતી જ રહી છે. મારા પેરેન્ટ્સને એક સુંદર, હોશિયાર, ડાહી, ટેલેન્ટેડ દીકરી છે. એમને મારી કંઈ પડી નથી. આ સ્ટેજ પરથી મારા પર્ફોર્મન્સને વધાવનારું કોઈ હોય એની રાહ આજે પણ હું જોઉં છું. કારણ કે મારા મા-બાપને તો મારી બહેન સિવાય કોઈની પડી જ નથી....'

આટલું સાંભળ્યા પછી અંતે અનુશ્રી બોલી: 'હું પણ સખત પરફેક્શનમાં જીવવાની લાલચમાં અહીં પહોંચી છું. મને બહુ જ અફસોસ થાય છે...'

પછી તો શું?કલાકો વિત્યાં, નિબંધો લખાયાં, વાતો થઈ તકલીફો વર્ણવાય. આમ વાતાવરણ ડહોળાય ગયું. બધાં પાસે કહેવા માટે ઘણું હતું, એટલે આરવના હેડબોય ટ્રેઈટ્સ ઊભા થયાં. એણે કહ્યું, 'આપણે દરેક પોતપોતાની વાત અહીં વારાફરતી કહીએ. કોઈ શબ્દોની ચોરી નહીં, કોઈ છોછ નહીં, કોઈ જજ થવાનો ડર નહીં. ખુલ્લા મને આપણા વિચારોને અહીં વહેવા દઈએ.'

બધાં એ વાતને વધાવી લીધી અને એક પછી એક દરેકે પોતાનું હૈયું એ ડિટેન્શન રૂમમાં ઠાલવી નાખ્યું. એનું જે પરિણામ આવ્યું એ અદ્ભુત હતું. હમણાં ઘડીક પહેલા એકબીજાથી ડરતાં આ સ્કૂલના સુપર સ્ટાર્સને આજે ખ્યાલ આવ્યો હતો કે એમની પાસે ઘણું બધું હોવા છતાં સ્વભાવ-સંસ્કારમાં કંઈક એવું ખૂટ્યું ચોક્કસ છે જે આજે એમને અહીં સુધી દોરી લાવ્યું. જાણે તરુણાવસ્થા એ એમની પાસે જકાત માગી. જાણે કહી રહી હોય કે તમે સહુ હોશિયાર છો, પરફેક્ટ છો, સફળતા મેળવી રહ્યા છો, આગળ વધી રહ્યા છો, પણ હું તમને એમ છૂટ્ટા થોડાં મુકીશ? હું તમને એહસાસ કરાવીને રહીશ કે ઉંમરનો આ તબક્કો કેવો અટપટો હોય. બસ, ઉંમરના એજ તબક્કા સામે બાથ ભીડી રહેલા એ પાંચ તરુણો આજે અજાણપણે એકબીજાનો સહારો બની બેઠાં હતાં. બહાર એમની વાતો સાંભળી રહેલા ટીચર્સની આંખોમાં હરખના આંસુ હતાં અને સજાના નામે આ હોનહાર તરુણોને શીખ આપી શક્યા એનો સંતોષ પણ હતો.

અંદર અનુશ્રી સહિત બીજા ચારેચાર એમની વચ્ચે થયેલી ચર્ચાના અંશો નિબંધમાં ઉતારી રહેલા ત્યારે એમની વાતોને વિસ્તારપૂર્વક અન્ય વિદ્યાર્થીઓને જણાવવાનો નિર્ણય શિક્ષકગણ દ્વારા લેવાય ચૂક્યો હતો. અને સ્કૂલમાં સોમવારની સવારે પ્રથમ નિબંધ નામે 'અનુશ્રી - ધ પરફેક્શનિસ્ટ ગર્લ' વંચાવાની રાહ જોવાય રહી હતી. ■

# એવરગ્રીન બ્લોક પ્રિન્ટ

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com



બ્લોક પ્રિન્ટ એટલે લાકડાના બ્લોક વડે કોટન કપડાં પર થતી છપાઈને બ્લોક પ્રિન્ટ કહેવાય છે. લાકડાના બ્લોક એટલે, લાકડા પર નાની મોટી ડિઝાઇન કોતરવામાં આવે છે. આ લાકડા પર જે ડિઝાઇન કોતરેલી હોય છે તે ૨ ઇંચથી લઈને ૮ થી ૧૦ ઇંચ સુધી હોય છે. ડિઝાઇનમાં પણ વેરિએશન હોય છે એટલે કે, નાની બુટ્ટી, જાલ, બુટ્ટા, બોર્ડર વગેરે. આ બધી જ ડિઝાઇન કાંગરી વાળી અથવા ક્લોઝ હોય છે. કાંગરીવાળી એટલે કે, જે ડિઝાઇન પેક ન થયેલી હોય. બુટ્ટામાં પણ આ પેટર્ન જોવામાં આવે છે. કપડાં પર છપાઈ કરવાની આ બહુ જૂની ટેક્નિક છે. વર્ષો પહેલા ચાઈનામાં બ્લોક પ્રિન્ટિંગની શરૂઆત થયેલી. ભારતમાં ખાસ કરીને રાજસ્થાન અને ગુજરાતમાં આ ટેક્નિક ચાલતી આવી છે.

કઈ રીતે કરવામાં આવે છે - સૌ પ્રથમ લાકડાના ટેબલ પર કોટન કપડાને ખેંચીને પિન મારવામાં આવે છે. ત્યાર બાદ કલર કોમ્બિનેશન ડિસાઈડ કરી છપાઈ કરવામાં આવે છે. આ છપાઈ કરવા માટે ૧ કલર , બે કલર કે પછી ૩ થી ૪ કલરનો ઉપયોગ કરવામાં આવે છે. બ્લોક્સ પણ એ રીતે જ તૈયાર કરવામાં આવેલા હોય છે. ડ્રેસની ડિઝાઇન મુજબ બ્લોક્સની પસંદગી કરવામાં આવે છે. બ્લોક પ્રિન્ટ જયારે કરાવવામાં આવે છે ત્યારે જે બ્લોક પ્રિન્ટ કરતું હોય તેને ડિઝાઇન ક્યાં કઈ રીતે મુકવી તેનું બરાબર જ્ઞાન હોવું જોઈએ. કયાં ફેબ્રિકના કપડાં પર કયાં કલરની પ્રિન્ટ કરવી જોઈએ તે પણ જ્ઞાન હોવું જોઈએ.

બ્લોક પ્રિન્ટ હાથેથી કરવામાં આવે છે તેથી ખૂબ જ સમય અને ચોકસાઈ માગી લે છે. બ્લોક પ્રિન્ટ કોટન અને સિલ્ક ફેબ્રિક પર ખૂબ જ સુંદર લાગે છે. બ્લોક પ્રિન્ટનો ઉપયોગ ડ્રેસિસ પર તો થાય જ છે પરંતુ, હોમ ડેકોરમાં પણ કરવામાં આવે છે. તેમજ સ્ટેશનરી પર પણ કરવામાં આવે છે. ઘણી મહિલાઓ તો પોતાના ઘરની દીવાલ પર પણ બ્લોક પ્રિન્ટનો ઉપયોગ કરે છે. જેઓ કોટન કપડાં પહેરવાનું પ્રિફર કરે છે તેમને બ્લોક પ્રિન્ટ ખૂબ જ ગમે છે.

ડ્રેસીસ - કોટન ડ્રેસ પર બ્લોક પ્રિન્ટ એક કલાસિક લુક આપે છે એટલે કે, કોઈ દિવસ આઉટ ઓફ ફેશન થતું નથી. ડ્રેસ પર બ્લોક પ્રિન્ટ કરવાની ઘણી સ્ટાઇલ છે કે જેમાં, નેકલાઇન અને દામનમાં બોર્ડર મુકવી. કે પછી નેક લાઈન આપી ઓવરઓલ જાલ આપી અને હેમલાઈનમાં ૬ ઇંચ થી ૮ ઇંચના બુટ્ટા મૂકવા. અથવા તો ડ્રેસમાં સેલ્ફ પ્રિન્ટ કરાવવી એટલે કે, પિન્ક ડ્રેસમાં લાઈટ પિન્ક કલરની જાલનું બ્લોક પ્રિન્ટ કરવું એટલે એક ફેબ્રિકને એક ટેક્સ્ચર મળી જાય. ત્યાર બાદ એક કલરમાં કે બે કલરમાં પ્રિન્ટિંગ કરવું તે નક્કી કરવામાં આવ છે.

પિન્ક કલરના પ્રિન્ટિંગના બેઝ સાથે ૨ શેડ ડાર્ક કલરની બોર્ડર અને બુટ્ટા પણ સારા લાગશે. પિન્ક કલરના બેઝ સાથે રોયલ બ્લુ કલરની બોર્ડર કે બુટ્ટા પણ સારા લાગશે. આ ડ્રેસ સાથે શિફોન કે જોર્જેટનો દુપટ્ટો પણ પહેરી શકાય. દુપટ્ટામાં પણ પ્રિન્ટ કરી શકાય. સલવાર અને ચુડીદારમાં પણ બ્લોક પ્રિન્ટ આવે છે. બ્લોક પ્રિન્ટવાળા સૂટ પણ મળે છે અને બ્લોક પ્રિન્ટવાળું ફેબ્રિક પણ હોય છે. તમે તમારી ચોઈસ મુજબ ફેબ્રિકની પસંદગી કરી શકો. જો તમારું શરીર ભરેલું હોય તો તમે ઝીણી પ્રિન્ટવાળું ફેબ્રિક પસંદ કરી શકો. જો તમારો બાંધો સુડોળ હોય તો તમે બુટ્ટાવાળું કે પછી બોર્ડર વિથ ઓલઓવર ઝીણા બુટ્ટાવાળું ફેબ્રિક પણ લઇ શકો.

સાડી - બ્લોક પ્રિન્ટ વાળી સાડી એક અલગ જ લુક આપે છે. આ સાડી પહેરવાથી સોબર લુક આવે છે. બ્લોકપ્રિન્ટ કોટન સાડી, સિલ્ક સાડી અને શિફોન કે જોર્જેટની સાડી પર થાય છે. બ્લોક પ્રિન્ટ સૌથી સરસ કોટન સાડી પર લાગે છે. કોટન ફેબ્રિક પર કલર બરાબર બેસે છે. કોટન ફેબ્રિક પર બ્લોક પ્રિન્ટ





અલગ અલગ પેટર્નમાં કરવામાં આવે છે. જેમકે. ઓલ ઓવર જાલ સાથે બોર્ડર કે પછી આખી સાડીમાં બોર્ડર અને પછી બુટ્ટા. એજ રીતે પાલવ આખો ભરેલો બોર્ડર અને બુટ્ટા સાથે. બ્લોક પ્રિન્ટમાં ઘણા ડિઝાઇન વેરિએશન આવે છે. ડિઝાઇન સાથે પુષ્કળ કલર કોમ્બિનેશન પણ આવે છે. તમે તમારી ઉંમર અને સ્કિન ટોન પ્રમાણે સાડીની પસંદગી કરી શકો. આ સાડી સાથે તમે કોન્ટ્રાસ્ટ કલરનું બ્લાઉઝ પણ પહેરી શકો. અથવા તો સાડી સાથેનું જે મેચિંગ બ્લાઉઝ હોય તે પણ પહેરી શકાય. બ્લાઉઝની પસંદગી તમારી પર્સનલ ચોઈસ પર આધાર રાખે છે.

હોમ ડેકોર - હોમ ડેકોરમાં બ્લોક પ્રિન્ટનું એક આગવું સ્થાન છે. જેમકે, પડદા. બ્લોક પ્રિન્ટવાળા પડદા મોટે ભાગે વાઈટ બેઝ પર હોય છે. વાઈટ બેઝ પર બધા જ કલર ઊઠીને આવે છે. અને ડિઝાઇન ખૂબ જ અટ્રેક્ટિવ લાગે છે. બ્લોક પ્રિન્ટવાળા પડદા સિલેક્ટ કરવાવાળી મહિલા બહુ ઓછી છે. આ એક સ્માર્ટ ચોઈસ છે. પડદા સાથે ટેબલ મેટ્સ, સેન્ટર ટેબલ કલોથ, ટી સેટ, કોસ્ટર વગેરે વગેરે. હોમ ડેકોર જયારે બ્લોક પ્રિન્ટવાળું હોય છે ત્યારે તેને મેન્ટેન કરવાનું ખૂબ જ અઘરું થઇ જાય છે કારણકે તે લાઈટ કલર બેઝ પર હોય છે. જો તમને તમારા ઘરને એક અલગ જ લુક આપવો હોય તો તમે, બ્લોક પ્રિન્ટવાળું હોમ ડેકોરથી ઘર સજાવી શકો. ■

# પરણ્યા એટલે...

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com



આપણા ધર્મમાં જે સોળ સંસ્કાર ગણાવ્યા છે તેમાંનો એક અગત્યનો સંસ્કાર 'વિવાહ-સંસ્કાર' છે.

-વૈદિક મંત્રોથી સુસંસ્કૃત બનેલાં પતિ-પત્ની બીજા જન્મે પણ આ દઢ સૂત્રમાં બંધાયેલા રહે એવી પાક, પવિત્ર ઈચ્છા વ્યક્ત કરે છે.

* હિન્દુ વિવાહ જગતમાં સર્વોત્તમ આદર્શ ગણાય છે,
* તે પ્રાચીનતમ અને અનાદી છે.
* તેનો આધાર ઋગ્વેદમાં જોવા મળે છે.
* ઋગ્વેદના દસમાં મંડળમાં પંચાસીમું સુક્ત 'વિવાહ-મુક્ત'ના નામથી ઓળખાય છે તથા અથર્વ વેદના ૧૪મા કાંડના પહેલા સુક્તમાં વિવાહનો વિસ્તારથી ઉલ્લેખ થયો છે.
* આ વેદ મંત્રોને આધારે પારસ્કર અને અન્ય ઋષિઓએ ગૃહ્ય સૂત્રોના માધ્યમથી લગ્ન-પદ્ધતિનું નિર્માણ કર્યું હતું.

- આ વિધિમાં ત્રણ ભાગ હોય છે:
૧) કન્યાદાન, ૨) લાભહોમ અને ૩) સપ્તદી.
- આ ત્રણેનો ઘરની ત્રણ વ્યક્તિઓ સાથે સંબંધ છે:
* કન્યાદાનનો કન્યાના માતાપિતા સાથે,
* લાભહોમનો કન્યાના ભાઈઓ સાથે અને
* સપ્તપદીનો કન્યા સાથે સંબંધ છે.
- આદર્શ લગ્નમાં કોઈપણ પ્રકારનું લખાણ જરૂરી નથી.
- વેદમંત્રનું ઉચ્ચારણ કરતી કન્યા પિતાના કુટુંબથી છૂટી પડીને કાયમ માટે પતિના કુટુંબનો આશ્રય મેળવીને કુલવધૂના રૂપમાં રહે છે.
- મંગલચરણથી વિધિમાં સ્વસ્તિવાચન કરતા પહેલાં ગણપતિ, ગૌરી અને કળશની સ્થાપના કરવામાં આવે છે, ત્યાર બાદ નવગ્રહ વગેરેની સ્થાપના કરવામાં આવે છે.
- સ્વસ્તિવાચનના સાત શ્લોકો બોલ્યા પછી દેવોની પૂજા કરવામાં આવે છે તે શ્લોકનો ભાવાનુવાદ આ મુજબ છે:
* 'મનુષ્ય પવિત્ર કે અપવિત્ર ભલે હોય, કોઈ પણ અવસ્થામાં હોય પરંતુ શુદ્ધ તો તે જ હોય છે કે જે શ્રદ્ધાથી વિષ્ણુનું નામ લે છે.
* 'વિષ્ણુના નામથી અંદર અને બહારની અશુદ્ધિઓ સદા દૂર થાય છે,
* 'બુરાઈ નાશ પામે છે અને સઘળાં કષ્ટો ટળે છે...!'
- ત્યાર બાદ સંકલપ કરવામાં આવે છે અને શાંતિ માટે ગણેશનું આવાહન કરવામાં આવે છે.
- 'મુંબઈ સમાચાર'ની 'લાડકી' પૂર્તિની વ્હાલી વાચક બહેનો! ધર્મમાં સંસ્કારનું સ્થાન ઘણું મહત્ત્વનું છે.
* સંસ્કારથી માનવજીવન ઘડાય છે.
* ભારતીય સંસ્કૃતિ અને ધર્મમાં સાંખ્ય તત્ત્વનું વિવેચન જોવા મળે છે.
* સંસ્કારનો હેતુ ભૌતિકતા તરફથી આધ્યાત્મિકતા તરફ જવાનો છે.
* ભૌતિક એકતા ભૌતિક વિજ્ઞાનના ઉપદાનોથી છૂટી પાડી શકાય છે, પરંતુ આધ્યાત્મિક એકતા સ્થાપી છે. ■

---



ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| मावशी | ભાભી |
| आत्या | દાદા |
| आजोबा | સાળો |
| वहिनी | ફોઈ |
| मेव्हणा | માસી |

## જાણવા જેવું

આશરે ૮ ફૂટ ઊંચું શાહમૃગ બહુ શક્તિશાળી પ્રાણી છે. એની લાત એટલી જોરાવર હોય છે કે માણસ અને ઘોડાનો જીવ પણ લઈ શકે છે. તે ઊડી નથી શકતું. પણ એટલી ઝડપે દોડે છે કે, હરણને યે આંટી જાય. ઘણી વખત એની ઝડપ કલાકના ૨૬ માઈલ જેટલી હોય છે, પણ ચક્રાકારે દોડવાની કુટેવ હોવાથી તે શિકારીના હાથમાંથી છટકી શકતું નથી.

## ગુજરાત મોરી મોરી રે


અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ સ્ત્રીના સાસુની માતાની નણંદનો એક માત્ર પુત્ર એ સ્ત્રીને સગપણમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) કાકાજી
બ) મામાજી
ક) ફૂવાજી
ડ) સસરાજી

## નોંધી રાખો

આજની તારીખમાં આબરૂથી આમદની નથી મળી શકતી, આમદનીથી આબરૂ મળી જાય છે. જમાનો બહુ બદલાઈ ગયો છે.

## શબ્દલાલિત્ય



## આડી ચાવી

૧. --- પ્રમાણે સોડ તાણવી (૩)
૩. કબજો, હવાલો (૨)
૫. મુસાફરી (૩)
૮. લોહીનો રંગ (૨)
૧૦. બળ, કૌવત (૨)
૧૨. ઝીણી ધૂળ (૨)
૧૩. ઝાકળ (૪)
૧૪. ત્રાંસું, તીરછું (૪)
૧૬. રજોટી, રજકણ (૩)
૧૮. બાળકને ભય ઉપજાવનારો કાલ્પનિક બિહામણો જીવ (૨)
૨૩. હંસની માદા (૨)
૨૪. --- રૂકે ત્યાં કાશી (૩)
૨૫. જન્મારો (૪)
૨૮. સેવાચાકરી, માવજત (૪)
૩૦. ઝાકળ (૨)
૩૧. ઔષધ (૨)
૩૩. કલ્યાણ, શ્રેય (૨)
૩૪. ઘોડો (૩)
૩૫. દહીં (૨)
૩૬. પવન (૩)

## ગયા વખતનો ઉકેલ



## ઊભી ચાવી

૧. એક વૃક્ષ, ખાખરો (૩)
૨. વરણાગિયો, લહેરી જવાન (૫)
૪. ભાર (૨)
૬. ફેર, તફાવત (૩)
૭. રજોગુણ (૩)
૯. ખિન્ન, ઉદાસ (૪)
૧૧. કામદેવની પત્ની (૨)
૧૫. ફળદ્રુપ (૩)
૧૭. દાવાનળ (૨)
૧૮. નુકસાન, હાનિ (૨)
૧૯. બિલ્લી વાઘ તણી --- (૨)
૨૦. લોહી (૩)
૨૧. મન, મોતી ને --- તૂટ્યા પછી સંધાય નહીં (૨)
૨૨. ઈશારો, સંકેત (૪)
૨૩. સરસ્વતી દેવી (૫)
૨૫. --- નર ભદ્રા પામે (૩)
૨૬. ફાંફાં (૩)
૨૭. નકામું, બાતલ કરેલું (૨)
૨૯. એક જૂનું તોલમાપ (૩)
૩૨. ચર્ચા, ભાંજગડ (૨)

## ઓળખાણ પડી?



મોટું માથું, ટૂંકી પૂંછડી ધરાવતા અને ઘોરખોદિયો તરીકે પણ જાણીતા આ માંસાહારી પ્રાણીની ઓળખાણ પડી?

અ) શાહમૃગ બ) ડોલ્ફિન ક) ગિબન ડ) ઝરખ

## ચતુર આપો જવાબ

અર્થ જણાવો

આપેલા વાક્યમાં છુપાયેલું શાક શોધી કાઢો

સાંભળો છોકરાવ ટાણાસર જમી લેજો.

## માઈન્ડ ગેમ

૧૯૭૨થી ૧૯૮૪ દરમિયાન ઈસરોના અધ્યક્ષ પદે રહેલા અને સેટેલાઇટ લોન્ચ વ્હીકલ કાર્યક્રમમાં યોગદાન આપનાર વૈજ્ઞાનિક કોણ?

અ) વિક્રમ સારાભાઈ
બ) સતીશ ધવન
ક) એપીજે અબ્દુલ કલામ
ડ) શ્રીધર સોમનાથ

## સુડોકુ-૯૧૮૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | | ૫ | | ૮ | | ૩ | ૯ |
| ૯ | | | | | | | | ૫ |
| | ૫ | | ૯ | | ૬ | | ૪ | |
| ૬ | ૨ | | | ૩ | | | ૧ | ૭ |
| | | ૯ | | | | ૫ | | |
| ૭ | ૧ | | | ૯ | | | ૬ | ૪ |
| | ૯ | | ૨ | | ૭ | | ૮ | |
| ૩ | | | | | | | | ૬ |
| ૫ | ૭ | | ૬ | | ૩ | | ૯ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૧૮૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૬ | ૪ | ૮ | ૩ | ૭ | ૫ | ૨ |
| ૮ | ૭ | ૨ | ૫ | ૧ | ૯ | ૩ | ૬ | ૪ |
| ૫ | ૪ | ૩ | ૬ | ૭ | ૨ | ૯ | ૮ | ૧ |
| ૭ | ૧ | ૮ | ૨ | ૬ | ૫ | ૪ | ૯ | ૩ |
| ૨ | ૫ | ૯ | ૭ | ૩ | ૪ | ૬ | ૧ | ૮ |
| ૩ | ૬ | ૪ | ૧ | ૯ | ૮ | ૨ | ૭ | ૫ |
| ૬ | ૩ | ૫ | ૯ | ૨ | ૧ | ૮ | ૪ | ૭ |
| ૪ | ૮ | ૭ | ૩ | ૫ | ૬ | ૧ | ૨ | ૯ |
| ૯ | ૨ | ૧ | ૮ | ૪ | ૭ | ૫ | ૩ | ૬ |

## ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| चव | સ્વાદ |
| चंग | કમરપટ્ટો |
| चिंब | ભીનું |
| चिर | દીર્ઘકાળ |
| चंगळ | સમૃદ્ધિ |

ગુજરાત મોરી મોરી રે:
બહેન

ઓળખાણ પડી?
Naomi Watanabe

માઈન્ડ ગેમ :
મણિપુર

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
વડ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧)કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) વિપીન શાહ (૫) શ્રદ્ધા આશર (૬) નૂતન વિપીન શાહ (૭) હર્ષા મહેતા (૮) જ્યોતિ ખાંડવાલા (૯) ભારતી બુચ (૧૦) મહેશ સંઘવી (૧૧) મીનળ કાપડિયા (૧૨) નિખિલ બંગાળી (૧૩) અમીશી બંગાળી (૧૪) પુષ્પા પટેલ (૧૫) કમલ માતલિયા (૧૬) નયના ગિરીશ મિસ્ત્રી (૧૭) ભરત કજરિયા (૧૮) તાહેર ઔરંગાબાદવાલા (૧૯) શીરીન ઔરંગાબાદવાલા (૨૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) કિરીટ છેડા (૨૪) ખુશરૂ કાપડિયા (૨૫) ચેતના છેડા (૨૬) અરવિંદ કામદાર (૨૭) મહેન્દ્ર લોઢાવિયા (૨૮) અંજુ ટોલિયા (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) અલકા વાણી (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) ઈનાક્ષીબેન દલાલ (૩૩) હિનાબેન દલાલ (૩૪) રમેશભાઈ દલાલ (૩૫) ડાયના સંતોકે (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) વિણા સંપટ (૩૮) નિતીન જયંતિલાલ બજરિયા (૩૯) જયવંત પદમશી ચિખલ (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) પ્રવીણ વોરા (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) પ્રતિમા પમાણી (૪૫) ધીરેન્દ્ર મુલરાજ (૪૬) મહેશ દોશી

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

### ઘાટકોપરમાં દૂષિત પાણીને કારણે રોગચાળો

## રહેવાસીઓનું ‘નૉ ક્લીન વોટર, નૉ વોટ’ આંદોલન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપર વેસ્ટમાં આવેલા સાઈનાથનગરમાં દૂષિત પાણીની સમસ્યાને કારણે અનેક લોકો બીમાર થતાં હૉસ્પિટલમાં એડમિટ કરવાનો વારો આવ્યો છે. જેની સામે સાઈનાથનગરના રહેવાસીઓએ નિર્ણય કર્યો છે કે ‘નૉ ક્લીન વોટર નૉ વોટ’, આજે જ્યારે ગુજરાતમાં અમદાવાદ, ગાંધીનગર અને ઇન્દોરમાં દૂષિત પાણીને કારણે અનેક લોકોનાં મોત થયાં છે અને ભયંકર બીમારીની ચપેટમાં આવ્યા છે જેમાં સોથી વધુ બાળકોને પણ હૉસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા છે અને આ બીમારી એક વિકરાળ રૂપ લઇ ચૂકી છે એવામાં ઘાટકોપર વેસ્ટમાં સાઈનાથનગર ખાતે છેલ્લા બારથી પંદર દિવસથી પીવાના પાણી સાથે ગટરનું પાણી મિક્સ આવે છે એવી રહેવાસીઓની ફરિયાદ છે. સાઈનાથનગરમાં આવેલા ન્યૂતારા એપાર્ટમેન્ટ, વૈભવ, દ્વારકા એપાર્ટમેન્ટ, પૂર્ણિમા એપાર્ટમેન્ટ અને કરશનજશ બિલ્ડિંગમાં કુલ બસોથી વધુ પરિવાર રહે છે અને આજે પરિસ્થિતિ એવી છે કે દર એક ઘર છોડીને બીજા ઘરમાં કોઈને કોઈ બીમાર છે જેમાં વધારે કરીને બધાને ડાયેરિયા, ઊલટી અને પેટમાં દુખાવાની ફરિયાદ છે.



આ બાબતે ‘મુંબઈ સમાચાર’ સાથે વાત કરતાં દ્વારકા એપાર્ટમેન્ટમાં રહેતા શ્રીકૃષ્ણ કુમારે જણાવ્યુંકે પાણીમાં તકલીફ જણાતા અમે પાણીની તપાસ માટે પાણી ટેસ્ટિંગ માટે આપ્યું હતું અને રિપોર્ટમાં જાણવા મળ્યું કે આ પાણી પીવા લાયક નથી. ન્યૂતારા એપાર્ટમેન્ટના સેક્રેટરી નીતિન ખોનાએ જણાવ્યું કે છેલ્લા પંદર દિવસથી પાણીની તકલીફ છે અને ચાલીસ ઘરમાંથી દરેક ઘરમાં કોઈને કોઈ બીમાર છે. આજ બિલ્ડિંગમાં રહેતા આશિષ શાહે જણાવ્યું કે હવે જ્યારે મહાનગરપાલિકાની ચૂંટણી માટે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે અમે નિર્ણય કર્યો છે કે જો અમારી પાણીની સમસ્યાનું નિવારણ નહિ કરવામાં આવે તો અમારામાંથી કોઈ પણ વોટ કરવા નહિ જાય. ■

## રોકાણકારો સાથે ₹૨.૩૯ કરોડની છેતરપિંડીઃ આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કંપની મારફત શૅરબજારમાં રોકેલાં નાણાં પર આકર્ષક વળતર મળવાની લાલચે રોકાણકારો સાથે ૨.૩૯ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી કરવા બદલ પોલીસે આરોપીની ધરપકડ કરી હતી.

બોઈસર પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ રોશન ચંદનલાલ જૈન (૩૬) તરીકે થઈ હતી. કોર્ટે ત્રણ દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ જૈનની વધુ પૂછપરછ કરી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ વિરાર પૂર્વના નારંગી રોડ ખાતે રહેતા અને તારાપુર એમઆઈડીસી ખાતે કામ કરતા દીપક બાબુ વરકની (૪૨)ની ફરિયાદને આધારે બોઈસર પોલીસે આ મામલે સોમવારે ગુનો નોંધ્યો હતો. કંપનીના માધ્યમથી આરોપીઓએ અનેક લોકો પાસેથી નાણાં પડાવ્યાં હોવાનું કહેવાય છે.

આરોપીની કંપની મારફત શૅરબજારમાં નાણાં રોકવા રોકાણકારોને લલચાવાયા હતા. રોકાણ કરેલી રકમ પર આકર્ષક વળતરની ખાતરી આરોપીએ આપી હતી. જોકે બાદમાં રોકાણકારોને કોઈ વળતર ચૂકવવામાં આવ્યું નહોતું અને તેમની મૂળ રકમ પણ પાછી અપાઈ નહોતી. રોકાણકારો દ્વારા વારંવાર સંપર્ક સાધવામાં આવતાં તેમને ઉડાઉ જવાબ આપવામાં આવ્યા હતા. બાદમાં આરોપીનો સંપર્ક ન થતાં રોકાણકારોએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

એક અધિકારીના જણાવ્યા મુજબ ફરિયાદી અને અન્ય ૧૩ રોકાણકારોએ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટની ઑફિસમાં લેખિત ફરિયાદ કરી હતી. ૨૦૨૨થી બોઈસરની કંપનીએ રોકાણકારો પાસેથી નાણાં લઈને કથિત છેતરપિંડી કરી હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

આ પ્રકરણે પોલીસે ગુનો નોંધી પ્રાથમિક તપાસ બાદ કંપની સાથે સંકળાયેલા જૈનની ધરપકડ કરી હતી. બોઈસરમાં રહેતા જૈનના અન્ય સાથીઓ અંગે પોલીસ તપાસ કરી રહી છે. ■

## લગ્નને બહાને યુવતીને ત્રણ લાખ રૂપિયામાં ‘વેચી’: બે એજન્ટ સહિત ચાર વિરુદ્ધ ગુનો

પાલઘરઃ પાલઘર જિલ્લાના વાડા તાલુકામાં બનેલી ચોંકાવનારી ઘટનામાં લગ્નને બહાને ૨૦ વર્ષની યુવતીને ત્રણ લાખ રૂપિયામાં વેચવામાં આવી હતી. બાદમાં યુવતીને સખત ત્રાસ આપવામાં આવ્યો હોવાની ફરિયાદ થતાં પોલીસે કથિત પતિ-સાસુ સહિત બે એજન્ટ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર મે, ૨૦૨૪માં કાતકરી સમાજની યુવતીનાં લગ્ન બળજબરીથી નાશિકમાં રહેતા યુવાન સાથે કરાવાયાં હતાં. આ માટે યુવાન અને તેની માતાએ મધ્યસ્થી બનેલા બે એજન્ટને ત્રણ લાખ રૂપિયા ચૂકવ્યા હતા.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે પતિના કુટુંબ દ્વારા યુવતીને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવ્યો હતો. એ સિવાય વારંવાર જાતિવાદી ટિપ્પણીઓ કરવામાં આવતી હતી. પોતે ગર્ભવતી હતી ત્યારે પણ પતિ દ્વારા મારપીટ કરીને તેને ભૂખી રાખવામાં આવતી હતી, એવો આક્ષેપ યુવતીએ કર્યો હતો.

યુવતીએ પુત્રને જન્મ આપ્યા પછી જૂન, ૨૦૨૫માં માતાના ઘરે પાછી ફરી હતી. ૬ જાન્યુઆરીએ પતિ બાળકને પોતાની સાથે લઈ જવાનો પ્રયાસ કરવા લાગ્યો ત્યારે આ ઘટના પ્રકાશમાં આવી હતી. આ અંગેની માહિતી મળતાં પોલીસે મધ્યસ્થી કરવી પડી હતી.

આ પ્રકરણે વાડા પોલીસે યુવતીના પતિ અને સાસુ તેમ જ બે એજન્ટ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો તેમ જ ઍટ્રોસિટી ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ મામલે વધુ તપાસ ચાલી રહી હોવાનું ઈન્સ્પેક્ટર દત્તાત્રય બાજીરાવ કિન્દ્રેએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

## ડોમ્બિવલીના ઘરમાંથી માનવીની ખોપડી અને હાડપિંજર મળ્યું

થાણેઃ ડોમ્બિવલીના અવાવરુ ઘરમાંથી માનવી ખોપડી અને હાડપિંજર મળી આવતાં પોલીસે તપાસ હાથ ધરી હતી.

માનપાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ત્રીજી જાન્યુઆરીએ ડોમ્બિવલીના સોનારપાડા વિસ્તારમાંના મ્હાત્રે નગર ખાતેના રૉ ટેનામેન્ટમાંના એક ઘરમાં પડેલા હાડપિંજર પર સ્થાનિક રહેવાસીની નજર પડી હતી. રહેવાસી દ્વારા તાત્કાલિક આ અંગે પોલીસને જાણ કરાઈ હતી.

માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ઘરમાં માનવ જેવી જ ખોપડી અને હાડકાં મળ્યાં હતાં. એ સિવાય અમુક કપડાં, સેન્ડલ, બ્રેસલેટ્સ, હેર રિંગ, હેર સેમ્પલ્સ અને લોહીથી ખરડાયેલી માટી પણ તાબામાં લેવાઈ હતી.

સ્થાનિક હૉસ્પિટલના મેડિકલ ઑફિસરના નિર્દેશને પગલે ખોપડી અને હાડપિંજર વિગતવાર ફોરેન્સિક તપાસ માટે મુંબઈની જે. જે. હૉસ્પિટલમાં મોકલી દેવાયા હતા. આ પ્રકરણે માનપાડા પોલીસે એડીઆર નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

## અકોલામાં હુમલામાં ઘવાયેલા કૉંગ્રેસના ઉપાધ્યક્ષનું મૃત્યુઃ આરોપીની ધરપકડ

અકોલાઃ અકોલા જિલ્લામાં મસ્જિદ ખાતે ચાકુથી કરાયેલા હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા કૉંગ્રેસના ઉપાધ્યક્ષ હિદાયતુલ્લા પટેલનું બુધવારે સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કર્યા બાદ હુમલાખોરને ઓળખી કાઢ્યો હતો અને મંગળવારે રાતે તેની ધરપકડ કરાઇ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

જિલ્લાના અકોટ તાલુકામાં મોહાલા ગામની મસ્જિદમાં મંગળવારે બપોરના નમાજ અદા કર્યા બાદ હિદાયતુલ્લા પટેલ (૬૬) પર ચાકુથી હુમલો કરવામાં આવ્યો હતો. જૂની અદાવતને લઇ આરોપીએ પટેલ પર હુમલો કર્યો હતો.

હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા પટેલને સારવાર માટે અકોટની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં બુધવારે સવારે સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું.

અમુક વીડિયોમાં મસ્જિદમાંથી બહાર નીકળતા પટેલનાં કપડાં લોહીથી લથબથ નજરે પડ્યા હતા. આ વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થયા હતા.

મંગળવારે બપોરની નમાજ માટે પટેલ મોહાલાની જામા મસ્જિદમાં ગયા હતા. તેઓ બપોરે ૧.૩૦ વાગ્યે બહાર નીકળ્યા ત્યારે તેમના પર ચાકુથી હુમલો કરવામાં આવ્યો હતો.

આ બનાવ બાદ પોલીસ ટીમ ઘટનાસ્થળે આવી પહોંચી હતી અને ફોરેન્સિક નિષ્ણાતોની મદદથી પુરાવા એકઠા કર્યા હતા. દરમિયાન આરોપીને પકડવા માટે પોલીસની છ ટીમ તૈયાર કરવામાં આવી હતી અને પોલીસ આરોપીને ઉબેદ ખાન કાલુ ખાન ઉર્ફે રઝિક ખાન પટેલ (૨૨) તરીકે ઓળખી કાઢ્યો હતો, જેને મંગળવારે રાતે અકોલ તાલુકાના પનાજ ગામથી તાબામાં લેવામાં આવ્યો હતો, એમ એડિશનલ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ ચંદ્રકાંત રેડ્ડીએ કહ્યું હતું. (પીટીઆઇ) ■

## નવ વર્ષની બાળકી સાથે દુષ્કર્મઃ આરોપીને ૨૦ વર્ષની કેદ

મુંબઈઃ ખાર વિસ્તારમાં નવ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચરવાના કેસમાં સેશન્સ કોર્ટે બાવન વર્ષના આરોપીને ૨૦ વર્ષની સખત કેદ ફટકારી હતી. એડિશનલ સેશન્સ જજ બી.એસ. ગેરેએ આરોપી મનુવર ગેણુ મલિકને પાંચ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો અને દંડની રકમ ન ભરે તો વધારાના બે મહિનાની સજા સંભળાવી હતી.

ખાર પૂર્વમાં હુસેન ટેકડી નજીક રહેતી પીડિતા ૧૮ ડિસેમ્બર, ૨૦૨૨ની સાંજે ઘરની બહાર તેની બહેનપણી સાથે રમતાં રમતાં પડોશમાં રહેનારા આરોપીના ઘરે જતી રહી હતી. એ સમયે આરોપી ઘરમાં હતો અને તેણે દરવાજો અંદરથી બંધ કરી પીડિતા સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટના બાદ ગભરાયેલી બાળકી પોતાના ઘરે જઇને રડવા લાગતાં માતાએ પૂછપરછ કરી હતી, જેમાં તેણે તમામ હકીકત જણાવ્યા બાદ માતાએ નિર્મલનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ■

## રાજકીય દુશ્મનાવટ સાથે કડી ધરાવતા હત્યાના પ્રયાસના કેસમાં છ જણ નિર્દોષ

થાણેઃ ૧૩ વર્ષ સુધી ચાલેલી ટ્રાયલ બાદ થાણે કોર્ટે ૨૦૧૨માં થાણે પાલિકાની ચૂંટણી સાથે કડી ધરાવતા સામાજિક કાર્યકર પર થયેલા ક્રૂર હુમલાના આરોપમાંથી છ જણને નિર્દોષ જાહેર કર્યા હતા, જેઓ એનસીપીના કથિત કાર્યકર હતા.

૨૦૧૨ની પાલિકાની ચૂંટણી દરમિયાન રાજકીય દુશ્મનાવટનો મામલો ઊભો થયો હતો. ફરિયાદીની પત્ની અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહી હતી, જ્યારે આરોપીઓ રાષ્ટ્રવાદી કૉંગ્રેસના કથિત કાર્યકર હતા. જાન્યુઆરી, ૨૦૧૨માં મતદાનમથક બનાવવાને લઇ તણાવ સર્જાયો હતો.

પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટના જજ એસ. બી. અગ્રવાલ દ્વારા મંગળવારે ઉપરોક્ત ચુકાદો આપવામાં આવ્યો હતો.

તપાસકર્તા પક્ષ અનુસાર કાપુરબાવડી પોલીસ સ્ટેશનની હદમાં ૧૭ જૂન, ૨-૧૨ના રોજ આ ઘટના બની હતી. ફરિયાદી રોનાલ્ડ એન્થની ઇસ્સાકે આક્ષેપ કર્યો હતો કે આરોપીઓ આનંદ ગણપત સાળવે, ગણપત પુનાજી સાળવે, ગૌતમ ગોવિંદ મોરે, સંતોષ સાગર બનસોડે, અમોલ કાંબળે અને સંતોષ વેટકરે મારી હત્યાનું કાવતરું ઘડ્યું હતું તથા મારા પર તલવારથી હુમલો કર્યો હતો, મારું ગળું હૅક્સોબ્લેડથી ચીર્યું હતું અને ગંભીર ઇજા પહોંચાડી હતી, જેને કારણે મારે ૨૮ ટાંકા લેવા પડ્યા હતા. બચાવ પક્ષ વતી હાજર રહેલા એડવોકેટ રંજન સાળુંકેએ તપાસકર્તા પક્ષની રજૂઆત તેમ જ સાક્ષીઓની વિશ્વસનીયતાને પડકાર્યા હતા. જજ અગ્રવાલે અવલોકન કર્યું હતું કે ઘણા કથિત પ્રત્યક્ષદર્શીઓએ ખરેખર હુમલો જોયો હોવાની શક્યતા ઓછી છે. તેમણે વધુમાં અવલોકન કર્યું હતું. (પીટીઆઇ) ■

# સ્પોર્ટ્સ

## આઇસીસી અમારી ચિંતા સારી રીતે સમજે છેઃ બાંગ્લાદેશ

### જોકે ભારતમાં રમવા વિશે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ હજી અસ્પષ્ટ

ઢાકાઃ આગામી ફેબ્રુઆરીમાં રમાનારા મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતમાં પોતાની ટીમની સલામતી વિશે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી) જે રીતે ચિંતિત છે એ બાબતમાં આઇસીસી ખૂબ સહકારભર્યા વલણ સાથે આગળ વધવા તૈયાર હોવાનો દાવો બીસીબીએ દાવો કર્યો છે, પરંતુ તેઓ પોતાના ક્રિકેટરોને ભારતમાં રમવા મોકલશે કે નહીં એ વિશે હજી તેઓ સ્પષ્ટ નથી.

વિશ્વ કપ આગામી સાતમી ફેબ્રુઆરીએ શરૂ થશે અને એની મૅચો ભારતમાં તથા શ્રીલંકામાં રમાવાની છે. બાંગ્લાદેશની ચાર લીગ મૅચમાંથી ત્રણ કોલકાતામાં અને એક મુંબઈમાં રમાશે.

બીસીબીએ દાવો કર્યો છે કે ‘અમે ભારતમાં અમારી ક્રિકેટ ટીમને વર્લ્ડ કપ રમવા મોકલીએ તો તેમની સલામતી બાબતમાં અમે જેટલા ચિંતિત રહીએ એને આઇસીસીએ બારીકાઈપૂર્વક ધ્યાનમાં લીધી છે અને અમે ભારતમાં રમાનારી અમારી મૅચો અન્ય કોઈ દેશમાં રાખવા જે ઇચ્છા વ્યક્ત કરી છે એના પર પણ આઇસીસી વિચાર કરી રહી છે. આઇસીસી ઇચ્છે છે કે વિશ્વ કપમાં બાંગ્લાદેશની ટીમ કોઈ પણ પ્રકારના વિઘ્ન વિના સારી રીતે ભાગ લઈ શકે.’

જોકે બીસીબીએ જે કંઈ દાવો કર્યો છે એમાં એણે એવું ક્યાંય નથી જણાવ્યું કે એ પોતાના ક્રિકેટરોને ભારતમાં રમવા મોકલશે કે નહીં.

બુધવારે સવારે એવો અહેવાલ જાણવા મળ્યો હતો કે ભારતમાં મૅચો ન રમવા વિશેની બાંગ્લાદેશની માગણી આઇસીસીએ નથી સ્વીકારી અને એને કહી દીધું છે કે જો એના ક્રિકેટરો ભારતમાં નહીં રમે તો એણે પૉઇન્ટ જતા કરવા તૈયાર રહેવું પડશે.

બાંગ્લાદેશમાં હિન્દુઓ પરના અત્યાચારના બનાવો ખૂબ વધી જતાં આઇપીએલમાં પેસ બોલર મુસ્તફિઝુર રહમાનને રમાડવા સામે પ્રચંડ વિરોધ થવાને પગલે કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)એ



મુસ્તફિઝુર રહમાન

મુસ્તફિઝુરને પોતાના સ્ક્વૉડમાંથી કાઢી નાખ્યો છે. પરિણામે, બાંગ્લાદેશે ભારતમાં વર્લ્ડ કપ દરમ્યાન પોતાના ખેલાડીઓની સલામતી ન હોવાથી તેમને ભારત નહીં મોકલવાનું વલણ અપનાવ્યું છે તેમ જ બાંગ્લાદેશમાં માર્ચ-મેની આઇપીએલની મૅચો ન પ્રસારિત કરવાનું નક્કી કર્યું છે.

### આઈપીએલે ઠુકરાવ્યા પછી મુસ્તફિઝુર પાકિસ્તાનની લીગમાં જોડાઈ ગયો

લાહોરઃ બાંગ્લાદેશનો પેસ બોલર મુસ્તફિઝુર રહમાન આઠ વર્ષથી પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) ટી-૨૦ ટૂર્નામેન્ટમાં નહોતો રમ્યો, પરંતુ આ વખતે તેને ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માંથી કાઢી મૂકવામાં આવ્યો એટલે તેણે ફરી પીએસએલમાં રમવાનું નક્કી કર્યું છે. છેલ્લે તે ૨૦૧૮ની સાલમાં પીએસએલમાં રમ્યો હતો. ખુદ પીએસએલના સત્તાધીશોએ પોતાની ઇવેન્ટમાં મુસ્તફિઝુરના કમબૅકની જાહેરાત કરી છે.

મુસ્તફિઝુર અગાઉ આઈપીએલમાં મુંબઈ, ચેન્નઈ, રાજસ્થાન, દિલ્હી અને હૈદરાબાદ વતી રમી ચૂક્યો છે.

પાકિસ્તાનની પીએસએલ આ વખતની આઈપીએલના અરસામાં જ (માર્ચ-મે દરમ્યાન) રમાવાની છે. મુસ્તફિઝુર આઠ વર્ષ પહેલાં પીએસએલમાં લાહોર કલંદર્સ ટીમ વતી રમ્યો હતો. ■

## કોહલીને ચાહકોએ ઘેરી લીધો, મહામહેનતે કાર સુધી પહોંચી શક્યો

વડોદરાઃ અહીં રવિવાર, ૧૧મી જાન્યુઆરીએ (બપોરે ૧.૩૦ વાગ્યાથી) ન્યૂ ઝીલૅન્ડ સામે રમાનારી સિરીઝની પ્રથમ વન-ડે માટે બૅટિંગ-લેજન્ડ વિરાટ કોહલી બુધવારે વડોદરા આવી પહોંચ્યો એ પહેલાંથી જ તેના અસંખ્ય ચાહકો ઍરપોર્ટની બહાર ઊમટી પડ્યા હતા અને કોહલી બહાર આવતાં તેને એવા ઘેરી વળ્યા હતા કે પોતાના માટે ઊભી રાખવામાં આવેલી કાર સુધી તે મહા મહેનતે પહોંચી શક્યો હતો. કોહલીની સલામતી માટે તેની આસપાસ ઊભેલા રક્ષકોએ ક્રિકેટપ્રેમીઓને કોહલીથી દૂર રાખવા ભારે મહેનત કરવી પડી હતી.



ટી-૨૦ અને ટેસ્ટમાંથી નિવૃત્તિ લઈ લેનાર કોહલી વન-ડેમાં બહુ સારા ફૉર્મમાં છે અને તેનું એ ફૉર્મ તાજેતરમાં વિજય હઝારે ટ્રોફીમાં પણ જોવા મળ્યું જેમાં તેણે દિલ્હી વતી એક મૅચમાં સેન્ચુરી અને બીજી મૅચમાં હાફ સેન્ચુરી ફટકારી હતી. કરોડો ચાહકો તેને રવિવારે શ્રેણીની પ્રથમ મૅચમાં રમતો જોવા આતુર છે. વડોદરાના કોટંબી સ્ટેડિયમમાં ૩૫,૦૦૦ જેટલા લોકો બેસી શકે એટલી સીટ છે અને રવિવારની મૅચની ટિકિટો તરત જ વેચાઈ ગઈ હતી.

કોહલી બુધવારે ઍરપોર્ટની બહાર આવતાં જ લોકો ‘ કોહલી...કોહલી...’ની બૂમો પાડવા લાગ્યા હતા. મોટા ભાગના લોકોએ તેની સાથે સેલ્ફી લેવા મોબાઇલ તૈયાર રાખ્યો હતો. લોકો તેની સાથે સેલ્ફી લેવા તેની નજીક આવવા પડાપડી કરવા લાગ્યા હતા અને એ ધમાચકડી વચ્ચે કોહલીની સલામતી વિશે તેમ જ ધસારાને કારણે કોઈ અનિચ્છનીય ઘટના બની શકે એ બાબતમાં ચિંતા જાગી હતી. ખુદ કોહલી ટેન્શનમાં જણાતો હતો. જોકે સદનસીબે કોઈ જ અનિચ્છનીય ઘટના નહોતી બની અને કોહલી હેમખેમ પોતાની કાર સુધી પહોંચી ગયો હતો. ■

## વૈભવ-જ્યોર્જની ભાગીદારી જેટલા રન પણ સાઉથ આફ્રિકાએ ન કર્યાઃ ૦-૩થી પરાજિત

બેનોની (સાઉથ આફ્રિકા): ભારતની અન્ડર-૧૯ ટીમે ગઈ કાલે અહીં સાઉથ આફ્રિકા અન્ડર-૧૯ સામેની વન-ડે સિરીઝની અંતિમ મૅચ પણ જીતીને યજમાન ટીમનો ૩-૦થી સફાયો કરી નાખ્યો હતો અને આ અંતિમ મૅચના બે સૂત્રધાર હતા વૈભવ સૂર્યવંશી (૧૨૭ રન, ૭૪ બૉલ, દસ સિક્સર, નવ ફોર) અને તેનો સાથી ઓપનિંગ જોડીદાર આરૉન જ્યોર્જ (૧૧૮ રન, ૧૦૬ બૉલ, સોળ ફોર). બન્ને વચ્ચે ૨૨૭ રનની પાર્ટનરશિપ થઈ હતી. ભારતના ૭/૩૯૩ના જવાબમાં સાઉથ આફ્રિકન ટીમ ૩૫ ઓવરમાં ૧૬૦ રનના સ્કોર પર ઑલઆઉટ થતાં ભારતીય ટીમનો ૨૩૩ રનથી વિજય થયો હતો.

### ‘પુષ્પા’ સ્ટાઇલમાં સેન્ચુરીનું સેલિબ્રેશન

૧૪ વર્ષીય ઓપનર અને કૅપ્ટન વૈભવ સૂર્યવંશીએ જોરદાર ફટકાબાજી કરીને ભારતીય ટીમને ખૂબ જ સારી સ્થિતિમાં લાવી દીધી હતી. તેના કુલ ૨૦૬ રન સિરીઝમાં હાઇએસ્ટ હતા. ગઈ કાલે વૈભવે ૬૩ બૉલમાં આઠ છગ્ગા અને છ ચોગ્ગાની મદદથી સેન્ચુરી પૂરી કરી હતી. તેણે ૧૦૦માંથી ૭૨ રન સિક્સર અને ફોરમાં બનાવ્યા હતા. તેણે સેન્ચુરી પૂરી કરીને અભિનેતા અલ્લૂ અર્જુનની ‘પુષ્પા’ સ્ટાઇલમાં સેલિબ્રેશન કર્યું હતું. વૈભવનો ૧૭૧.૬૨ જેટલો ઊંચો સ્ટ્રાઇક-રેટ હતો. વૈભવે બોલર્સની ઍનેલિસિસ બગાડી નાખી હતી. અમદાવાદના વેદાંત ત્રિવેદીએ બનાવેલા ૩૪ રન ટીમમાં થર્ડ-હાઇએસ્ટ હતા.

### તમામ સાત ભારતીય બોલરને મળી વિકેટ

કૅપ્ટન આયુષ મ્હાત્રે ઈજાગ્રસ્ત હોવાથી આ શ્રેણીમાં નહોતો રમી રહ્યો અને વૈભવે સુકાન સંભાળ્યું હતું. ખુદ વૈભવે બે ઓવર બોલિંગ કરી હતી. તેના સહિતના તમામ સાત બોલરને વિકેટ મળી હતી. કિશન સિંહે ત્રણ અને મોહમ્મદ એનાને બે વિકેટ તેમ જ વૈભવ, હેનિલ પટેલ, કનિષ્ક, મોહન અને અંબરિશને એક-એક વિકેટ મળી હતી. ■

## ઍશિઝ ટેસ્ટ રોમાંચક તબક્કામાં, બ્રિટિશ બૅટ્સમૅન બેથેલે બાજી ફેરવી

### સિડનીમાં ઈંગ્લૅન્ડ ૧૧૯ રનથી આગળ, પણ ઑસ્ટ્રેલિયાને જીતવાની ઘણી તક છે : બ્રિટિશ બોલર્સની આજે આકરી કસોટી

સિડનીઃ ગઈ કાલે અહીં ઑસ્ટ્રેલિયા સામે છેલ્લી ઍશિઝ ટેસ્ટના ચોથા દિવસે ઇંગ્લૅન્ડના બાવીસ વર્ષીય બૅટ્સમૅન જૅકબ બેથેલે (૧૪૨ અણનમ, ૨૩૨ બૉલ, પંદર ફોર) ટેસ્ટ-કારકિર્દીની પ્રથમ સદી ફટકારીને આ મૅચને પાંચમા દિવસમાં લઈ જવાની ફરજ પાડી હતી.

ઇંગ્લૅન્ડ સિરીઝમાં ૧-૩થી પાછળ છે અને આ મૅચ જીતીને પરાજયનો તફાવત ઓછો કરવા બેથેલે તનતોડ મહેનત કરી હતી અને ચોથા દિવસની રમતના અંત સુધી આઉટ નહોતો થયો. તેની સાથે મૅથ્યૂ પોટ્સ (૦) દાવમાં હતો.

### બેથેલ પહેલી જ ઓવરથી ક્રીઝમાં

બેથેલનો જન્મ વેસ્ટ ઇન્ડિઝના બાર્બેડોઝમાં થયો હતો. તે બુધવારે બીજા દાવમાં પહેલી ઓવરમાં જૅક ક્રૉવ્લી (એક રન)ની વિકેટ પડતાં જ બેથેલ બૅટિંગમાં આવ્યો હતો અને દિવસના અંત સુધી ક્રીઝમાં ટકી રહ્યો હતો. તેણે બેન ડકેટ (૪૨ રન) સાથે બીજી વિકેટ માટે ૮૧ રનની ભાગીદારી કરી હતી.

### બેથેલની ત્રણ ભાગીદારી

ઇંગ્લૅન્ડે દિવસ પૂરો થયો ત્યાં સુધીમાં બીજા દાવમાં આઠ વિકેટે ૩૦૨ રન કર્યા હતા અને બેન સ્ટૉક્સની આ ટીમ ૧૧૯ રનથી આગળ હતી તેમ છતાં ગુરુવારના છેલ્લા દિવસે વરસાદનું વિઘ્ન નહીં નડે તો યજમાન ઑસ્ટ્રેલિયાને જીતવાની તક મળી શકે. જેકબ બેથેલની કરીઅરની છઠ્ઠી ટેસ્ટમાં આ પહેલી અને બીજી આંતરરાષ્ટ્રીય સદી હતી. તે વન-ડેમાં એક સેન્ચુરી ફટકારી ચૂક્યો છે. તેણે બેન ડકેટ (૪૨ રન) સાથે બીજી વિકેટ માટે ૮૧ રનની, જૉ રૂટ (૭ રન) સાથે ૩૨ રનની, હૅરી બ્રૂક (૪૨ રન) સાથે ૧૦૨ રનની અને જૅમી સ્મિથ (૨૬ રન) સાથે ૪૫ રનની ભાગીદારી કરી હતી. બેથેલની સદી થકી જ ઇંગ્લૅન્ડની ટીમ પ્રથમ દાવની ૧૮૩ રનની સરસાઈ ઉતારી શકી હતી.

### બ્રિટિશરો બૅક-ટુ-બૅક વિજય મેળવશે?

ઇંગ્લૅન્ડની આઠમાંથી ત્રણ વિકેટ બ્યૂ વેબસ્ટરે, બે વિકેટ સ્કૉટ બૉલૅન્ડે બે વિકેટ અને મિચલ સ્ટાર્ક તથા માઇકલ નેસરે એક-એક વિકેટ લીધી હતી. ઑસ્ટ્રેલિયાનો બ્યૂ વેબસ્ટર ઑલરાઉન્ડર છે અને તે પેસ બોલિંગ ઉપરાંત ઑફ-સ્પિન બોલિંગ પણ કરી જાણે છે. પહેલા દાવમાં તે ૭૧ રને અણનમ રહ્યો હતો. પહેલા દાવમાં ઇંગ્લૅન્ડના ૩૮૪ રન સામે ઑસ્ટ્રેલિયાએ ૫૬૭ રન કર્યા હતા. એમાં ઓપનર ટ્રૅવિસ હેડના ૧૬૩ રન અને કાર્યવાહક કૅપ્ટન સ્ટીવ સ્મિથના ૧૩૮ રન સામેલ હતા. આ ટેસ્ટનું કંઈ પણ પરિણામ આવી શકે. ઑસ્ટ્રેલિયાને જીતવાનો વધુ મોકો છે, પણ બ્રિટિશ ટીમ સિરીઝમાં બૅક-ટુ-બૅક મૅચ જીતવાની તક ઝડપી શકશે.

### સ્ટીવ સ્મિથની ૩૭મી સદી નિર્ણાયક બની શકે

ઑસ્ટ્રેલિયાના કાર્યવાહક સુકાની સ્ટીવ સ્મિથે મંગળવારે ૩૭મી ટેસ્ટ સદી ફટકારી હતી. એ સાથે તે ઇંગ્લૅન્ડ સામેની ઍશિઝ સિરીઝમાં સૌથી વધુ રન કરનારાઓમાં જૅક હૉબ્સના સ્થાને બીજા નંબરે આવી ગયો છે. આ યાદીમાં સર ડૉન બ્રૅડમૅન (૫,૦૨૮ રન) પ્રથમ નંબરે, સ્ટીવ સ્મિથ (૩,૬૮૨ રન) બીજા નંબરે અને જૅક હૉબ્સ (૩,૬૩૬ રન) ત્રીજા નંબરે છે. ■



જૅકબ બેથેલની પહેલી ટેસ્ટ સદી નિર્ણાયક બની શકે

### ગુજરાતના છ સાંસદોની સંપત્તિમાં તોતિંગ વધારો

# પૂનમ માડમની મિલકત ૧૭ કરોડથી વધીને ૧૪૭ કરોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ વર્ષ ૨૦૧૪માં દેશમાં ભાજપની સરકાર સત્તામાં આવી હતી. આ વર્ષે ગુજરાતની તમામ લોકસભાની સીટો ભાજપના ફાળે ગઈ હતી. દેશમાં ૨૦૧૪થી અત્યાર સુધી ગઉઅનું શાસન છે. આ ૧૦ વર્ષના સમયગાળા દરમિયાન ગુજરાત સહિત દેશભરમાં રિપીટ થયેલા સાંસદોની સંપત્તિમાં થયેલા વધારા-ઘટાડાનું વિશ્લેષણ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રીફોર્મ (એડીઆર) દ્વારા કરવામાં આવ્યું હતું. આ તટસ્થ એનાલિસીસમાં કેટલાંક ચોંકાવનારાં તથ્યો બહાર આવ્યા હતા. આ રિપોર્ટ મતદારોને તેમના પ્રતિનિધિઓની આર્થિક સ્થિતિ વિશે માહિતગાર કરવાના ઉદ્દેશ્યથી તૈયાર કરવામાં આવ્યો છે. તમામ માહિતી સાંસદો દ્વારા ભારતના ચૂંટણી પંચ સમક્ષ દાખલ કરાયેલા સોગંદનામા પર આધારિત છે.

જેમ કે ૨૦૧૪થી ૨૦૨૪ દરમિયાન રિપીટ થયેલા ગુજરાતના ૬ સાંસદોમાં જામનગરથી પુનમબેન માડમ, કચ્છથી વિનોદ ચાવડા, બારડોલીથી પ્રભુ વસાવા, દાહોદથી જસવંત ભાભોર, જૂનાગઢથી રાજેશ ચુડાસમા, ખેડાથી દેવુસિંહ ચૌહાણ અને નવસારીથી સીઆર પાટીલનો સમાવેશ થાય છે. આ સાંસદોમાં સીઆર પાટીલને બાદ કરતા તમામ વર્તમાન સાંસદોની સંપત્તિમાં તોતિંગ વધારો થયો હોવાનું બહાર આવ્યું છે. તેમાં પણ પૂનમ માડમની સંપત્તિમાં ૧૦ વર્ષ દરમિયાન રૂ. ૧૩૦.૨૬ કરોડનો વધારો નોંધાયો છે. ૨૦૧૪માં તેમની સંપત્તિ રૂ. ૧૭.૪૩ કરોડ હતી, જે ૨૦૨૪માં વધીને રૂ. ૧૪૭.૭૦ કરોડ થઈ છે.

**કોની કેટલી સંપત્તિ વધી?**

૧. પ્રભુભાઈ નાગરભાઈ વસાવા (બારડોલી): ૨૦૧૪ માં રૂ. ૧ કરોડથી વધુ મિલકત હતી, જે ૨૦૨૪માં વધીને આશરે ₹૪.૭૦ કરોડ થઈ છે. કુલ વધારો ૧૯૫% રહ્યો છે.

૨. જસવંતસિંહ સુમનભાઈ ભાભોર (દાહોદ): તેમની મિલકત ૨૦૧૪ માં રૂ. ૧.૯૬ કરોડ હતી, જે ૨૦૨૪ માં વધીને રૂ. ૪.૮૪ કરોડ થઈ છે. આ ૧૦ વર્ષમાં ૧૪૬% નો વધારો છે.

૩. રાજેશભાઈ નારણભાઈ ચુડાસમા (જૂનાગઢ): ૨૦૧૪ માં તેમની પાસે રૂ. ૭૪ લાખથી વધુની મિલકત હતી, જે ૨૦૨૪ માં વધીને રૂ. ૩.૩૪ કરોડથી વધુ થઈ છે. તેમાં ૩૪૯%નો વધારો થયો

૪. દેવુસિંહ ચૌહાણ (ખેડા) ): ૨૦૧૪ માં તેમની પાસે રૂ. ૯૪ લાખથી વધુની મિલકત હતી, જે ૨૦૨૪માં વધીને રૂ. ૩.૪૯ કરોડથી વધુ થઈ, તેમાં ૨૭૧%નો વધારો થયો.

જ્યારે કેન્દ્રીય પ્રધાન અને પૂર્વ ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલની સંપત્તિમાં આશ્ચર્યજનક રીતે ૪૭ ટકાનો ઘટાડો થયો છે. સી. આર. પાટીલ પાસે ૨૦૧૪માં તેમની પાસે રૂ. ૭૪ કરોડથી વધુની મિલકત હતી, જે ૨૦૨૪માં ઘટીને રૂ. ૩૯ કરોડ થઈ, તેમની સંપત્તિમાં ૪૭ ટકા જેટલી ઘટી છે.

તે જ પ્રકારે અન્ય સાંસદોની વધેલી સંપત્તિ પર એક નજર કરીએ તો વિનોદભાઈ લખાભાઈ ચાવડા (કચ્છ): તેમની મિલકતમાં સૌથી મોટો ટકાવારી ફેરફાર જોવા મળ્યો છે. ૨૦૧૪માં રૂ. ૫૬ લાખથી વધીને ૨૦૨૪માં મિલકત રૂ. ૭ કરોડ થી વધુ થઈ છે, જે ૧૧૬૩% નો વધારો થયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લાં ૧૦ વર્ષમાં રિપીટ થયેલા સાંસદોની સરેરાશ મિલકતમાં રૂ. ૧૭.૩૬ કરોડનો વધારો થયો છે. ૨૦૧૪માં સરેરાશ મિલકત રૂ. ૧૫.૭૬ કરોડ હતી જે ૨૦૨૪માં વધીને સરેરાશ રૂ. ૩૩.૧૩ કરોડ થઈ ગઈ છે. ■

# સુરતમાં ડ્રગ્સ બનાવતી ફેક્ટરી ઝડપાઈ, લંડન સાથે કનેક્શન હોવાનું પગેરું મળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત શહેરમાં ડ્રગ્સ બનાવતી ફેક્ટરી ઝડપાઈ હતી. પાટીદારોના ગઢ ગણાતા પુણા વિસ્તારમાં ધમધમતી ફેક્ટરીનું લંડન કનેક્શન બહાર આવ્યું હોવાનું પણ સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. અમરોલીમાંથી ૨૩૬ ગ્રામ ડ્રગ્સ સાથે ઝડપાયેલા પાટીદાર યુવકની કબૂલાત બાદ પોલીસે પુણા વિસ્તારમાં એક મોલની અંદર ફૂડ ટેસ્ટિંગ લેબની આડમાં ધમધમતી ડ્રગ્સ ફેક્ટરીનો પર્દાફાશ કર્યો હતો. સુરતના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (એસઓજી)એ લેબ પર દરોડો પાડીને ત્રણ શખસોની ધરપકડ કરી હતી. પોલીસે રૂ. ૨.૯૨ લાખનો મુદ્દામાલ, તૈયાર ડ્રગ્સ જપ્ત કરી તપાસ હાથ ધરી હતી. તપાસમાં લંડનમાં બેઠેલા માસ્ટર માઈન્ડના ઈશારે ડ્રગ્સ તૈયાર કરવામાં આવતું હોવાનો ઘટસ્ફોટ થયો હતો. ૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ એસઓજી ટીમે અમરોલી છાપરાભાઠા રોડ પરથી ૨૧ વર્ષીય પાટીદાર યુવકને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી ૨૩૬.૭૮૦ ગ્રામ એમડી ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. સામાન્ય રીતે ડ્રગ્સ અન્ય રાજ્યોમાંથી આવતું હોય છે, પરંતુ યુવકની કડક પૂછપરછમાં જે વિગતો સામે આવી તેણે પોલીસને પણ ચોંકાવી દીધી હતી.

આરોપી યુવકે કબૂલાત કરી હતી કે આ ડ્રગ્સ કોઈ બહારના રાજ્યમાંથી મગાવવામાં આવ્યું નથી, પરંતુ સુરત શહેરની અંદર જ તૈયાર કરવામાં આવ્યું હતું. આ ગંભીર વિગતના આધારે એસઓજીએ અલગ-અલગ ટીમો બનાવી તપાસનો ધમધમાટ તેજ કર્યો હતો. તપાસના તાર પર્વત પાટિયા-વેસુ કેનાલ રોડ પર આવેલા એક શોપિંગ સેન્ટર સુધી પહોંચ્યા હતા.

પોલીસે શોપિંગ સેન્ટરમાં આવેલી એક લેબોરેટરી પર બાતમીના આધારે દરોડા પાડ્યા હતા. ઉપરછેલ્લી રીતે આ લેબ ફૂડ અને ફાર્મા પ્રોડક્ટ્સના ટેસ્ટિંગ માટે હોવાનું જણાતું હતું, પરંતુ અંદરનું દૃશ્ય કંઈક અલગ જ હતું.

તપાસ દરમિયાન પોલીસને લેબમાંથી અત્યાધુનિક મશીનરી અને એવા કેમિકલ્સ મળી આવ્યા હતા જેનો ઉપયોગ ક્રિસ્ટલ મેફેડ્રોન બનાવવા માટે થતો હતો. એસઓજીની તપાસમાં સાબિત થયું કે આ લેબ વાસ્તવમાં એક મોટું ડ્રગ્સ મેન્યુફેક્ચરિંગ યુનિટ હતું. આરોપીઓ કોઈને શંકા ન જાય તે માટે ફૂડ ટેસ્ટિંગના બહાને ડ્રગ્સનું ઉત્પાદન કરી રહ્યા હતા. હાલ પોલીસે મુદ્દામાલ જપ્ત કરી આ રેકેટમાં અન્ય કેટલા લોકો સામેલ છે અને આ ડ્રગ્સ ક્યાં સપ્લાય કરવામાં આવતું હતું તે દિશામાં તપાસ શરૂ કરી હતી. આગામી દિવસોમાં આ મુદ્દે ચોંકાવનારી વિગતો બહાર આવી શકે છે. ■

# મોદીના ગુજરાત પ્રવાસના પગલે પોલીસોની રજાઓ રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદી આગામી તા. ૧૦થી ૧૨ જાન્યુઆરી દરમિયાન ગુજરાતના પ્રવાસ પર છે. તેઓ વિવિધ જિલ્લા અને શહેરમાં યોજાનારા કાર્યક્રમોમાં હાજરી આપવાના છે, જેના પગલે સુરક્ષાવ્યવસ્થા સુદૃઢ બનાવવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા તથા દેશ-વિદેશના મહાનુભાવોની સુરક્ષાને ધ્યાને રાખીને રાજ્યના પોલીસ મહાનિરીક્ષક અને મુખ્ય પોલીસ અધિકારી દ્વારા પરિપત્ર જારી કરવામાં આવ્યો છે, જે મુજબ રાજ્યના તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની તાત્કાલિક અસરથી રજાઓ રદ કરાઈ છે. ૭થી ૧૨ જાન્યુઆરી સુધી પોલીસ કર્મીઓ રજા નહીં લઈ શકે, જે કર્મચારીઓ રજા પર છે તેમને તાત્કાલિક હાજર થવા સૂચના અપાઈ છે. વડા પ્રધાનના ગુજરાત પ્રવાસને કારણે રજાઓ રદ કરાઈ છે.

પરિપત્રના આદેશ અનુસાર ૭થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન કોઈ પણ પોલીસકર્મી રજા લઈ શકશે નહીં, જે કર્મચારીઓ હાલમાં રજા પર છે, તેમને પણ રજા ટૂંકાવીને તાત્કાલિક પોતાની ફરજ પર હાજર થવા માટે સૂચના આપવામાં આવી છે.

વડા પ્રધાનના આગમનને પગલે બંદોબસ્તને પ્રાથમિકતા આપીને તમામ અધિકારીઓને હેડક્વાર્ટર ન છોડવા કડક આદેશ કરવામાં આવ્યા છે. રાજ્યના તમામ મહત્ત્વના વિભાગો જેવા કે એસીબી, સીઆઈડી ઇન્ટેલિજન્સ અને રેલવે પોલીસને મોકલી દેવામાં આવી છે. આ દરમિયાન ગાંધીનગર સહિત સમગ્ર રાજ્યમાં પોલીસ બેડાને સ્ટેન્ડ-બાય મોડ પર રાખવામાં આવ્યો છે .■



જનજાગૃતિ: ગુજરાતના ગાંધીનગરમાં બુધવારે આંગણવાડી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા યોજવામાં આવેલા અંગદાન જાગૃતિ કાર્યક્રમમાં નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી પતંગ સાથે. (એજન્સી)

# પાલનપુર કલેક્ટર કચેરીને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી: પરિસર ખાલી કરાવાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બનાસકાંઠા જિલ્લાના વડા મથક પાલનપુરસ્થિત કલેક્ટર કચેરીને બૉમ્બની ધમકીનો ઈમેઈલ મળતાંની સાથે જ પાલનપુર જિલ્લા કલેક્ટર, અધિક કલેક્ટર સહિતની અન્ય તમામ કચેરીઓને ખાલી કરાવી દેવામાં આવી હતી.

બૉમ્બની ધમકી મળ્યાની જાણ થતા જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે આવી પહોંચ્યો હતો અને તપાસ શરૂ કરી દીધી હતી. આ સાથે જ તમામ કચેરીઓની સ્ટાફ અને અરજદારોને કચેરી બહાર મોકલી દેવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ ગુજરાત હાઈ કોર્ટ સાથે રાજ્યની અનેક કોર્ટને પણ બૉમ્બની ધમકી મળી હતી.

સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે અમદાવાદ, સુરત, આણંદ, રાજકોટ અને ભરૂચની લોઅર કોર્ટને પણ આરડીએક્સથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી.

અગાઉ ભરૂચ કલેક્ટર અને ગાંધીનગર કલેક્ટર કચેરીને પણ આ જ પેટર્નથી ધમકી ભરેલો મેલ મળ્યો હતો. ■

# વડા પ્રધાનને રાજકોટમાં ૪૫૦૦ પોલીસનું સુરક્ષા કવચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં આગામી તા.૧૧ અને ૧૨ ના સૌરાષ્ટ્ર-કચ્છ રિજનલની વાયબ્રન્ટ સમિટ યોજાવા જઈ રહી છે. મારવાડી યુનિવર્સિટીમાં યોજાનાર વાયબ્રન્ટ સમિટના ઉદ્ઘાટન કાર્યક્રમમાં દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી ખાસ ઉપસ્થિત રહેશે. તેમની સુરક્ષા માટે ગૃહ વિભાગની સાથે રાજકોટ શહેર પોલીસે પણ તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દીધો છે. વડા પ્રધાનની સુરક્ષામાં બે રેન્જ આઈજી, ૧૧ ડીસીપી સહિત ૪૫૦૦ પોલીસનું સુરક્ષા કવચ રહેશે.

પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ, વાઈબ્રન્ટ સમિટમાં વડા પ્રધાનની સાથે સાથે દેશ-વિદેશના ટોચના ઉદ્યોગપતિઓ, કેન્દ્રીય-રાજયના પ્રધાનો, મોટી કંપનીઓના સી.ઈ.ઓ. રાજકોટની મુલાકાતે પધારનાર હોય અને શહેરમાં જ રાત્રી રોકાણ કરનાર હોય, આ સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો, આતંકવાદી અને ભાંગ ફોડિયા તત્ત્વો ગેરકાયદેસર પ્રવૃત્તિ કરી સુરક્ષામાં અવરોધ ન કરે તે માટે ગૃહ વિભાગના માર્ગદર્શન હેઠળ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. વડા પ્રધાનના કાર્યક્રમ દરમિયાન અને બે દિવસ ચાલનાર વાઈબ્રન્ટ સમિટના આયોજનમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જેમાં રાજકોટ રેન્જ આઈજી અને બોર્ડર રેન્જ આઈજીમાં માર્ગદર્શન હેઠળ ૧૧ ડીસીપી ૩૦ એસીપી, ૯૦ પીઆઈ, ૨૩૫ પીએસઆઈ, ૨૫૬૦ પોલીસમેન અને સાથે હોમગાર્ડ, ટીઆરબીના જવાનો પણ સુરક્ષામાં ખડેપગે રહેશે. ■

# રાજકુમાર જાટ શંકાસ્પદ મોત કેસમાં ગણેશ ગોંડલનો નાર્કો ટેસ્ટ રિપોર્ટ હાઈ કોર્ટમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના ચકચારી રાજકુમાર જાટ નામના યુવાનના શંકાસ્પદ મોત કેસમાં આરોપી રહેલા ગણેશ ગોંડલનો નાર્કો ટેસ્ટ કરવાનો આદેશ ગુજરાત હાઈ કોર્ટે કર્યો હતો. ગત ૧૧ ડિસેમ્બરે ગણેશ ગોંડલનો નાર્કો ટેસ્ટ કર્યા બાદ બુધવારે સુરેન્દ્રનગર પોલીસ દ્વારા આ કેસમાં કરેલી તપાસનો રિપોર્ટ ગુજરાત હાઈ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. સરકારી વકીલ દ્વારા આ ટેસ્ટ દરમિયાન થયેલી પૂછપરછ અને તેનાં તારણો અંગે કોર્ટને માહિતગાર કરવામાં આવી છે. સુનાવણી દરમિયાન સરકારી વકીલે જણાવ્યું હતું કે, નાર્કો ટેસ્ટ દરમિયાન ગણેશ ગોંડલને કુલ ૩૧ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. આ પ્રશ્નોમાં મુખ્યત્વે ઘટનાના દિવસે બનેલો સમગ્ર બનાવ, મારામારીની ઘટના અને તેની પાછળનાં કારણો, ફેટલ એક્સિડન્ટ (જીવલેણ અકસ્માત) સંબંધિત સંજોગો જેવા મુદ્દાઓ પર આધારિત હતા. સરકારી વકીલે કોર્ટમાં રિપોર્ટ ટાંકીને નિવેદન આપ્યું હતું કે, નાર્કો ટેસ્ટનાં પરિણામો મુજબ આરોપીએ કોઈ પૂર્વયોજિત કાવતરું રચ્યું હોય તેવું જણાઈ આવતું નથી. વધુમાં, આરોપીના ઘરે થયેલી જૂની માથાકૂટનો બદલો લેવા માટે આ કૃત્ય કરવામાં આવ્યું હોય તેવા પણ કોઈ સચોટ પુરાવા ટેસ્ટ દરમિયાન મળ્યા નથી. જોકે, આ ટેસ્ટ બાદ લેબોરેટરી દ્વારા તપાસ અધિકારીને કેટલાંક મહત્ત્વના સૂચનો કરવામાં આવ્યાં છે.

બીજી તરફ, મૃતક રાજકુમાર જાટના વકીલે માત્ર નાર્કો ટેસ્ટના તારણોથી સંતોષ ન માનતા 'નાર્કો એનાલિસિસ' કરવાની માગણી કરી હતી. અરજદારના વકીલે સુરેન્દ્રનગર પોલીસ દ્વારા ફેરતપાસ રિપોર્ટ માગ્યા હતા. વધુમાં કોર્ટને જણાવ્યું હતું કે, મૃતકના પાછળના ભાગે અકસ્માતમાં ઈજા કેવી રીતે થઈ? તે ૫૨ કિમી કેવી રીતે ચાલ્યો? અમુક સીસીટીવી ફુટેજમાં કપડાં પહેરેલ અને અમુકમાં નગ્ન કેમ દેખાય છે? આ ઉપરાંત નાર્કો ટેસ્ટ રિપોર્ટ પર પ્રશ્ન કરતા કહ્યું હતું કે, આરોપીને કેમ મર્યાદિત પ્રશ્ન પૂછ્યા? આરોપી સામે ચાલીને કેમ ટેસ્ટ માટે તૈયાર થયા? આ માગણીને ધ્યાને રાખીને ગુજરાત હાઈ કોર્ટે અરજદાર પક્ષના વકીલને નાર્કો એનાલિસિસ રિપોર્ટની કોપી પૂરી પાડવા માટે સરકારને હુકમ કર્યો હતો. હાઈ કોર્ટે બંને પક્ષોની રજૂઆત સાંભળ્યા બાદ આ કેસની વધુ સુનાવણી ૧૫મી જાન્યુઆરી પર મુલતવી રાખી હતી. આગામી સુનાવણીમાં એનાલિસિસ રિપોર્ટના આધારે નવાં તથ્યો સામે આવે તેવી શક્યતા છે. રાજકુમાર જાટના મોત પાછળ અકસ્માત હતો કે સુનિયોજિત હત્યા, તે રહસ્ય પરથી પડદો ઉંચકવા માટે હવે ૧૫ જાન્યુઆરીની તારીખ નિર્ણાયક સાબિત થશે. ■

# બનાસકાંઠાના ધાનેરામાં ઓરીના ૯ કેસ પોઝિટિવ અને ૩૭ શંકાસ્પદ કેસ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બનાસકાંઠાના ધાનેરા પંથકમાં અત્યારે ઓરીનો રોગ વકર્યો હોવાનું જાણવા મળ્યું છે. ધાનેરા તાલુકામાં ૯ કેસ પોઝિટિવ અને ૩૭ શંકાસ્પદ કેસ નોંધાયા છે. આટલા કેસ આવતા બની શકે છે કે, ધાનેરા પંથકને ચેપગ્રસ્ત જાહેર કરવામાં આવી શકે છે. જો કે, તેની સત્તાવાર રીતે કોઈ જાણકારી આપવામાં આવી નથી. આ મામલે ગાંધીનગર આરોગ્ય વિભાગની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી રહી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ધાનેરામાં છેલ્લા ૩ મહિનાથી સતત ઓરીના કેસમાં વધારો થઈ રહ્યો છે. ઓરીના કેસમાં વધારો થઈ રહ્યો હોવાથી ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ વિસ્તારની તપાસ શરૂ કરવામાં આવી છે. એટલું જ નહીં પરંતુ અત્યારે આરોગ્ય વિભાગની ટીમ પણ એલર્ટ થઈ ગઈ છે. આરોગ્ય વિભાગ દ્વારા ઘરે-ઘરે જઈને તપાસ કરવામાં આવી રહી છે. સ્થાનિક આરોગ્ય વિભાગે ઓરીના કેસની તપાસ કરી ત્યાર બાદ ગાંધીનગર ખાતે જાણ કરી હતી. જેથી ગાંધીનગર આરોગ્ય વિભાગ દ્વારા પણ તપાસ કરવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગ દ્વારા જે લોકોને ઓરીનો ચેપ લાગ્યો છે તે લોકોએ આરોગ્ય વિભાગનો સંપર્ક કરીને સારવાર કરાવવા અપીલ પણ કરવામાં આવી છે. ■

# કચ્છના ભચાઉ નજીક ૨.૮ની તીવ્રતા ધરાવતો ભૂકંપનો આંચકો અનુભવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: એક તરફ ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧માં કચ્છને તારાજ કરનારા ભયાનક ધરતીકંપની વરસી નજીક આવી રહી છે ત્યારે બીજી બાજુ ધરતીના પેટાળમાં શરૂ થયેલી સિસ્મિક એક્ટિવિટીને પગલે ભૂકંપ ઝોન-છમાં સમાવાયેલા કચ્છના અશાંત પેટાળમાં સતત નાના-મોટા ભૂકંપના આંચકાઓ આવતા જ રહે છે. તાજેતરમાં ચારથી વધારે તીવ્રતાના ભૂકંપના શક્તિશાળી આંચકાઓએ ધરતીને ધ્રુજાવી દીધી હતી ત્યારે બુધવારે સવારે કચ્છના પેટાળમાં ૨.૮ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો જેની અસર કેન્દ્રબિંદુ આસપાસનાં ગામોમાં અનુભવાઈ હતી.

સિસ્મોલોજી કચેરી ગાંધીનગરથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ બુધવારે સવારે ૭ અને ૪૬ કલાકે પૂર્વ કચ્છના ભચાઉથી ૦૯ કિલોમીટર દૂર કેન્દ્રબિંદુ ધરાવતો રિક્ટર સ્કેલ પર ૨.૮ની તીવ્રતાનો આંચકો ઉદ્ભવ્યો હતો. જમીનથી માત્ર ૨૦ કિલોમીટરની ઊંડાઇએથી ઉદ્ભવેલા અને વધારે સેકન્ડ સુધી આવેલા આ આંચકાથી કેન્દ્રબિંદુ આસપાસના વિસ્તારોમાં વિશેષ અનુભૂતિ થતાં ગભરાટ ફેલાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં છેલ્લાં કેટલાક સમયથી ભૂગર્ભીય હિલચાલ ચિંતાજનક રીતે વધી રહી છે. કચ્છના રાપર, ભચાઉ અને ધોળાવીરા સહિતના વિસ્તારોમાં કેટલીક બિન સર્કિટ ફોલ્ટલાઇનો ફરી સક્રિય થઇ છે. ■

# બૅંકમાંથી સવા કરોડના દાગીના ગાયબ થતા રાજકોટના દંપતી હાઈ કોર્ટમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ સ્થિત એક દંપતીએ ઇન્ડિયન બૅંક સામે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી છે, જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે બે લોન માટે ગીરવે રાખેલા રૂ. ૧.૧૫ કરોડના સોનાના દાગીના બૅંકની કસ્ટડીમાંથી ગુમ થઈ ગયા હતા, છતાં તેમને જણાવવામાં આવ્યું ન હતું અને તેમની પાસેથી વ્યાજ પણ વસૂલાતું હતું.

અરજદાર સંગીતા શાહ અને શ્યામ શાહ દ્વારા દાખલ કરાયેલી અરજીમાં જણાવાયું હતું કે તેમણે ૨૦૨૩માં ૧,૦૦૪.૧ ગ્રામ ૨૨ કેરેટ સોનું ગીરવે મૂકીને બે એમએસએમઈ જ્વેલરી લોન લીધી હતી. ૨૮ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ જ્યારે તેમણે રિન્યૂઅલ માટે બૅંકનો સંપર્ક સાધ્યો ત્યારે બૅંકે તેમને બીજા દિવસે જાણ કરી કે દાગીના ગુમ છે અને તેમને પ્રતિ ગ્રામ (૨૪ કેરેટ) રૂ. ૧૦,૮૧૩ના દરે વળતર આપવાની ઓફર કરી હોવાનું એક અહેવાલ દ્વારા જાણવા મળ્યું હતું.

બૅંકે પાછળથી કહ્યું કે માર્ચ ૨૦૨૫થી દાગીના ગુમ છે અને જુલાઈમાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, પરંતુ એફઆઈઆર દાખલ થઈ ન હતી અને તે અંગે કોઈ માહિતી પણ બૅંક પાસે ન હતી.

આ દરમિયાન બૅંક દ્વારા એનપીએ વર્ગીકરણની ધમકી આપવામાં આવી હતી, દંડ લાદવામાં આવ્યો હતો અને તેમના ક્રેડિટ સ્કોર્સને અસર થઈ હતી, જેના કારણે દંપતીએ કોર્ટનો સંપર્ક કર્યો હતો.

તેમણે કેન્દ્ર અને આરબીઆઈને બૅંક સામે કાર્યવાહી કરવા અને વળતરનો આદેશ આપવા અથવા સ્વતંત્ર તપાસ નિયુક્ત કરવા માટે નિર્દેશ આપવાની માગ કરી છે. પ્રારંભિક સુનાવણી પછી કોર્ટે કેન્દ્ર, આરબીઆઈ અને ઇન્ડિયન બૅંકને નોટિસ જારી કરીને ૨૭ જાન્યુઆરી સુધીમાં જવાબ માગ્યો છે, તેમ અહેવાલો જણાવે છે. ■

# એસવીપી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનશે ૧૨૫ હેક્ટરમાં: અમદાવાદ અને ગાંધીનગરના પાંચ ગામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવનું નિર્માણ કરવાનો પ્રસ્તાવ ગુજરાત સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કંપની લિમિટેડ દ્વારા મૂકવામાં આવ્યો છે. આ કંપની સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત હેઠળ કાર્યરત છે. આ પ્રસ્તાવિત મેગા સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાં લગભગ ૧૨૫ હેક્ટર જમીનનો સમાવેશ થાય છે. કુલ બિલ્ટ-અપ બાંધકામ ક્ષેત્ર ૧૫૦,૦૦૦ ચોરસ મીટરથી વધુ થઈ શકે છે તેવી માહિતી સૂત્રો દ્વારા મળી હતી.

આ પ્રોજેક્ટ માટે નક્કી થયેલી જમીન અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના આચર, ભાટ, હાંસોલ, કોટેશ્વર અને મોટેરા ગામોની છે. આ પ્રોજેક્ટને લીધે લગભગ ૮૧૪ પરિવારનું વિસ્થાપન થશે, આથી આ સંદર્ભમાં ગુજરાત હાઇ કોર્ટમાં ત્રણ અરજી દાખલ કરવામાં આવી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. અમદાવાદમાં ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન થઈ રહ્યું છે. એસવીપી સ્પોર્ટ્સ એન્ક્લેવને આ ગેમ્સ માટેનું સૌથી મહત્ત્વનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બની રહેશે. આ સાથે શહેરના નારણપુરા વિસ્તારમાં વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ પણ મહત્ત્વની ફેસિલિટી સાબિત થશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# રાજ્ય સરકાર હસ્તકના માર્ગોનાં ૪૧ કામો માટે સેન્ટ્રલ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડમાંથી ₹ ૧૦૭૮ કરોડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારત સરકારના સેન્ટ્રલ રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડમાંથી ગુજરાતને રાજ્ય સરકાર હસ્તકના માર્ગોનાં વિવિધ કામો માટે ૧૦૭૮.૧૩ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. ગુજરાતમાં રાજ્ય હસ્તકના માર્ગોનાં કામો માટે ફાળવાયેલી આ માતબર રકમથી આવનારા દિવસોમાં સાકાર કરી શકાશે. એટલું જ નહીં, પી.એમ. ગતિશક્તિ અન્વયે લોજિસ્ટિક્સ પરિવહનમાં સરળતા થશે અને ઝડપી બનશે.

કેન્દ્રીય માર્ગ પરિવહન-ધોરીમાર્ગ પ્રધાન નીતિન ગડકરીએ રાજ્યના માર્ગો અને નેશનલ હાઇવે અંતર્ગતના પ્રોજેક્ટ્સની સમીક્ષા માટે ગત નવેમ્બર-૨૦૨૫માં ગાંધીનગરમાં યોજેલી ઉચ્ચસ્તરીય બેઠકની ફળશ્રુતિ રૂપે ગુજરાતને આ ૧૦૭૮.૧૩ કરોડ રૂપિયાની રકમ રાજ્ય હસ્તકના માર્ગોનાં કામો હાથ ધરવા ફાળવવામાં આવી છે.

સી.આઈ.આર.એફની આ જે રકમ રાજ્ય હસ્તકના માર્ગોનાં કામો માટે મંજૂર કરવામાં આવી છે તેમાંથી કુલ ૫૬૪.૫૭ કિલોમીટર લંબાઇમાં વિવિધ ૪૧ કામો હાથ ધરાવાના છે. તદ્અનુસાર, પાટણ, કચ્છ, બનાસકાંઠા, ખેડા, મહીસાગર, છોટાઉદેપુર, વલસાડ, અમરેલી, જામનગર અને વડોદરા જિલ્લાઓમાં સ્ટેટ હાઇવેના વાઈડનિંગના ૧૧ કામોમાં કુલ ૨૨૯.૨૦ કિલોમીટરમાં હાથ ધરવા રૂ. ૬૩૬ કરોડ મંજૂર થયા છે. ■

# સુરતના ઉમરપાડા જંગલમાં પ્રેમીપંખીડાએ ગળાફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું

અમદાવાદ: સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના ગાઢ જંગલ વિસ્તારમાં એક પ્રેમી યુગલે આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો હતો. યુવક અને યુવતીએ ઝાડની ડાળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. ઘટનાની જાણ થતાં જ ઉમરપાડા પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યા હતા. પોલીસે આ સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ઉમરપાડા તાલુકાના ધાણાવડ નજીક આવેલ કાટણવાડી ગામની હદના જંગલ વિસ્તારમાં સ્થાનિકોએ ઝાડ પર લટકતી હાલતમાં બે મૃતદેહ જોયા હતા. એક જ ડાળી પર દુપટ્ટાના સહારે યુવક અને યુવતીએ આપઘાત કર્યો હોવાનું બહાર આવ્યું હતું. મૃતકોની ઓળખ બંસરી શૈલેષભાઈ પટેલ (ધોડિયા પટેલ), રહે. ચોખવાડા, ઉમરપાડા તથા નીરજ બાબુભાઈ પટેલ (ધોડિયા પટેલ), રહે. નવસારી તરીકે કરવામાં આવી છે. પ્રાથમિક દૃષ્ટિએ આ યુલગની આત્મહત્યા પાછળ પ્રેમપ્રકરણ હોવાનું માનવામાં આવી રહ્યું છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અમેરિકા અને રશિયા વચ્ચે ઘર્ષણના એંધાણ

## વેનેઝુએલાથી નીકળેલા બે ઓઈલ ટેન્કરને અમેરિકાના નૅવીએ કબજે કરતા મોસ્કો ભડક્યું, પોતાના યુદ્ધજહાજો અને સબમરીનો મોકલ્યા

મોસ્કો: અમેરિકાના સંરક્ષણ દળોએ વેનેઝુએલા સાથે કડી ધરાવતા પ્રતિબંધિત ઑઈલ ટેન્કરનો અઠવાડિયાથી પીછો કરીને તેને કબજે કરી લીધું હતું. અધિકારીએ નામ ન આપવાની શરતે માહિતી આપી હતી કે અમેરિકા ગયા મહિનાથી આ ટેન્કરનો પીછો કરી રહ્યું હતું. આ ટેન્કર અમેરિકી નૅવીએ કબજે કરતા રશિયા ભડકી ગયું હતું અને તેણે પોતાના નૌકાદળના યુદ્ધજહાજો અને સબમરીનો પણ સામા મોકલ્યા છે. આને કારણે અમેરિકા અને રશિયા વચ્ચે મધદરિયા ઘર્ષણ થવાની પૂરેપૂરી શક્યતા છે.

આ ટેન્કર વેનેઝુએલામાં અમેરિકાની નાકાબંધીથી છટકવાનો પ્રયાસ કરી રહ્યું હતું. અમેરિકાએ ૨૦૨૪માં એવો આક્ષેપ કર્યો હતો કે લેબેનોનના આંતકવાદી જૂથ હિઝબુલ્લા સાથે સંકળાયેલી કંપની માટે આ કાર્ગોની દાણચોરી કરે છે અને આના પર પ્રતિબંધો મૂક્યા હતા. ડિસેમ્બરમાં આ ટેન્કર વેનેઝુએલા આવ્યું ત્યારે અમેરિકાના કોસ્ટ ગાર્ડે તેના પર કબજો જમાવવાની કોશીશ કરી હતી અને ત્યારે જહાજ એટલાન્ટિક ભાગી ગયું હતું.

અહેવાલ મુજબ રશિયાનું એક વિશાલ ઓઈલ ટેન્કર બેલા-૧ વેનેઝુએલામાં ફસાયેલું હતું, જે એટલાન્ટિક મહાસાગરથી રશિયા તરફ રવાના થયું છે, આ દરમિયાન અમેરિકી સેના દ્વારા તેનો પીછો કરાયો હતો. આ ઓઈલ ટેન્કરની સુરક્ષા માટે રશિયન નેવીએ યુદ્ધજહાજો અને સબમરીન તહેનાત કર્યા છે.

અહેવાલ મુજબ હાલ આ જહાજમાં ઓઈલ ભરેલું નથી, પરંતુ ભૂતકાળમાં આ જહાજે અનેક વખત વેનેઝુએલાનું ક્રૂડ ઓઇલ રશિયા પહોંચાડ્યું છે. મંગળવારે સ્કોટલેન્ડ અને આઇસલેન્ડ વચ્ચે પહોંચ્યું હતું.

ગત મહીને અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે તેઓ વેનેઝુએલામાં પ્રવેશતા અને ત્યાંથી બહાર નીકળતા પ્રતિબંધિત તેલ ટેન્કરોની નાકાબંધી કરવાનો આદેશ આપી રહ્યા છે.

અહેવાલ મુજબ ગત મહિને અમેરિકી કોસ્ટ ગાર્ડે કેરેબિયન સમુદ્રમાં વેનેઝુએલા તરફ જઈ રહેલા રશિયાના ઓઈલ ટેન્કર બેલા-૧ પર ચઢવાનો પ્રયાસ કર્યો હતો.■

# દિલ્હીમાં મસ્જિદ નજીક ડિમોલિશન ડ્રાઈવ દરમિયાન પથ્થરમારો, તોફાન

નવી દિલ્હી: કોર્ટના આદેશને પગલે દિલ્હીના તુકમાન ગૅટ વિસ્તારમાં આવેલી ફૈઝ-એ-ઈલાહી મસ્જિદ નજીક કરવામાં આવેલી અતિક્રમણવિરોધી કાર્યવાહી દરમિયાન ૩૦થી ૩૫ જણનાં જૂથે પોલીસ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા તેમ જ બૅરિકેડ તોડી નાખ્યા હતા અને ધ્વનિવર્ધક ઉપકરણોને નુકસાન પહોંચાડ્યું હોવાનું દિલ્હી પોલીસમાં દાખલ કરવામાં આવેલા એફઆઈઆરમાં જણાવવામાં આવ્યું હતું.

કિશોર સહિત પાંચ વ્યક્તિને કસ્ટડીમાં લેવામાં આવ્યા હોવા ઉપરાંત ૧૦થી ૧૫ જણને પૂછપરછ માટે અટકાયતમાં લેવામાં આવ્યા હોવાનું જણાવતાં વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું હતું કે મંગળવાર અને બુધવાર વચ્ચેની મધરાતે કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન પોલીસ અધિકારીએ અને એમસીડીના અધિકારીઓ પર પથ્થરમારો કરવામાં ૧૦૦ કરતાં પણ વધુ પ્રદર્શનાર્થીઓ સંડોવાયેલા હતા.

આ અથડામણમાં પાંચ પોલીસ અધિકારી ઘાયલ થયા હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે આ ઘટના મંગળ અને બુધવાર વચ્ચેની રાતે ૧૨:૪૦ વાગે બની હતી.

કોન્સ્ટેબલ સંદીપે ફરિયાદમાં જણાવ્યું હતું કે ટોળાંને વિખેરાઈ જવાનું જણાવવા પોલીસે લાઉડ સ્પિકર પરથી અનેકવાર જાહેરાત કરી હતી, પરંતુ ટોળાંએ આદેશનું પાલન કરવાનું નકારી કાઢ્યું હતું. (એજન્સી) ■



**હથોડો:** દિલ્હીના રામલીલા મેદાન નજીક બુધવારે દિલ્હી પાલિકા (એમસીડી) દ્વારા ફૈઝ-એ-ઈલાહી મસ્જિદ નજીક અતિક્રમણવિરોધી કાર્યવાહી હાથ ધરવામાં આવ્યા બાદ જોવા મળી રહેલો કાટમાળ. (એજન્સી)

# ટ્રમ્પનું નેક્સ્ટ ટાર્ગેટ ઈરાન

## ઈરાનના લશ્કરી વડાની જડબાતોડ જવાબની ધમકી

નવી દિલ્હી: અમેરિકાના વિખ્યાત રણનીતિકાર જૅફ્રી શાક્સે અમેરિકાનાં આગામી લક્ષ્ય અંગે જણાવ્યું હતું કે અમેરિકા એ જ યુદ્ધ લડે છે જે ઈઝરાયલ એને લડવા કહે છે જે ખરેખર વધુ ખતરનાક છે.

અમેરિકાનું આગામી લક્ષ્ય ઈરાન હોઈ શકે છે જે વેનેઝુએલા કરતાં પણ વધુ ખતરનાક હશે, એમ તેમણે કહ્યું હતું.

ઈરાનના લશ્કરી વડાએ બુધવારે ઇસ્લામિક રિપબ્લિકને ટાર્ગેટ કરવાના ટ્રમ્પના વાણીવિલાસ તરફ ઇશારો કરતાં આગોતરા હુમલાની ધમકી આપી હતી. વડાએ ટ્રમ્પના એ નિવદન તરફ ઇશારો કર્યો હતો કે જેમાં તેમણે કહ્યું હતું કે જો તહેરાન શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓને હિંસક રીતે મારશે તો અમેરિકા તેમની મદદ માટે દોડી આવશે.

મેજર જનરલ આમિર હાતામીની ટીપ્પણી એવા સમયે આવી છે જ્યારે ઇરાન ઇઝરાયલ અને અમેરિકા બંને તરફથી મળી રહેલી ધમકીઓ તેમજ તેના આર્થિક સંકટના કારણે શરૂ થયેલા વિરોધ પ્રદર્શનોનો જવાબ આપવાનો પ્રયાસ કરી રહ્યું છે. જે હવે તેના ધાર્મિક શાસન માટે પણ એક મોટો પડકાર બની ગયું છે.

સરકારી સમાચાર એજન્સી આઇઆરએનએ અનુસાર ઇસ્લામિક રિપબ્લિક ઇરાની રાષ્ટ્ર વિરુદ્ધ આ પ્રકારના નિવેદનોને ખતરો માને છે. જો આ સિલસિલો ચાલુ રહ્યો તો જવાબ આપ્યા વિના રહીશું નહીં.

તેમણે વધુમાં જણાવ્યું કે હું ખાતરી સાથે કહી શકું છું કે આજે ઇરાનના સશસ્ત્ર દળોની તૈયારી યુદ્ધ પહેલાની સરખામણીએ ઘણી વધારે છે. જો દુશ્મન ભૂલ કરશે તો તેને જડબાતોડ જવાબ મળશે અને અમે કોઇપણ આક્રમણ કરનારનો હાથ કાપી નાખીશું. ■

# ગાઝા પીસ પ્લાન: મોદીને ખાસ ફોન કર્યો નેતાન્યાહુએ

નવી દિલ્હી: ઈઝરાયલના વડા પ્રધાન બૅન્ઝામિન નેતાન્યાહુએ બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે ફોન પર ગાઝા શાંતિ યોજનાની વર્તમાન સ્થિતિ અંગે વાત કરી હતી અને આતંકવાદ વિરુદ્ધની લડતમાં ભારત સાથે હોવાનો પુનરોચ્ચાર કર્યો હતો. બંને નેતાઓએ એકમેકને નવા વર્ષની અને દેશવાસીઓને શાંતિ તેમ જ સમૃદ્ધિની ઉષ્માભરી શુભેચ્છાઓ આપી હતી, એમ વડા પ્રધાનના કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. નેતાન્યાહુએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ગાઝા શાંતિ યોજનાના અમલ અંગે ટૂંકમાં માહિતી આપી હતી. ગાઝા વિસ્તારમાં શાંતિ સ્થપાય તે માટે કરવામાં આવી રહેલા પ્રયાસોને ભારતનો સતત ટેકો હોવાનું મોદીએ કહ્યું હતું. બંને દેશની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવા સંબંધિત પ્રાથમિકતાઓ ઓળખી કાઢી પરસ્પરના વિશ્વાસ અને લોકશાહીનાં મૂલ્યો જાળવી રાખવા પર બંને દેશના નેતાએ ભાર મૂક્યો હતો. આતંકવાદવિરોધી ઝીરો ટોલરન્સ નીતિ જાળવી રાખવાનો અને આતંકવાદના દૂષણ સામે લડત ચાલુ રાખવા બંને દેશ મક્કમ હોવાનું તેમણે કહ્યું હતું. બંને દેશના નેતાઓએ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દે વિચારો વ્યક્ત કર્યા હતા અને પરસ્પર હિતોને જાળવી રાખવા એકમેકના સંપર્કમાં રહેવા સહમત થયા હતા. ■

# ઝારખંડમાં વીફરેલા હાથીએ બે દિવસમાં ૧૩ના જીવ લઈ લીધા

ચૈબાસા (ઝારખંડ): ઝારખંડના પશ્ચિમ સિંહભૂમ જિલ્લામાં જંગલી હાથીના અલગ અલગ હુમલામાં એક જ પરિવારના ચાર સભ્ય સહિત ઓછામાં ઓછા છ લોકોના મોત થયા છે, એમ એક વરિષ્ઠ વન અધિકારીએ બુધવારે જણાવ્યું હતું. છેલ્લા બે દિવસમાં આ હાથીએ ૧૩ના જીવ લીધા છે.

છેલ્લા કેટલાક દિવસોમાં અનેક લોકો પર હુમલો કરનાર આ હાથી મંગળવારે મોડી રાત્રે નોઆમુન્ડી અને હટગમરિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘૂસી ગયો હતો અને છ લોકોને કચડી નાખ્યા હતા, એમ ચૈબાસા વિભાગીય વન અધિકારી આદિત્ય નારાયણે જણાવ્યું હતું. એક અન્ય વન અધિકારીએ જણાવ્યું હતું કે આ હુમલામાં ચાર અન્ય લોકો ઘાયલ પણ થયા હતા.

નારાયણે જણાવ્યું હતું કે, એક દિવસ પહેલા કોલ્હાન ક્ષેત્રમાં આ હાથણીએ એક જ પરિવારના ત્રણ સભ્ય સહિત સાત લોકોના જીવ લીધા હતા.

ગોઇલકેરા પોલીસ સ્ટેશન હદ હેઠળ કોલ્હાન ફોરેસ્ટ રેન્જમાં હાથીએ ૨૫ વર્ષીય વ્યક્તિ અને તેના બે બાળકને મારી નાખ્યા હતા.

અધિકારીએ જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળના બાંકુરા જિલ્લાના નિષ્ણાતો સાથે વન અધિકારીઓની ટીમો હાથીને જંગલમાં પાછો ભગાડવા માટે રોકાયેલી છે.

આ દરમિયાન, હાથીઓની હિલચાલને કારણે આ વિસ્તારમાં ઘણી ટ્રેનો રદ કરવામાં આવી છે. ■

### પુણે પોર્શ કેસ:

# આરોપીઓની જામીન અરજી પર સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર પાસે જવાબ માગ્યો

નવી દિલ્હી: મે, ૨૦૨૪માં બે જણનાં મોત નિપજાવનાર પુણે પોર્શ કાર અકસ્માત કેસમાં જામીન મેળવવા માટે બે આરોપી દ્વારા દાખલ કરાયેલી અરજીઓ પર સુપ્રીમ કોર્ટે બુધવારે મહારાષ્ટ્ર સરકાર પાસેથી જવાબ માગ્યો હતો. આદિત્ય અવિનાશ સૂદ (૫૨) અને આશિષ સતીશ મિત્તલ (૩૭)ની ગયા વર્ષે ૧૯ ઓગસ્ટના રોજ ધરપકડ કરવામાં આવી હતી, કારણ કે અકસ્માત સમયે ૧૭ વર્ષીય મુખ્ય આરોપી સાથે કારમાં બે સગીરના સંબંધમાં તેમના લોહીના નમૂનાનો ઉપયોગ પરીક્ષણ માટે કરવામાં આવ્યો હતો. ૧૯ મે, ૨૦૨૪ના રોજ, પુણેના કલ્યાણી નગર વિસ્તારમાં ૧૭ વર્ષીય તરૂણ દ્વારા દારૂના નશામાં ચલાવવામાં આવેલી પોર્શ કારે બે આઇટી વ્યાવસાયિકને જીવલેણ રીતે ટક્કર મારી હતી. જસ્ટિસ બી.વી. નાગરત્ના અને જસ્ટિસ ઉજ્જ્વલ ભુયાનની બેન્ચે બોમ્બે હાઇકોર્ટના જામીન નામંજૂર કરવાના આદેશ સામેની તેમની અરજીઓ પર રાજ્ય સરકારને નોટિસ જારી કરી હતી.

ગયા વર્ષે ૧૬ ડિસેમ્બરે હાઈકોર્ટે આ કેસમાં સૂદ અને મિત્તલ સહિત આઠ આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી.

જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ (જેજેબી) એ સગીર આરોપીને ઉદાર શરતો પર જામીન આપ્યા હતા, જેના કારણે દેશભરમાં રોષ ફેલાયો હતો. જામીનની શરતોમાં માર્ગ સલામતી પર ૩૦૦ શબ્દોનો નિબંધ લખવાનો સમાવેશ થતો હતો.

આરોપી કિશોરને જામીન આપવાથી આક્રોશ ફેલાયો હોવાથી, પુણે પોલીસે તેના નિર્ણયની સમીક્ષા કરવા માટે જેજેબીનો સંપર્ક કર્યો હતો.

જ્યારે કેસમાં સંડોવાયેલા કિશોરને નિરીક્ષણ ગૃહમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો, ત્યારે કુલ ૧૦ આરોપી - તેના માતાપિતા વિશાલ અગ્રવાલ અને શિવાની અગ્રવાલ, બે ડોકટરો - અજય તાવરે અને શ્રીહરિ હાલનોર, સાસૂન હોસ્પિટલના સ્ટાફર અતુલ ઘાટકાંબલે, બે વચેટિયા અને ત્રણ અન્ય - આદિત્ય અવિનાશ સૂદ, આશિષ મિત્તલ અને અરુણ કુમાર સિંહ - ને લોહીના નમૂના બદલવાના કેસમાં જેલમાં મોકલવામાં આવ્યા હતા. ■

# રખડતા શ્વાનને લીધે થતા એક્સિડન્ટમાં પણ લોકો જીવન ગુમાવે છે: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : સુધરાઈ જેવી સંસ્થાઓ પાલિકાએ ઘડેલા નિયમો અને આદેશોનું અનુકરણ કરતી નથી એની ગંભીર નોંધ લેતા સુપ્રીમ કોર્ટે બુધવારે કહ્યું હતું કે દેશમાં ફક્ત કૂતરાના કરડવાથી લોકો નથી મરી રહ્યા હતા. લોકો રોડ પર રખડતા શ્વાનને લીધે થતા અકસ્માતોને લીધે પણ મરી રહ્યા છે.

જસ્ટિસ વિક્રમ નાથ, સંદીપ મહેતા અને એન. વી. આહુજાની બનેલી બેન્ચ સર્વોચ્ચ અદાલતના અગાઉના હુકમ સામે શ્વાનપ્રેમીઓએ માગેલા સુધારા અને બીજી બાજુ હુકમનો સખત પાલન કરવાની દાદ ચાહનારા લોકોની અરજીઓ સાંભળી રહી છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે અનેક પશુપ્રેમીઓ અને વકીલોએ દાવો કર્યો હતો કે સાત નવેમ્બરનો હુકમ પસાર થતા પહેલાં અમને સાંભળવામાં આવ્યા નથી અને એટલે આ બાબત અમે ફરી સાંભળી રહ્યા છીએ. બેન્ચે કહ્યું હતું કે રોડને રખડતાં કૂતરાં અને બીજાં પ્રાણીઓથી મુક્ત કરવા જ પડશે. કૂતરાનું કરડવું જ નહીં, પરંતુ તેમના રોડ પર ભટકવાનું ખતરનાક બની ગયું છે અને આને લીધે અકસ્માતો થાય છે.

બેન્ચે કહ્યું હતું કે કોઈને ખબર નથી કે કયો શ્વાન સવારે કયા મૂડમાં છે. પાલિકા સત્તાવાળાઓએ નિયમો, માપદંડો અને નિર્દેશોનું સખત રીતે પાલન કરવું જ જોઈએ.

જસ્ટિસ મહેતાએ નિર્દેશ કર્યો હતો કે છેલ્લા ૨૦ દિવસમાં રાજસ્થાન હાઈ કોર્ટના બે જજને ગંભીર અકસ્માત થયો હતો. અને એક જજને કરોડરજ્જુની ઈજા થઈ છે. આ ગંભીર બાબત છે. (એજન્સી) ■

# ભારતીય ટીનેજરોને ટેરરિસ્ટ બનાવી રહ્યું છે આઈએસઆઈ

## આવા શંકાસ્પદ ૩૭ સગીર તપાસ હેઠળ: આમાંના પચીસ કાશ્મીર અને ૧૨ પંજાબના છે

નવી દિલ્હી: પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ઇન્ટર-સર્વિસિસ ઇન્ટેલિજન્સ (આઈએસઆઈ) ભારતમાં આતંવાદી પ્રવૃત્તિઓ ફેલાવવા સતત સક્રિય રહે છે. એવામાં એક ખતરનાક જાસૂસી નેટવર્કનો પર્દાફાશ થયો છે. આઈએસઆઈ ટીનેજરોને ફસાવીને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે કામ કરવા બ્રેઈન વોશ કરી રહી રહી છે.

એક અહેવાલ પ્રમાણે ૩૭થી વધુ સગીરો ભારતીય સુરક્ષા એજન્સીઓની તપાસ હેઠળ છે, જેમાંથી ૧૨ પંજાબ અને હરિયાણાના અને પચીસ જમ્મુ અને કાશ્મીરના છે. તમામની ઉંમર ૧૪ થી ૧૭ વર્ષની વચ્ચે છે.

જમ્મુ અને કાશ્મીરના સાંબા જિલ્લામાં ૧૫ વર્ષના સગીરની અટકાયત અને પુછપરછ બાદ આ સમગ્ર ષડ્યંત્ર જાણમાં આવ્યું હતું. તાપસ એજન્સીઓને જાણવા મળ્યું કે સગીર પાકિસ્તાનસ્થિત એજન્સીઓ અને હેન્ડલર્સ સાથે સંપર્કમાં હતો.

સગીરના ફોનની તપાસ કરતા અધિકારીઓ ચોંકી ઉઠ્યા. સગીર પાકિસ્તાનના આતંકવાદી સંગઠનો અને આઈએસઆઈ અમે તેના હેન્ડલર્સના સંપર્કમાં હતો અને તેને સ્થાનિક માહિતી મોકલી રહ્યો હતો. અધિકારીએ જણાવ્યું સગીર પાકિસ્તાન સ્થિત એજન્સીઓની સૂચનાના આધારે તે ભારતીય સેના સંવેદનશીલ સ્થળોના વિડીયો શૂટ કરીને મોકલતો હતો.

અહેવાલ મુજબ સગીરના ફોનને ક્લોન કરવામાં આવ્યો હતો, જેનાથી તેના હેન્ડલર્સ તેની ગતિવિધિઓ પર સતત નજર રાખી શકતા હતા. સગીરના ફોનમાં સેવ કરવામાં આવેલું કન્ટેન્ટ હેન્ડલર્સ સરળતાથી મેળવી શકતા હતાં.

વધુ તપાસ કરતા જાણવા મળ્યું કે આ કોઈ છૂટક મામલો ન હતો પણ એક જાસૂસી નેટવર્ક બનાવવામાં આવ્યું છે. પોલીસને જાણવા મળ્યું કે ઈંજીઈ દ્વારા ઘણા ઓનલાઈન માધ્યમથી સગીરોનું બ્રેઈન વોશ કરવામાં આવતું હતું.

તપાસ એજન્સીઓએ ઈંજીઈના ષડ્યંત્રનો ભોગ બનેલા સગીરોને ઓળખવા અને તેમના સુધી પહોંચવા માટે કામ કરી રહી છે. અધિકારીઓને ચિંતા છે કે જો છોકરાની અટકાયત કરવામાં નહીં આવે, તો તેઓ વધુ ગંભીર પ્રવૃત્તિઓમાં સામેલ થી શકે છે. ■

# પીએમ-સીએમ હટાવવાના કાનૂનના દાયરામાં વિપક્ષી નેતાપદનો સમાવેશ?

## સંસદીય સમિતિએ પૂછ્યો છે સવાલ

નવી દિલ્હી: વડાપ્રધાન અને મુખ્યપ્રધાનોને ગંભીર ગુનાઈત કેસોમાં ધરપકડ થયા પછી એક મહિનાની અંદર જામીન ન મળવાની સ્થિતિમાં તેમને પદ પરથી હટાવવાના પ્રસ્તાવિત કાયદાને લઈને સંસદીય સમિતિમાં બુધવારે મહત્ત્વના સવાલો કર્યા હતા. સમિતિના ઘણા સભ્યો જાણવા માંગતા હતા કે શું વિરોધ પક્ષના નેતાનું પદ પણ આ કાયદાના દાયરામાં આવરી લેવામાં આવશે.

ભાજપના સાંસદ અપરાજિતા સારંગીની અધ્યક્ષતામાં સંયુક્ત સંસદીય સમિતિ બંધારણ (૧૩૦મો સુધારા) બિલ, જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન (સુધારો) બિલ અને કેન્દ્રશાસિત પ્રદેશો સરકાર (સુધારો) બિલની સમીક્ષા કરી રહી છે. કાયદા પંચના અધ્યક્ષ દિનેશ મહેશ્વરી, એનએલયુના કુલપતિ જી.એસ. બાજપેઈ અને નાલસાર યુનિવર્સિટીના કુલપતિ શ્રીકૃષ્ણ દેવ રાવે બેઠકમાં પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, કેટલાક સમિતિના સભ્યોએ પ્રશ્ન કર્યો હતો કે શું જો ગંભીર ગુનાઈત આરોપોમાં ધરપકડ કરવામાં આવે અને એક મહિનાની અંદર જામીન ન મળે તો વિપક્ષના નેતાને પદ પરથી દૂર કરી શકાય છે. નોંધનીય છે કે વિરોધ પક્ષના નેતાનું પદ એક વૈધાનિક પદ છે.

૩૧ સભ્યોની સમિતિમાં વિપક્ષ તરફથી ફક્ત એનસીપીના સુપ્રિયા સુલે, એઆઈએમઆઈએમના અસદુદ્દીન ઓવૈસી, અકાલી દળના હરસિમરત કૌર બાદલ અને વાયએસઆરસીપીના એસ. નિરંજન રેડ્ડીનો સમાવેશ થાય છે. કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ડીએમકે, શિવસેના-યુબીટી અને આમ આદમી પાર્ટીએ સમિતિમાં જોડાવાનો ઇનકાર કર્યો છે. ■

# સોમનાથ મંદિરથી નહેરુ નફરત કરતા હતા: ભાજપ

નવી દિલ્હી: ગુજરાતના સોમનાથ મંદિરની વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત પૂર્વે ભાજપે દાવો કર્યો કે ભૂતપૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ તેના જિર્ણોદ્ધારનો વિરોધ કર્યો હતો. આ અંગે ભાજપ પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ જણાવ્યું કે નહેરુએ પાકિસ્તાનની ખુશામત કરવા મંદિરના ઇતિહાસને નકાર્યો હતો. તેમજ તત્કાલીન રાષ્ટ્રપતિને તેના ઉદઘાટન સમારોહ જતાં રોકવાનો પ્રયાસ કર્યો હતો. ભાજપ પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ દાવો કર્યો હતો કે, મહમૂદ ગઝનવી અને અલાઉદ્દીન ખિલજી જેવા આક્રમણકારોએ ફક્ત ભૌતિક રીતે મંદિર લૂંટ્યું હતું. પરંતુ પંડિત નેહરુને ભગવાન સોમનાથ પ્રત્યે સૌથી વધુ નફરત હતી.

આ વિશે તેમણે એક્સ પર એક પોસ્ટ શેર કરતા લખ્યું કે, પંડિત નેહરુ દ્વારા પાકિસ્તાનના તત્કાલીન વડાપ્રધાન લિયાકત અલી ખાનને લખાયેલો એક પત્ર શેર કર્યો.

ત્રિવેદીએ દાવો કર્યો હતો કે આ પત્રમાં નેહરુએ ખાનને પ્રિય નવાબઝાદા તરીકે સંબોધ્યા હતા અને સોમનાથ દરવાજાઓની દંતકથાને સંપૂર્ણપણે ખોટી ગણાવી હતી. ભાજપ નેતાનો તર્ક છે આ પત્ર એક પ્રકારનું આત્મસમર્પણ હતું. જેના દ્વારા એ સંકેત મળે છે કે પંડિત નહેરુ ભારતની મહાન વિરાસતનું રક્ષણ કરવામાં બદલે મંદિરના જિર્ણોદ્ધારને ઓછું મહત્વ આપ્યું હતું. તેમણે આરોપ લગાવ્યો કે પાકિસ્તાનના દુષ્પ્રચારનો વિરોધ કરવાના બદલે તેમણે પાકિસ્તાનને ખુશ કરવા માટે હિન્દુ ઐતિહાસિક પ્રતીકોનું મૂલ્ય ઓછું આંક્યું. ■

# પાકિસ્તાન પાસેથી ચીની બનાવટના જેએફ-૧૭ ફાઈટર જેટ ખરીદવા માગે છે બાંગ્લાદેશ

## આ ઉપરાંત ઢાકા-કરાચી વચ્ચે ૨૯ જાન્યુઆરીથી સીધી ફલાઈટ શરૂ કરવાની જાહેરાત

લાહોર : બાંગ્લાદેશે પાકિસ્તાન પાસેથી જેએફ-૧૭ થન્ડર ફાઇટર જેટ ખરીદવામાં 'સંભવિત રસ' વ્યક્ત કર્યો છે, એમ લશ્કરે બુધવારે જણાવ્યું હતું.

જોકે, બાંગ્લાદેશે હજુ સુધી પુષ્ટિ આપી નથી કે આવી કોઈ યોજના અસ્તિત્વમાં છે કે નહીં. પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે વધતી નિકટતાનો વધુ એક પુરાવો બુધવારે મળ્યો હતો. જ્યારે બાંગ્લાદેશની એરલાઈન્સે ૨૯મી જાન્યુઆરીથી ઢાકા અને કરાચી વચ્ચે સીધી ફલાઈટ શરૂ કરવાની જાહેરાત કરી હતી.

જેએફ-૧૭ થંડર એક સિંગલ-એન્જિન લાઇટવેઇટ કોમ્બેટ જેટ છે જે ચીનના ચેંગ્ડુ એરક્રાફ્ટ કોર્પોરેશન અને પાકિસ્તાન એરોનોટિકલ કોમ્પ્લેક્સ દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવ્યું છે.

જોકે, પાકિસ્તાન દાવો કરે છે કે ભારત સાથેના સંઘર્ષ દરમિયાન જેટે તેની ક્ષમતાઓ સાબિત કરી છે, તેની અસરકારકતા સ્પષ્ટ રીતે જાણીતી નથી.

નિષ્ણાતો અને લશ્કરી અધિકારીઓના મતે, પાકિસ્તાને ૭-૧૦ મેના ભારત સાથેના સંઘર્ષ દરમિયાન ચીની મૂળના ચેંગ્ડુ જે-૧૦ ફાઇટર જેટનો વ્યાપકપણે ઉપયોગ કર્યો હતો.

મંગળવારે ઇસ્લામાબાદમાં બાંગ્લાદેશ વાયુસેનાના એર ચીફ માર્શલ હસન મહમૂદ ખાન અને પાકિસ્તાન વાયુસેના એર ચીફ માર્શલ ઝહીર અહેમદ બાબર સિદ્ધુ વચ્ચેની બેઠક દરમિયાન ઢાકાએ જેએફ-૧૭ થન્ડર વિમાન ખરીદવામાં ''સંભવિત રસ'' દર્શાવ્યો છે, એમ લશ્કરની મીડિયા વિંગ ઇન્ટર સર્વિસીસ પબ્લિક રિલેશન્સએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

''જાહેરાતમાં જેએફ-૧૭ થન્ડર વિમાનની સંભવિત ખરીદી પર પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી, એમ નિવેદનમાં જણાવાયું છે.■

# બાંગ્લાદેશમાં ટોળાથી બચવા તળાવમાં કૂદ્યો હિન્દુ યુવક, ડૂબવાથી થયું મોત

ઢાકા: બાંગ્લાદેશના નૌગાંવ જિલ્લામાં એક હિન્દુ યુવક ટોળાથી બચવા માટે તળાવમાં કૂદી પડ્યો, જેના કારણે તેનું ડૂબવાના કારણે મોત થયું હતું. આ ઘટના મહાદેવપુર વિસ્તારમાં બની હતી. ટોળું મોબાઇલ ચોરીની શંકામાં પચીસ વર્ષના યુવકનો પીછો કરી રહ્યું હતું. જેના કારણે યુવક બચવા માટે તળાવમાં કૂદી પડ્યો હતો. મૃતકની ઓળખ ભંડારપુર ગામના રહેવાસી મિથુન સરકાર તરીકે થઈ છે. પોલીસે મંગળવારે બપોરે તળાવમાંથી તેનો મૃતદેહ શોધી કાઢ્યો હતો.

નોંધનીય છે કે કટ્ટરપંથી યુવા નેતા શરીફ ઉસ્માન હાદીની હત્યા બાદ બાંગ્લાદેશના હિન્દુ લઘુમતી સભ્યોની હત્યાની અનેક ઘટનાઓ બની હતી. મૃતક મિથુન સરકારનો ઘણા યુવાનોએ પીછો કર્યો હતો. ભાગવાના પ્રયાસમાં મિથુન સરકાર રસ્તાની બાજુમાં આવેલા તળાવમાં કૂદી ગયો હોવાનું કહેવાય છે. મંગળવારે બપોરે પોલીસે તેનો મૃતદેહ શોધી કાઢ્યો હતો.

સ્થાનિક રહેવાસીઓએ મીડિયાને જણાવ્યું હતું કે મિથુન સરકાર ચોર હોવાની શંકા હતી, જેના પગલે કેટલાક યુવાનોએ બજાર વિસ્તારમાં તેનો પીછો કર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે વધુ તપાસ ચાલી રહી છે.

બાંગ્લાદેશ હિન્દુ બૌદ્ધ ખ્રિસ્તી એકતા પરિષદના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ડિસેમ્બરથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછા સાત હિન્દુઓના મોત થયા છે, જોકે બે કેસોની વિગતો જાહેર કરવામાં આવી નથી. ■

# નિફ્ટી ૨૬,૧૫૦ની નીચે, સેન્સેક્સ ૧૦૨ પોઈન્ટ ગબડ્યોઃ ફાર્મા, આઈટીમાં ચમકારો, ઓટો શૅર લપસ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાએ ટેરિફ વધારવા આપેલી ધમકી, ભૂરાજકીય તંગદીલી અને એફઆઇઆઇની સતત વેચવાલીને કારણે શેરબજારમાં પીછેહઠ જોવા મળી હતી. નિફ્ટી ૨૬,૧૫૦ની નીચે સરક્યો હતો, જ્યારે સેન્સેક્સ ૧૦૨ પોઈન્ટ ગબડ્યો હતો. ફાર્મા, આઈટીમાં ચમકારો અને ઓટો શેરમાં વેચવાલીને કારણે પીછેહઠ જોવા મળી હતી.

સત્ર દરમિયાન ૪૪૫ પોઇન્ટ ગબડીને ૮૪,૬૧૭ની નીચી સપાટીને અથડાયા બાદ, બંધ સમયે, સેન્સેક્સ ૧૦૨.૨૦ પોઈન્ટ અથવા ૦.૧૨ ટકા ઘટીને ૮૪,૯૬૧.૧૪ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો, અને નિફ્ટી ૩૭.૯૫ પોઈન્ટ અથવા ૦.૧૪ ટકા ઘટીને ૨૬,૧૪૦.૭૫ પર બંધ થયો હતો. કુલ ટ્રેડેડ શેરોમાંથી લગભગ ૧૯૩૯ શેર વધ્યા, ૧૮૮૬ શેર ઘટ્યા અને ૧૪૦ શેર યથાવત રહ્યા.

સેન્સેક્સના શેરોમાં મારુતિ, પાવર ગ્રીડ, ટાટા મોટર્સ પેસેન્જર, એચડીએફસી બેન્ક, એશિયન પેઇન્ટ અને ટાટા સ્ટીલમાં મોટું ધોવાણ થયું હતું. જ્યારે ટાઇટન, એચસીએલ ટેક, ટેક મહિન્દ્રા, ઇન્ફોસિસ અને ટીસીએસ ટોપ ગેઇનર્સમાં સામેલ હતા. નિફ્ટીમાં ટાઇટન કંપની, ટેક મહિન્દ્રા, એચસીએલ ટેક્નોલોજીસ, વિપ્રો, જિયો ફાઇનાન્શિયલ મુખ્ય વધ્યા હતા, જ્યારે સિપ્લા, મારુતિ સુઝુકી, મેક્સ હેલ્થકેર, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ, પાવર ગ્રીડ ઘટ્યા હતા.

બીએસઈ મિડકેપ ઇન્ડેક્સમાં ૦.૫ ટકાનો ઉમેરો થયો, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સમાં ૦.૧૨ ટકાનો વધારો થયો હતો. કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, આઇટી, ફાર્મા ૦.૫ ટકાથી ૧.૮ ટકા વધ્યા, જ્યારે ઓટો, ઓઇલ અને ગેસ, રિયલ્ટી, ટેલિકોમ દરેકમાં ૦.૫ ટકાનો ઘટાડો થયો હતો. ચાંદીના ભાવમાં તીવ્ર તેજી પછી ઘટાડો થવા સાથે હિન્દુસ્તાન ઝિંકના શેરમાં બુધવારના સત્રમાં લગભગ બે ટકાનો કડાકો જોવા મળ્યો હતો. ચાંદીના ઇટીએફમાં પણ ઘટાડો થયો હતો. કંપની ભારતમાં ચાંદીની સૌથી મોટો ઉત્પાદક છે અને લઘુત્તમ ૯૯.૯ ટકા શુદ્ધતા સાથે શુદ્ધ ચાંદીનું ઉત્પાદન કરે છે. ટાઇટનના શેરમાં ત્રીજા ક્વાર્ટરના અપડેટ બાદ પાંચ ટકા જેવો ઉછાળો જોવા મળ્યો હતો, જેમાં કંપનીએ સ્ટેન્ડઅલોન ધોરણે ડિસેમ્બર ક્વાર્ટરમાં ૪૦ ટકાનો વાર્ષિક વિકાસ દર જાહેર કર્યો છે.

ટાઇટન કંપનીના શેર ચાર ટકા ઉછળીને બાવન સપ્તાહના નવા ઉચ્ચ સ્તરે પહોંચ્યા, મોર્ગન સ્ટેનલી દ્વારા ઇક્વલ વેઇટેજ પર ડાઉનગ્રેડ થયા પછી ઇન્ડિયન હોટેલ્સ કંપનીના શેરમાં એક ટકાનો કડાકો જોવા મળ્યો હતો. બ્લોક ડીલમાં ૧૩.૨૬ લાખ શેર ટ્રેડ થયા પછી બ્લિસ જીવીએસ ફાર્માના શેર ત્રણ ટકા વધ્યા, એક મહિનાના લોક-ઇન સમયગાળા પછી મીશોના શેરમાં પાંચ ટકાનો કડાકો જોવા મળ્યો હતો.

ટોરેન્ટ ફાર્મા, ટાઇટન કંપની, જેબી કેમિકલ્સ, એનએમડીસી, એમસીએક્સ ઇન્ડિયા, ભેલ, નાલ્કો, પોલિકેબ, એમક્યોર ફાર્મા, લોરસ લેબ, કેઇઆઇ ઇન્ડસ્ટ્રીઝ, આઇશર મોટર્સ, ગ્રેન્યુઅલ્સ ઇન્ડિયા, વેદાંતા, ફિનિક્સ મિલ્સ, નેસ્લે, એસબીઆઇ લાઇફ ઇન્સ્યોરન્સ, જિન્દાલ સ્ટેન્લેસ સ્ટીલ સહિત લગભગ ૧૪૦ શેર તેમના બાવન સપ્તાહના ઉચ્ચ સ્તરે પહોંચ્યા હતા. બીજી બાજુ, વેદાંત ફેશન્સ, પ્રીમિયર એનર્જી, મહાનગર ગેસ, વ્હર્લપૂલ, એડબલ્યુએલ એગ્રી, ડિક્સન ટેક્નોલોજીસ, કોહાન્સ લાઇફ, એફકોન્સ ઇન્ફ્રા, કેન્સ ટેક સહિત ૧૦૦થી વધુ શેર તેમના બાવન અઠવાડિયાના નીચલા સ્તરે પહોંચ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં ટાઈટન ઈન્ડસ્ટ્રીઝ ૩.૯૪ ટકા, ટેક મહિન્દ્ર ૧.૯૯ ટકા, ટેક મહિન્દ્ર ૧.૮૦ ટકા, ઈન્ફોસિસ ૧.૭૨ ટકા, સન ફાર્મા ૧.૨૭ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૧.૨૩ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૦૭ ટકા, ઈટર્નલ ૦.૭૯ ટકા, લાર્સન ૦.૬૪ ટકા, બીઈએલ ૦.૬૩ ટકા, ટ્રેન્ટ ૦.૩૦ ટકા અને એક્સિસ બેન્ક ૦.૦૩ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે મારુતિ ૨.૭૮ ટકા, પાવર ગ્રીડ ૧.૬૬ ટકા, ટાટા મોટર ૧.૫૦ ટકા, એચડીએફસી બેન્ક ૧.૩૮ ટકા, એશિયન પેઈન્ટ ૧.૩૪ ટકા, ટાટા સ્ટીલ ૧.૩૨ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૧૯ ટકા, સ્ટેટ બેન્ક ૧.૧૪ ટકા, ભારતી એરટેલ ૧.૦૪ ટકા અને મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૯૭ ટકા ઘટ્યા હતા.

નિફ્ટીમાં ટાઇટન કંપની, ટેક મહિન્દ્રા, એચસીએલ ટેક્નોલોજીસ, વિપ્રો, જિયો ફાઇનાન્શિયલ મુખ્ય વધ્યા હતા, જ્યારે સિપ્લા, મારુતિ સુઝુકી, મેક્સ હેલ્થકેર, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ, પાવર ગ્રીડ ઘટ્યા હતા. બીએસઈ મિડકેપ ઇન્ડેક્સ ૦.૫૦ ટકા વધ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ ૦.૧૨ ટકા વધ્યો હતો. કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, આઇટી, ફાર્મા ૦.૫ ટકાથી ૧.૮ ટકા વધ્યા હતા, જ્યારે ઓટો, ઓઇલ અને ગેસ, રિયલ્ટી, ટેલિકોમ દરેક ૦.૫૦ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ મંગળવારે રૂ. ૧૦૭.૬૩ કરોડના ઇક્વિટી વેચ્યા. જોકે, તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૧,૭૪૯.૩૫ કરોડના શેર ખરીદ્યા હતા. નાણાકીય વર્ષ ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરની કોર્પોરેટ કમાણીના અને યુએસ જોબ ડેટાની જાહેરાત પહેલાં રિસ્ક ઓફ અંડરટોન સાથે સ્થાનિક બજારમાં સાવચેતીનું માનસ રહ્યું છે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ ઊંચો સ્થિર થયો, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ નીચા સ્તરે બંધ થયો. યુરોપના બજારો મોટાભાગે નીચા સ્તરે ટ્રેડ કરી રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો ઊંચા સ્તરે બંધ થયા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૦.૮૧ ટકા ઘટીને ૬૦.૨૧ ડોલર પર બંધ થયો હતો. મંગળવારે, સેન્સેક્સ ૩૭૬.૨૮ પોઈન્ટ અથવા ૦.૪૪ ટકા ઘટીને ૮૫,૦૬૩.૩૪ પર બંધ થયો. નિફ્ટી ૭૧.૬૦ પોઈન્ટ અથવા ૦.૨૭ ટકા ઘટીને ૨૬,૧૭૮.૭૦ પર બંધ થયો.

ભારત સામે ટેરિફ વધારવાની અમેરિકાની નવી ચેતવણીને કારણે બજારનું માનસ એકંદરે ડહોળાયું રહ્યું છે. યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી જાણતા હતા કે ભારત દ્વારા રશિયન ઓઇલની ખરીદીથી નહું ખુશ નથીથ અને વોશિંગ્ટન નખૂબ જ ઝડપથીથ નવી દિલ્હી પર ટેરિફ વધારી શકે છે. ટ્રમ્પે રવિવારે ફ્લોરિડાથી વોશિંગ્ટન ડીસી જતા એર ફોર્સ વનમાં પત્રકારો સાથે વાત કરતી વખતે આ ટિપ્પણી કરી હતી.

ભારતીય ઇક્વિટી બજારો નરીબૂટ, રિફ્રેશ અને રિક્લેમથના તબક્કામાં પ્રવેશી રહ્યા છે, જેમાં તકો પસંદગીયુક્ત, કંપનીલક્ષી લક્ષ્ય તરફ નિર્ણાયક રીતે બદલાઈ રહી છે, એમ આદિત્ય બિરલા સન લાઇફ એએમસીના કો-સીઆઈઓ અને ઇક્વિટીના વડા હરીશ કૃષ્ણને જણાવ્યું હતું. તેમણે સ્મોલ-કેપ્સ સામે પણ ચેતવણી આપી હતી અને ૨૦૨૬ માં શરૂ થતી કમાણી-આધારિત ચક્ર તરફ ધ્યાન દોર્યું હતું. તેમણે એ પણ નોંધ્યું હતું કે આજે લગભગ ૩૦થી ૩૫ ટકા મ્યુચ્યુઅલ ફંડ હાઉસિસ લાર્જ કેપ્સ કરતાં મિડ અને સ્મોલ કેપ્સમાં વધુ રોકાણ ધરાવે છે. ત્રણથી ચાર વર્ષમાં સ્મોલ કેપ્સ પાછળ નોંધપાત્ર પ્રમાણમાં રોકાણ થયેલું દેખાય છે, જે ઓવરકાઉડ દર્શાવે છે.

# મથકો પાછળ સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ૧૬નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં વેચવાલીના દબાણ સામે મહારાષ્ટ્રની સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં ટેન્ડરોમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૫૮૦થી ૩૬૩૦માં થયાના ઓવરનાઈટ અહેવાલ સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્મોલ ગ્રેડની ખાંડમાં નરમાઈનો અન્ડરટોન રહ્યો હતો. સૂત્રોના જણાવ્યાનુસાર આજે એકંદરે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૬નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ટકેલા રહ્યા હતા. જોકે, આજે મથકો પાછળ સ્મોલ ગ્રેડની ખાંડમાં ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૬ ઘટીને રૂ. ૩૭૪૬થી ૩૮૩૦ના મથાળે રહ્યા હતા, જ્યારે મિડિયમ ગ્રેડના ભાવ ક્વિન્ટલે રૂ. ૩૮૮૦થી ૩૯૫૦ આસપાસ ગુણવત્તાનુસાર ટકેલા રહ્યા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૯૦થી ૩૭૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૮૦થી ૩૮૧૦માં ટકેલા ધોરણે થયા હતા.

### ડૉલર ઈન્ડેક્સ મજબૂત થતાં વૈશ્વિક સોન-ચાંદીમાં નરમાઈ

# ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ચાંદી ₹ ૪૮૫૦ વધી, સોનામાં ₹ ૧૬નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર ગઈકાલે સોનાના ભાવ વધીને એક સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. તેમ જ ચાંદીના ભાવમાં પણ તેજીની આગેકૂચ જોવા મળી હતી. જોકે, આજે વૈશ્વિક બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી આજે લંડન ખાતે સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા અને ચાંદીના ભાવ ૨.૩ ટકા ઘટીને ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં ખાસ કરીને ચાંદીમાં સટ્ટાકીય આકર્ષણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૪૮૫૦ ઉછળી આવ્યા હતા, જ્યારે સોનામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૫થી ૧૬નો સાધારણ સુધારો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સ્ટોકિસ્ટોનું સટ્ટાકીય આકર્ષણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૪૮૫૦ના ઉછાળા સાથે રૂ. ૨.૫ લાખથી માત્ર રૂ. ૨૦૦૦ છેટે રૂ. ૨,૪૮,૦૦૦ની સપાટીએ બંધ રહ્યા હતા. વધુમાં આજે સોનામાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવા છતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬ વધીને રૂ. ૧,૩૬,૧૨૮ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૫ વધીને રૂ. ૧,૩૬,૬૭૫ના મથાળે રહ્યા હતા. દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા ઘટીને ઔંસદીઠ ૪૪૬૧.૫૧ ડૉલર અને ફેબ્રુઆરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૪૪૭૧.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૨.૩ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૭૯.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને નફારૂપી વેચવાલી ઉપરાંત રોકાણકારો અમેરિકા અને વેનેઝુએલાની વર્તમાન સ્થિતિની પુનઃ આકારણી કરી રહ્યા હોવાથી બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હોવાનું નેમો મનીનાં ચીફ એનાલિસ્ટ જેમી દત્તાએ જણાવતાં ઉમેર્યું હતું કે અમેરિકાએ વેનેઝુએલાના પ્રમુખને પકડ્યા બાદ હવે વૉશિંગ્ટન વેનેઝુએલામાં અટકાવાયેલા પાંચ કરોડ બેરલ ક્રૂડતેલનું રિફાઈન કરવા બાબતે વેનેઝુએલાની સરકાર સાથે વાતચીત કરી રહ્યું હોવાના નિર્દેશો હોવાથી રોકાણકારો પરિસ્થિતિની આકારણી કરી રહ્યા છે. વધુમાં ગઈકાલે ફેડરલ રિઝર્વના ગવર્નર સ્ટીફન મિરાને ગઈકાલે જણાવ્યું હતું કે અર્થતંત્રને ધબકતું રાખવા માટે વ્યાજદરમાં આક્રમક ધોરણે ઘટાડો કરવાની આવશ્યકતા છે, જ્યારે રિચમન્ડ ફેડના પ્રમુખ થોમસ બાર્કિને જણાવ્યું હતું કે આગામી જાહેર થનારા આર્થિક ડેટાઓ વ્યાજદરમાં ફેરફારને પ્રોત્સાહિત કરે તેવાં હોઈ શકે છે. જોકે, હાલમાં વેપાર વર્તુળો વર્ષ ૨૦૨૬માં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં બે વખત કાપ મૂકે તેવી શક્યતા જોઈ રહ્યા છે. તેમ છતાં તેઓની નજર આગામી શુક્રવારે જાહેર થનારા અમેરિકાનાં નોન ફાર્મ પે રૉલ ડેટા પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


## પબ્લિક નોટિસ

અમો, હરિશ લોયલકા અને અશ્વિન જાજલ સ્વ. શ્રીમતી સ્નેહલતા નિવેટીયાના વીલના એક્ષિક્યુટર્સ, આથી નીચે મુજબ જાહેર નોટિસ આપીએ છીએઃ

સ્વ. શ્રીમતી સ્નેહલતા નિવેટીયાએ એલીગન્ટ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ એન્ડ અધર્સ સામે નામદાર કંપની લૉ બોર્ડ, મુંબઈ બૅન્ચ સમક્ષ કંપની પીટીશન નં. ૪૩/૩૯૭-૩૯૮/CLB/MB/૨૦૧૧ નોંધાવેલ ઈન્ટરએલીયા, સદર કંપનીની બાબતોમાં દમન અને ગેરવહીવટનો આરોપ લગાવીને નોંધાવેલ. તા. ૧૨મી મે ૨૦૧૧ના હુકમ અન્વયે, નામદાર કંપની લૉ બોર્ડે આદેશ આપેલ ઈન્ટરએલીયા કે કંપનીની સ્થાવર એસેટ્સ (સંપત્તિ)ની બાબતમાં સ્ટેટસ ક્વૉ (યથાવત સ્થિતિ જાળવી રાખવા)નો આદેશ આપેલ. તા. ૩જી ઑગસ્ટ, ૨૦૧૧ના વધુ હુકમ દ્વારા, નામદાર કંપની લૉ બોર્ડે વધુ આદેશો સુધી સદર વચગાળાના હુકમને ચાલુ રાખ્યો હતો. ઉપર જણાવેલ વચગાળાના આદેશો અમલમાં ચાલુ રહેશે અને વેકેટ કરાયેલ નથી, સુધારવામાં આવ્યા નથી અથવા બાજુ પર મૂકવામાં આવ્યા નથી.

કંપનીની સ્થાવર સંપત્તિમાં ઈન્ટરએલીયા નીચેનો સમાવેશ છેઃ

૧. ઓનરશીપ મિલકત આશરે ૬૦૦૦ ચો. ફૂટ જે ૪થો માળ, ઉદ્યોગ ભવન, ૨૫૦-ડી, વરલી, મુંબઈ-૪૦૦૦૨૫ ખાતે આવેલ છે, ઈન્ડસ્ટ્રીયલ ભવન પ્રા.લિ.ના ૨૦૦ શેર્સ દ્વારા રીપ્રેઝન્ટ કરાયેલ છે.

૨. મિલકત ભરતમાં આશરે ૩૦૦૦ ચો. ફૂટ છે, જે સ્વ. શ્રીમતી સ્નેહલતા નિવેટીયાની માલિકીના, હાફ ગ્રાઉન્ડ ફ્લોર, ઉદ્યોગ ભવન, ૨૫૦-ડી, વરલી, મુંબઈ-૪૦૦૦૨૫ ખાતે આવેલ છે, ઈન્ડસ્ટ્રીયલ ભવન પ્રાઇવેટ લિમિટેડના ૧૦૦ શેર્સ દ્વારા રીપ્રેઝન્ટ કરાયેલ છે અને એલીગન્ટ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડને ભાડે આપવામાં આવેલ છે.

૩. ૩જો માળ, ઉદ્યોગ ભવન, ૨૫૦-D, વર્લી, મુંબઈ-૨૫ ખાતે સ્થિત ભરતમાં અંદાજે ૬૦૦૦ ચો. ફૂટ મિલકત જે સ્વ. શ્રીમતી સ્નેહલતા નિવેટીયાની માલિકીની છે, જે ઈન્ડસ્ટ્રિયલ ભવન પ્રા. લિ.ના ૨૦૦ શેર્સ દ્વારા રીપ્રેઝન્ટ કરાયેલ છે અને એલીગન્ટ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.ને ભાડે આપવામાં આવેલ છે.

**આથી ખબર આપવામાં આવે છે** કે ઉપર જણાવેલ કાર્યવાહી અને મોજૂદ, ચાલુ વચગાળાના આદેશો પેન્ડિંગ હોવાથી શખ્સ ઉપર જણાવેલ સ્થાવર એસેટ્સની બાબતમાં કોઈપણ વ્યક્તિએ કોઈપણ કરાર, વ્યવહાર અથવા લેતીદેતી કરવી નહીં.

કોઈપણ શખ્સ જેઓ આ નોટિસ આપવા છતાં, ઉપર જણાવેલ સ્થાવર એસેટ્સની બાબતમાં કોઈપણ કરાર કરશે અથવા તેની જોડે લેવડદેવડ કરશે તો તેમના સંપૂર્ણ જોખમે, ખર્ચે અને તેના પરિણામોને આધિન તેમ કરશે અને ઉપર જણાવેલ કાર્યવાહીના અંતિમ પરિણામને આધિન રહેશે અને આવી લેવડદેવડ સ્વ. શ્રીમતી સ્નેહલતા નિવેટીયાની એસ્ટેટને બંધનકર્તા રહેશે નહીં.

કોઈપણ વ્યક્તિ જે હાલમાં ઉપર જણાવેલ ત્રણ સ્થાવર મિલકતો જોડે કોઈપણ રીતમાં લેવડદેવડ કરશે, કરી રહ્યા હોય તેમને આથી જાણ કરવામાં આવે છે કે જો કોઈ હોય તો તેમના દાવાના સમર્થનમાં રજીસ્ટર્ડ દસ્તાવેજોની સ્વ-પ્રમાણિત ફોટોકોપીઓ સાથે **૭ દિવસમાં** લેખિતમાં નીચે સહી કરનારને જાણ કરવી.

આજ તારીખ ૩જી જાન્યુઆરી ૨૦૨૬

સહી/-
(હરીશ લોયલકા)
સહી/-
(અશ્વિન જાજલ)
સ્વ. શ્રીમતી સ્નેહલતા નિવેટીયાના વિલના એક્ષીક્યુટર્સ, ઓફિસ નં. ૧૧, બિલ્ડિંગ નં. ૮૪/૮૬, જન્મભૂમિ માર્ગ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## પબ્લિક નોટીસ

આથી ખબર આપવામાં આવે છે કે અમેરિકાના નાગરિક અને ભારતીય મૂળની વ્યક્તિ **સુમિત હરિંદર સિંહ સબલોક** ખાલી કબજા સાથે અને બોજાઓથી મુક્તપણે, માર્કેટેબલ ટાઈટલ સાથે અમારા અસિલોને અહીં પાછળથી વર્ણવેલ પ્રિમાઈસિસ વેચવા સંમત થયા છે.

**પ્રિમાઈસિસનું વર્ણન**

શેર સર્ટિફિકેટ નં. ૬૯ દ્વારા એવીડેન્સ કરાયેલ મુજબ **કાસા ગ્રાન્ડે કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિ.**ના વિશિષ્ટ નં. ૦૦૭૩૧થી ૦૦૭૪૦ (બંને સહિત) ધરાવતા દરેક રૂ. ૫૦/-ના ૧૦ ફૂલ્લી પેઈડ અપ શેર્સ સાથે લોઅર પરેલ ડિવિઝન, મુંબઈ-૧૩નો કેડેસ્ટ્રલ સર્વે નં. ૨૪૯ ધરાવતો સેનાપતિ બાપટ માર્ગ ખાતે આવેલ, પડેલ અને રહેલ **P-૧ લેવલ** ખાતે ૨ કાર પાર્કિંગ જગ્યાઓ સાથે ટાવર-૧માં સ્થિત **''કાસા ગ્રાન્ડે''** તરીકે જાણીતી બિલ્ડીંગના ૧૮મા માળ પર ફ્લેટ નં. ૧૮૦૧.

કોઈપણ શખ્સ જે સદર પ્રિમાઈસિસ કે તેના કોઈપણ ભાગ પર કે તે અંગે વેચાણ, લિઝ, લિઅન, ચાર્જ, વારસો, ગીરો, અદલાબદલી, ભેટ, ટ્રસ્ટ, ટેનાન્સી, કબજો, ઈઝમેન્ટ, ઓક્યૂપેન્સી હક્કો કે બીજી કોઈ રીતે કોઈપણ દાવો ધરાવતા હોય તો આથી સદરની જાણ લેખિતમાં નીચે સહિ કરનારને તેમની ઓફિસ ધરાવતા રૂસ્તમ બિલ્ડીંગ, ૧લો માળ, ૨૯, વીર નરીમન રોડ, ફોર્ટ, મુંબઈ-૨૩ ખાતે સહાયક દસ્તાવેજો સાથે આ છપાયાની તારીખથી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર, આવા દાવાના સંદર્ભ વિના વેચાણ પૂર્ણ કરવામાં આવશે અને આવા જો કોઈ હોય તો, તેને ત્યજી દીધેલ તરીકે ગણવામાં આવશે.

આજ તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૨૬

સહી/-
**M/s. પરિમલ કે. શ્રોફ એન્ડ કું. માટે, પ્રોપરાઈટર**
ખરીદદારો માટેના એડવોકેટ્સ અને સોલિસિટર્સ, રૂસ્તમ બિલ્ડીંગ, ૧લો માળ, ૨૯, વિર નરીમન રોડ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૩.



## પબ્લિક નોટીસ

અમો, હરિશ લોયલકા અને અશ્વિન જાજલ, સ્વ. શ્રીમતિ સ્નેહલતા નિવેટીયાના વીલના એક્ષીક્યુટર્સ આથી નીચે મુજબ જાહેર નોટીસ આપીએ છીએઃ

સ્વ. શ્રીમતિ સ્નેહલતા નિવેટીયાએ શ્રી દિલિપ બી. નિવેટીયા, શ્રીમતિ સુનિતા ડી. નિવેટીયા એન્ડ અધર્સ સામે નામદાર બોમ્બે હાઈ કોર્ટમાં ૧૯૯૬નો સૂટ નં. ૩૫૯૮ નોંધાવેલ, ઈન્ટરએલીયા એવા ડીકલેરેશન ઈચ્છતા માટે કે તેણીની તા. ૧૦.૧૨.૧૯૭૯ના લીઝ ડીડ હેઠળ એકમાત્ર લેસી હતા, અને સેક્શન ૫૨, વરલી સી ફેસ, વરલી, મુંબઈ-૨૫ના પ્લોટ નં. ૫એ ઉપર આવેલ, ભરતમાં અંદાજે ૧૪૦૫.૫૫ ચો.મી., ''શશી દીપ'' તરીકે જાણીતા ભોંયતળિયા વત્તા બે ઉપરના- માળાના સ્ટ્રક્ચર હોઈ બંગલોનો તાબો અને કબજો ધરાવતા હતા (''સદર બંગલો'').

તા. ૨૯.૬.૧૯૯૮ના હુકમ અન્વયે, નામદાર બોમ્બે હાઈ કોર્ટએ ઈન્ટરએલીયા શ્રી દિલિપ બી. નિવેટીયા અને શ્રીમતી સુનિતા ડી. નિવેટીયાના ભોગવટાને સદર બંગલોના માત્ર બીજા માળ સુધી મર્યાદિત રાખવાનો નિર્ણય લીધો હતો.

ઉપર જણાવેલ હુકમ સંચાલન કરવા ચાલુ રહે છે, અને સદર બંગલોની બાબતમાં તૃતીય-પાર્ટી હક્કોના નિર્માણ કે એલીનેશન પરમીટ આપવાના કે ભોગવટાના હક્કોને વિસ્તૃત કરવા માટે કે વધુ કોઈ હુકમ પસાર કરાયેલ નથી.

**આથી ખબર આપવામાં આવે છે** કે ઉપર જણાવેલ સૂટ (દાવો) અને નામદાર બોમ્બે હાઈ કોર્ટના મોજૂદ હુકમો પેન્ડીંગ હોવાથી, ઉપર જણાવેલ સદર બંગલોની બાબતમાં લેતીદેતી કરતી અથવા કોઈપણ કરાર કરતી કોઈપણ વ્યક્તિ સંપૂર્ણપણે પોતાના જોખમે, ખર્ચે અને સદર સૂટના અંતિમ પરિણામને આધીન તેમ કરશે.

ઉપર જણાવેલ હુકમોના વિરુદ્ધ હક્કોના દાવો કરતી કોઈપણ વ્યક્તિને તેની સૂચના આપવામાં આવી હોવાનું માનવામાં આવશે, અને તેમની તરફેણમાં કોઈ ઈકવીટીઝ ઊભી થશે નહીં.

કોઈપણ વ્યક્તિ જે ''શશી દીપ'' બંગલો સાથે હાલમાં લેતીદેતી કરતી હોય, કોઈપણ રીતમાં દાવો કરતી હોય તો આથી નીચે સહી કરનારને જો કોઈ હોય તો તેના દાવાના સમર્થનમાં રજીસ્ટર્ડ દસ્તાવેજોની સ્વ-પ્રમાણિત ફોટોકોપીઝ સાથે ૭ દિવસમાં લેખિતમાં જાણ કરે.

આજ તા. ૩જી જાન્યુઆરી, ૨૦૨૬

સહી/-
(હરિશ લોયલકા)
સહી/-
(અશ્વિન જાજલ)
સ્વ. શ્રીમતિ સ્નેહલતા નિવેટીયાના વીલના એક્ષીક્યુટર્સ, ઓફિસ નં. ૧૧, બિલ્ડીંગ નં. ૮૪/૮૬, જન્મભૂમિ માર્ગ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.


# નિકલમાં ₹ ૮૦નો ઉછાળો, કોપર વાયરબારમાં નફારૂપી વેચવાલી

મુંબઈઃ વૈશ્વિક બજારમાં આજે કોપર સહિતની ધાતુઓમાં તેજી થાક ખાઈ રહી હોય તેમ સાંકડી વધઘટ નોંધાઈ હોવાના અહેવાલો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં વધ્યા મથાળેથી કિલોદીઠ રૂ. ૧૯નો ઘટાડો આવ્યો હતો, જ્યારે નિકલમાં અવિરત સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૮૦નો ઝડપી ઉછાળો આવ્યો હતો. આ સિવાય નિરસ માગે કોપર સ્ક્રેપ હેવીના ભાવમાં કિલોદીઠ રૂ. એકનો સાધારણ ઘટાડો આવ્યો હતો, જ્યારે ટીન, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ, લીડ ઈન્ગોટ્સ, અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો સુધારો આવ્યો હતો. છેલ્લા બે સત્રમાં કોપર વાયરબારના ભાવમાં કિલોદીઠ રૂ. ૮૬નો ઉછાળો આવ્યા બાદ આજે સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૯નો ઘટાડો આવ્યો હતો. આ સિવાય આજે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૧૧૮૪ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે ખાસ કરીને નિકલમાં સતત છઠ્ઠા સત્રમાં સ્ટોકિસ્ટોની અવિરત લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૮૦ ઉછળીને રૂ. ૧૬૯૦ની સપાટીએ પહોંચ્યા હતા.

# રિઝર્વ બૅન્કના સંભવિત હસ્તક્ષેપે ડૉલર સામે રૂપિયો ૨૭ પૈસા ઊંચકાયો

મુંબઈઃ વૈશ્વિક સ્તરે આજે ખાસ કરીને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવઘટાડો તેમ જ સંભવિતપણે રિઝર્વ બૅન્કે હાજર બજારમાં હસ્તક્ષેપ કરતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સત્ર દરમિયાન ડૉલર સામે રૂપિયો એક તબક્કે ૪૩ પૈસા ઉછળ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૨૭ પૈસા ઊંચકાઈને ૮૯.૯૧ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી જળવાઈ રહેતાં રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૧૮ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૯૦.૨૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૨૩ અને ઉપરમાં ૮૯.૭૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૨૭ પૈસા વધીને ૮૯.૯૧ના મથાળે રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૨ પૈસાનો સુધારો આવ્યો હતો. આજે રિઝર્વ બૅન્કે ૯૦.૨૩ આસપાસના મથાળે ડૉલરમાં વેચવાલી કરીને અમુક સપાટીથી રૂપિયો નીચે ઊતરવા નહીં દેવામાં આવે એવા સંકેતો આપ્યા હોવાથી હાલના તબક્કે રૂપિયાની વધઘટ અંગે અણસાર આપવો મુશ્કેલ હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડ્વાઈઝર્સના ટ્રેઝરી હેડ અને એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અનિલ કુમાર ભણસાળીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે જાન્યુઆરી દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૯.૫૦થી ૯૦.૫૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૭ ટકા વધીને ૯૮.૬૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૦૨.૨૦ પૉઈન્ટનો અને ૩૭.૯૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૦૭.૬૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. જોકે, તેની સામે આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯૯ ટકા ઘટીને બેરલદીઠ ૬૦.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ રિઝર્વ બૅન્કે બજારમાં હસ્તક્ષેપ કર્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# દેશી-આયાતી તેલમાં પાંખાં કામકાજે ટકેલું વલણ

### ઈન્ડોનેશિયા ફેબ્રુઆરીથી પામતેલ પરના નિકાસ વેરામાં પાંચ ટકાનો વધારો કરે તેવી ચર્ચા

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૫ રિંગિટનો સુધારો આવ્યો હતો, જ્યારે ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૪૭ સેન્ટ ઘટી આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી દેશી અને આયાતી ખાદ્યતેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું. પામતેલના અગ્રણી નિકાસકાર દેશ ઈન્ડોનેશિયામાં આગામી પહેલી જુલાઈથી બી૫૦ બાયોડીઝલના ધોરણો અમલી થશે અને તે પૂર્વે આગામી ફેબ્રુઆરી-માર્ચથી ઈન્ડોનેશિયા પામતેલની નિકાસ પરનો વેરો જે હાલ ૧૦ ટકા છે તે વધારીને ૧૫ ટકા કરવાની વિચારણા કરી રહ્યું હોવાની આજે બજારમાં ચર્ચાએ જોર પકડ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૧૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૩૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૧ તથા ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૧૨૭૨થી ૧૨૮૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૫,૦૦૦ ગૂણીની આવક ઉપરાંત ગઈકાલની શેષ ૩૫,૦૦૦ ગૂણી મળી કુલ ૫૦,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૩૮૦માં અને રાજકોટ મથકે આજે નવી કોઈ આવક નહોતી.


## પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

No. DRM/TRD/BVP/2025-26/01 DATE : 06.01.2026

**વિવિધ સેક્શનો ની ઓએચઈ જાળવણી (પાવર બ્લોક અને નોન પાવર બ્લોક પ્રવૃત્તિઓ)**

**ટેન્ડર નં. ૦૭-ટીઆરડીબીવીપી-૨૦૨૫-૨૬R૨**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ટીઆરડી) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે.

**કામનું નામઃ** ધોળા-ભાવનગર ટર્મિનસ-પાલીતાણા, રાજુલા-મહુવા, ઢસા-જેતલસર, કાનાલૂસ-પોરબંદર, જેતલસર-વાંસજાળીયા અને રાજકોટ-સોમનાથ સેક્શનો ની ૨ વર્ષો માટે ઓએચઈ જાળવણી (પાવર બ્લોક અને નોન પાવર બ્લોક પ્રવૃત્તિઓ)

| | |
|---|---|
| **ટેન્ડર રકમઃ** ₹ ૩,૫૯,૦૯,૭૨૮.૯૪/- | **ટેન્ડર ફીઃ** શૂન્ય, |
| **ઈએમડી રકમઃ** ₹ ૩,૨૯,૬૦૦/- | |

**સરનામુંઃ** ડીઆરએમ (ટ્રેક્શન) બીવીપી, ડીઆરએમ ઓફીસ, ભાવનગર પરા-૩૬૪૦૦૩.

બીડર્સે માત્ર ઓનલાઈન લીંક એટલે કે www.ireps.gov.in મારફતે અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ. ઉપરોક્ત દર્શાવેલા ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખઃ ૨૮-૦૧-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી છે.

BVP-236

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly



"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

# કૉંગ્રેસ-એઆઈએમઆઈએમ સાથે ભાજપનું ગઠબંધનઃ ફડણવીસનો કાર્યવાહીનો આદેશ

મુંબઈ: મહારાષ્ટ્રમાં તાજેતરમાં યોજાયેલી નગરપાલિકાની ચૂંટણી બાદ સત્તા મેળવવા ભાજપે બે શહેરોમાં કોંગ્રેસ અને એઆઈએમઆઈએમ સાથે ગઠબંધન કર્યું હતું, જેના કારણે વિવાદ સર્જાયો હતો. એવામાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે નારાજગી વ્યક્ત કરી છે અને પાર્ટીની નીતિઓનો ભંગ કરનારા નેતાઓ સામે કડક પગલાં ભરવાની ચેતવણી આપી. તાજેતરમાં યોજાયેલી નગરપાલિકાની ચૂંટણીઓ બાદ ભાજપે અંબરનાથમાં કોંગ્રેસ અને

(જુઓ પાનું ૪) ▶▶




## સત્તા માટે ભાજપ કંઈ પણ કરી શકે છેઃ શિવસેના (યુબીટી)

મુંબઈ: શિવસેના (યુબીટી)ના નેતા સચિન આહિરે બુધવારે મહારાષ્ટ્રની બે મ્યુનિસિપલ કાઉન્સિલમાં કૉંગ્રેસ અને એઆઈએમઆઈએમ સાથે જોડાણ કરવા બદલ ભાજપની ટીકા કરતા કહ્યું કે આ શાસક પક્ષના બેવડા ધોરણોને પ્રતિબિંબિત કરે છે અને દર્શાવે છે કે તે સત્તા મેળવવા માટે કંઈ પણ કરી શકે છે.

ગયા મહિને થયેલી નાગરિક ચૂંટણીઓ પછી, શાસક ભાજપે 'અંબરનાથ વિકાસ આઘાડી'ના બેનર હેઠળ તેના કટ્ટર હરીફ કૉંગ્રેસ, અને અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એનસીપી) સાથે હાથ મિલાવ્યા અને સાથી શિવસેનાને બાજુ પર રાખીને

(જુઓ પાનું ૪) ▶▶




## કાંદિવલી-બોરીવલી વચ્ચે પશ્ચિમ રેલવેનો મેગાબ્લોક

કાંદિવલી અને બોરીવલી સેક્શન વચ્ચે છઠ્ઠી લાઇનનું બાંધકામ પૂર્ણ કરવા માટે પશ્ચિમ રેલવે ૨૦/૨૧ ડિસેમ્બર, ૨૦૨૫ ની રાતથી ૧૮ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી ૩૦ દિવસનો બ્લોક લઈ રહી છે. આ બ્લોકને કારણે પશ્ચિમ રેલવેની કેટલીક ટ્રેન સેવાઓ પ્રભાવિત થશે.

ઉપરોક્ત કાર્યના સંદર્ભમાં, ૦૯/૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ રાત્રે કાંદિવલી સ્ટેશન પર ૨૩:૧૫ કલાકથી ૦૩:૧૫ કલાક સુધી અપ ફાસ્ટ લાઇન પર અને ૦૧:૦૦ કલાકથી ૦૪:૩૦ કલાક

(જુઓ પાનું ૪) ▶▶

## ભૂતપૂર્વ સાંસદ ઇમ્તિયાઝ જલીલ પર ટોળાનો હુમલાનો પ્રયાસ

છત્રપતિ સંભાજીનગરઃ છત્રપતિ સંભાજીનગરમાં બુધવારે એઆઇએમઆઇએમના ભૂતપૂર્વ સાંસદ ઇમ્તિયાઝ જલીલને લઇ જતા વાહન પર લોકોના ટોળાએ હુમલાનો પ્રયાસ કર્યો હતો.

જલીલ આગામી પાલિકાની ચૂંટણી માટે પક્ષના ઉમેદવારો માટે બુધવારે બપોરે પ્રચાર કરી રહ્યા હતા ત્યારે જિન્સી વિસ્તારમાં આ ઘટના બની હતી.

અહીંના બૈજીપુરા વિસ્તારમાં હરીફ ઉમેદવારોને ટેકો આપતું એક જૂથ જલીલ તરફ ધસી ગયું હતું,

(જુઓ પાનું ૪) ▶▶

## મતદારોને મતદાન માટે પ્રેરિત કરવા વિવિધ માધ્યમોનો ઉપયોગ

મુંબઈ: આગામી મહાનગરપાલિકાની ચૂંટણીમાં મતદાનની ટકાવારી વધારવા માટે જનજાગૃતિ લાવવા મુંબઈ મહાપાલિકા દ્વારા વિવિધ માધ્યમોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. શાળા-સોસાયટી અને નાગરિકોની ભીડવાળાં સ્થળોએ વિવિધ ઉપક્રમો હાથ ધરવાની સાથે સોશ્યલ મીડિયા અને સિનેમાગૃહોમાં પણ મતદાનના સંદેશ આપવાની ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

મહાપાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ ૧૫ જાન્યુઆરીએ થનારી ચૂંટણીમાં ૧,૦૩,૪૪,૩૧૫ મતદાર મતદાન કરી શકશે. મતદારોને તેમના મતનું

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

